Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth, Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 110, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 25 SEPTEMBER, 2020 Vol. 16, No. 38 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## સેન્સેક્સમાં ૧૧૦૦ પોઈન્ટનો કડાકો

# રોકાણકારોના ૧૨ લાખ કરોડ ધોવાયા

## બજારના છઠ્ઠા ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સમાં લગભગ ૨૭૫૦ પોઇન્ટનું મોટું ગાબડું

નવી દિલ્હી : કોવિડ -૧૯ ના વધતા જતા કેસો અને વિદેશી ભંડોળના ભારે પ્રવાહના પગલે શેરબજારમાં અફરાતફરી મચી ગઈ છે. છેલ્લા છ સત્રમાં બજાર સતત ઘટ્યું છે અને આને લીધે રોકાણકારોના ૧૨ લાખ કરોડ રૂપિયાથી વધુ ડૂબી ગયા છે. આ ૬ ટ્રેડિંગ સેશન્સમાં બીએસઈ સેન્સેક્સ લગભગ ૨૭૫૦ પોઈન્ટ એટલે કે ૭% તૂટ્યો છે. ગુરુવારે, તે ૧૧૦૦ પોઈન્ટથી નીચે ઘટીને ૩૬,૫૫૩ ની સપાટીએ બંધ રહ્યો હતો.

નબળા માર્કેટ સેન્ટિમેન્ટને કારણે બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલ ઘટીને રૂ .૧૪૮.૮૫ લાખ કરોડ થયું છે, જે ૧૬ સપ્ટેમ્બરના રોજ રૂ. ૧૬૦.૦૮ લાખ કરોડ હતું. આઈઆઈએફએલ સિક્યોરિટીઝના હેડ ઓફ રિસર્ચ અભિમન્યુ સોફાતે જણાવ્યું હતું કે, "બજાર વધુ નીચે આવી શકે છે. સ્કોટલેન્ડ અને બ્રિટને કહ્યું છે કે તેઓ લોકડાઉન કરવાનું વિચારી રહ્યા છે. એવી આશંકાઓ છે કે ઘણા વધુ દેશો લોકડાઉન લાદી શકે છે. આને કારણે બજારમાં ગભરાટનો માહોલ છે. બીએસઈનો ૩૦ શેરો વાળા પ્રમુખ સેન્સેક્સ ૧૧૧૪.૮૨ પોઈન્ટ એટલે કે ૨.૯૬ ટકા તૂટીને ૩૬,૫૫૩.૬૦ પર



બંધ થયો છે. એનએસઈ નિફ્ટી પણ ૩૨૬.૩૦ એટલે કે ૨.૯૩ ટકાના ઘટાડા સાથે, ૧૦૮૦૫.૫૫ ની સપાટીએ બંધ રહ્યો હતો.

હિન્દુસ્તાન યુનિલિવર સિવાય, સેન્સેક્સના તમામ શેરમાં ઘટાડો થયો છે. ઈન્ડસઈન્ડ બેંકમાં સૌથી વધુ ૭ ટકાનો ઘટાડો થયો છે. બજાજ ફાઈનાન્સ, એમએએમ, ટેક મહિન્દ્રા, ટીસીએસ અને ટાટા સ્ટીલ સૌથી વધુ ઘટાડામાં હતા.

નિફ્ટીની ૪૯ કંપનીઓના રોકાણકારોએ છેલ્લા ૬ સત્રોમાં નાણાં ગુમાવ્યા છે. ઈન્ડસઈન્ડ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ અને ભારતી ઈન્ફ્રાટેલ અનુક્રમે ૨૧ ટકા, ૧૯ ટકા, ૧૫ ટકા અને ૧૪.૨૦ ટકા ઘટાડો આવ્યો છે. બીજી તરફ, ફક્ત ડો. રેડ્ડીના શેરમાં ૯.૩૦ ટકાની તેજી આવી છે.

વેપારીઓએ જણાવ્યું હતું કે અર્થવ્યવસ્થાને પુનર્જીવિત થવાની ચિંતા અને કેન્દ્રીય બેંકો તરફથી નવા પ્રોત્સાહનોના અભાવને લીધે વૈશ્વિક બજારોમાં વેચવાલીનો સિલસિલો શરૂ થયો હતો.

આ સિવાય અનેક અર્થવ્યવસ્થાઓમાં કોવિડ -૧૯ ના બીજા રાઉન્ડની સંભાવનાથી પણ ધારણાને અસર થઈ હતી. ઈન્ટરબેંક વિદેશી વિનિમય બજારમાં રૂપિયો ૩૨ પૈસા તૂટીને ૭૩.૮૯ રૂપિયા પ્રતિ ડોલર પર બંધ રહ્યો છે. દરમિયાન, વૈશ્વિક બેંચમાર્ક બ્રેન્ટ ક્રૂડ તેલ ૦.૨૨ ટકા તૂટીને ૪૧.૬૮ ડોલરના સ્તરે સ્થિર થયું છે.

સ્વદેશ
હવે આપના મોબાઈલમાં
દેશ વિદેશના પળેપળના સમાચાર, અજબ ગજબની વાતો, કોરોના વાઈરસને કારણે સર્જાયેલી ઘટનાઓ તથા રાજકારણ ધર્મ, સંસ્થાઓ અંગેના સમાચાર જાણવા આજેજ
App Store
તથા
Google Play
પરથી ડાઉનલોડ કરો
SWADESH NEWS

# કોરોના કાળમાં વિશ્વમાં ૫૦ કરોડ લોકોની નોકરી ગઈ

નવી દિલ્હી : આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને જણાવ્યું છે કે, કોરોના સંકટના કારણે સમગ્ર વિશ્વમાં ૫૦ કરોડ લોકોએ નોકરી ગુમાવી છે. એકલા ભારતમાં બે કરોડ લોકો બેરોજગાર બન્યા છે. કોરોના મહામારી અંદાજ કરતાં વધુ ભયાનક સાબિત થઇ રહી છે.

આઇએલઓના અંદાજ અનુસાર ૨૦૨૦ના વર્ષના પ્રથમ ૩ ત્રિમાસિકમાં વિશ્વભરમાં શ્રમિકોની આવકમાં ૧૦.૭ ટકા એટલે કે ૩.૫ ટ્રિલિયન અમેરિકન ડોલરનો ઘટાડો થશે. કોરોના મહામારીના કારણે કામના કલાકોમાં મોટા ઘટાડાના કારણે સમગ્ર વિશ્વમાં કામદારોની આવકમાં ઘટાડો થયો છે. આ આંકડામાં સરકાર દ્વારા અપાતી સહાયનો સમાવેશ કરાયો નથી.

આ દેશોમાં કામદારોની આવકમાં ૧૫.૧ ટકાનો ઘટાડો થયો છે. વૈશ્વિક મહાસત્તા ગણાતા અમેરિકામાં પણ કામદારોની આવકમાં ૧૨.૧ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૨૦ના પહેલાં ૯ મહિનામાં કામદારોના કામના કલાકોમાં ઘણો મોટો વધારો નોંધાયો છે. બીજા ત્રિમાસિકમાં કામના કલાકો ૧૭.૩ ટકા ઘટી ગયા છે. ત્રીજા ત્રિમાસિકમાં પણ કામના કલાકોમાં ૧૨.૧ ટકાનો ઘટાડો થયો છે જેનો અર્થ એ કે વિશ્વમાં ૩૪ કરોડથી વધુ લોકોએ નોકરી ગુમાવી છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી (સીએમઆઇએ)એ જણાવ્યું છે કે, ગયા સપ્તાહમાં ભારતમાં બેરોજગારીનો દર ઘટીને ૬.૪ ટકા થયો છે પરંતુ આ ઘટાડો ભ્રામક છે. તાજેતરના સપ્તાહોમાં બેરોજગારીના દરમાં થયેલો ઘટાડો અર્થવિહીન છે. લેબર પાર્ટિસિપેશન રેટ અને એમ્પ્લોઇમેન્ટ રેટમાં થઇ રહેલો ઘટાડો દર્શાવે છે કે આ પ્રકારના આંકડા ગેરમાર્ગે દોરનારા છે. છેલ્લા ૩૦ દિવસમાં લેબર પાર્ટિસિપેશન રેટ ૪૦.૯૬ ટકાથી ઘટીને ૪૦.૩ ટકા પર આવી ગયો છે.

RUMA LAW OFFICE
Real Estate Law
Family Law (Legal Aid Certificate Accepted)
Wills and Estates
Affidavit and Power of Attorney
Immigration Law
Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

Ready to make a move?
Exceptional service from TD
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

Residential
New Condos
Investments
Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
Real Estate
Litigation
Wills and Estates
Affidavit and Power of Attorney
Notarization
Family Law
Corporation / Commercial Transactions
Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં કોરોનાથી ૧૦૩૫ સંક્રમિત: ત્રણ મોત

ટોરોન્ટો : કેનેડામાં ગુરૂવારે કોરોનાથી વધુ ૧૦૩૫ નાગરિકો સંક્રમિત થવા સાથે ત્રણ દર્દીઓના મોત નિપજ્યાં હતા. કેનેડામાં કોરોનાનો બીજો તબક્કો શરૂ થતા સરકાર તેમજ પ્રશાસન ચિંતામાં મુકાય ગયું છે. ગુરૂવારે દિવસ દરમિયાન ઓન્ટેરિયોમાં ૪૦૯ નવા કેસ નોંધાયા હતા. જ્યારે ન્યૂબ્રુન્સવિકમાં બે દર્દી મળ્યા હતા. અહીં હજી પણ છ એક્ટિવ કેસ છે. આજે સૌથી વધુ કેસ ક્યૂબેક પ્રાંતમાં ૫૮૨ નોંધાયા હોવાના અહેવાલો છે. આ ઉપરાંત મેનિટોબામાં ૩૭ અને સાસ્કેચ્વાનમાં નવા પાંચ નાગરિકો કોરોનામાં સપડાયા હોવાનું જાણવા મળ્યું છે. ગુરૂવારે નોંધાયેલા ૧૦૩૫ દર્દીઓ સાથે દેશમાં કેસનો કુલ આંકડો ૧૪૮૭૮૮ થઈ ગયો છે. જ્યારે કુલ મૃતાંક ૯૨૪૬ થયો હતો. કુલ દર્દીઓ પૈકી ૧૨૮૩૪૪ દર્દીઓને સાજા કરવામાં મેડિકલ અને આરોગ્ય વિભાગની ટીમને સફળતા મળી છે. જોકે, દેશમાં હજી ૧૧,૧૯૮ કોરોનાના એક્ટિવ કેસ છે. જ્યારે સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ૮૬ જણાની હાલત અત્યંત ગંભીર બની ગઈ છે. કોરોનાના બીજા તબક્કાને કારણે મુશ્કેલી વધવાની શક્યતા છે.

### સૌથી વધુ ક્યૂબેકમાં ૫૮૨ દર્દીઓ મળ્યા: ૮૬ની હાલત ગંભીર

## કોવિડ-૧૯ના બીજા તબક્કા સામે ટકી રહેવા દરેક કેનેડિયને પ્રતિબદ્ધ થવું પડશે : PM ટ્રુડો

ઓટાવા : બુધવારે ટ્રુડોએ રાષ્ટ્રજોગ સંબોધનમાં જણાવ્યું હતું કે, કોવિડ -૧૯ના બીજા તબક્કા સામે ટકી રહેવા દરેક કેનેડિયને પ્રતિબદ્ધ થવું પડશે. પોતાના વકતવ્યમાં તેમણે અગાઉના સંબોધનોની ઘણી વાતો દોહરાવી હતી. જે થોડા કલાક પહેલા જ ગવર્નર જનરલ જયુલી પેટીએ કરી હતી. જેમાં કેનેડિયનોની આવકની સુરક્ષાની વાત હતી. ટ્રુડોએ પોતાના ઓટાવા કાર્યાલયમાંથી ટીવી સંબોધનમાં જણાવ્યું હતું કે, ફેડરલ સરકાર તમારી પડખે જ છે અને આ કટોકટીમાંથી બહાર આવવામાં તમને મદદરૂપ થશે. જસ્ટિન ટ્રુડોએ કહ્યું છે કે દેશમાં કોરોનાવાયરસની બીજી લહેર ચાલી રહી છે. બુધવારે જાહેર કરાયેલા એક નિવેદનમાં ટ્રુડોએ કહ્યું કે-વાયરસની બીજી લહેર શરૂ થવાની છે તે કહેવું યોગ્ય નથી. હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે તેની બીજી લહેર આપણા દેશમાં શરૂ થઈ છે. કેનેડિયન આરોગ્ય મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું કે દેશમાં ૧લાખ ૪૭ હજાર કેસ નોંધાયા છે. બુધવારે ૧૯ નવા કેસ નોંધાયા હતા.

### કટોકટીમાં નાગરિકોને મદદ કરવા વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની ખાતરી

## કોવિડ -૧૯ને પ્રસરતો રોકવા આ વર્ષે ટોરન્ટોમાં ક્રિસમસ માર્કેટ નહીં ભરાય

- આયોજકો પૈકી કેટલાકમાં ઈન્ફેકશનનું વધતું પ્રમાણ દેખા દેતા નિર્ણય લેવામાં આવ્યો

ટોરોન્ટો : ટોરોન્ટોની પ્રખ્યાત ક્રિસમસ માર્કેટ આ વર્ષે નહીં ભરાય. શહેરના ડિસ્ટીલરી હિસ્ટોરીક વિસ્તારમાં રજાના માહોલને ધ્યાનમાં રાખીને ભરાતી બજાર આ વર્ષે કોવિડ -૧૯ની મહામારીને કારણે નહીં યોજાય એમ ટોરન્ટોના મેયર જોન ટેરીએ સોમવારે બપોરે જણાવ્યું હતું.

પત્રકારો સાથેની વાતચીત દરમિયાન મેયરે કહ્યું હતું કે, આરોગ્ય અધિકારીઓએ બજારના આયોજકો પૈકી કેટલાકમાં ઈન્ફેકશનનું વધતું પ્રમાણ જોયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય એવા સમયે લેવાયો છે જયારે ગયા અઠવાડિયે જ ઓન્ટેરિયોની સરકારે જાહેરમાં લોકોના એકત્રિત થવાની મર્યાદામાં સુધારો કર્યો હતો. ગયા અઠવાડિયે જવલ્લે જ મળતી પત્રકાર પરિષદમાં પ્રિમિયર ડગ ફોર્ડે પ્રાંતમાં ઈન્ડોર મેળાવડાઓમાં ૧૦ જણાને અને આઉટડોર માટે ૨૫ લોકોને ફિઝીકલ ડિસ્ટન્સીંગ પાળવાની શરતે મંજુરીની જાહેરાત કરી હતી.

ટોરોન્ટો ક્રિસમસ માર્કેટ સૌથી વધુ લોકોની હાજરીવાળી ઈવેન્ટ છે જે રજાના સમયગાળામાં યોજાતી આવી છે. ૬ અઠવાડિયા સુધી ચાલનારી આ માર્કેટમાં અંદાજે સાત લાખથી વધુ લોકો મુલાકાતી તરીકે આવે છે.









# કોવિડ-૧૯નો બીજી તબક્કો છતાં બગીચા-બજારોમાં સોશિ. ડિસ્ટેન્સિંગનો અભાવ



## • કોવિડ-૧૯ના કારણે અમલમાં મુકાયેલા પ્રતિબંધોથી દેશના મોટાભાગના લોકો કંટાળી ગયા

ટોરોન્ટો : એક તરફ બાળકો માટે શાળાઓ ફરીથી શરૂ કરવાનું નક્કી થયું અને એ જ સમયે કેનેડામાં કોવિડ -૧૯ના એકટીવ કેસોમાં વધારો જોવા મળ્યો છે અને બીજા તબક્કાના સંજોગો ઉભા થઈ રહ્યા છે. આમ છતાં કેનેડિયનો એને અનુરૂપ બનીને ઘરોમાં રહેવાને બદલે ફીઝીકલ ડીસ્ટન્સીંગને ભુલીને બગીચાઓ અને બજારો જેવા જાહેર સ્થળોએ ટોળે વળી રહ્યા છે.

રવિવારે મીડિયા સાથેની વાતચીતમાં યુનિવસીટી ઓફ ટોરોન્ટોના ઈન્ફેકશન કંટ્રોલ એપીડેમીઓલોજિસ્ટ કોલિન ફર્નેસે કહ્યું હતુ કે, રવિવારે અને અન્ય દિવસોએ લોકોનો અભિગમ તો અમારે જેમ કરવું હોય તેમ જ કરીશું જેવો જ છે. એવું લાગે છે કે, લોકોએ પોતાની જવાબદારીમાંથી હાથ ઉંચા કરી દીધા છે અને કહે છે કે અમે તો હવે આ બાબતથી કંટાળી ગયા છીએ.

અમારે તો બહાર જવું જ છે, અમારે મિત્રોને મળવું છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ગુગલ અને એપલ તરફથી મળેલા ડેટા મુજબ કેનેડિયનો વધુને વધુ સમય પાર્કમાં અને બજારોમાં વિતાવે છે. ઘરોમાં ઓછો સમય રહે છે. લોકડાઉનમાં થોડી છૂટછાટ મળ્યા બાદ લોકોએ એનો દુરુપયોગ કરવાનું શરૂ કરી દીધું છે.

**મહામારી શરૂ થવા પહેલાની સરખામણીમાં કેનેડિયનો વધુ સમય પાર્કસમાં વીતાવે છે**

૧૧મી સપ્ટેમ્બરના તાજા અહેવાલ મુજબ મહામારી શરૂ થવા પહેલાની સરખામણીમાં કેનેડિયનો ૧૫૧ ટકા સમય પાર્કસમાં વીતાવે છે. એ રીતે જ બજારોની ગતિવિધિઓ પણ ૮૦ ટકા શરૂ થઈ ગઈ હોવાથી લોકો વધુ સમય ત્યાં પણ વિતાવી રહ્યા છે.




# મેળાવડાની તપાસ માટે ટોરોન્ટો પોલીસ દ્વારા ટીમનું ગઠન

## ઈન્ડોર માટે ૧૦, આઉટડોર માટે ૨૫ નાગરિકો ભેગા થવાની જોગવાઈ : કાર્યક્રમો અટકાવવાની સત્તા અધિકારીઓને અપાઈ

ટોરોન્ટો : શિક્ષણ સિવાયના હેતુ માટે યોજાતા મેળાવડાઓની ફરિયાદોની તપાસ માટે ટોરોન્ટો પોલીસે ખાસ અધિકારીઓની ટીમો બનાવી છે. ગયા અઠવાડિયે જ ફોર્ડ સરકારે વધુમાં વધુ લોકો એકત્ર થવાની સંખ્યા ઘટાડીને ઈન્ડોર માટે ૧૦ અને આઉટડોર માટે ૨૫ની જાહેર કરી હતી. જેના ભંગ બદલ દંડની રકમ પણ ૧૦૦૦૦ યુએસ ડોલરની કરી હતી. જે આવા મેળવાડાઓના આયોજકો પાસેથી વસુલવામાં આવશે.

નવી મર્યાદામાંથી સ્ટાફડ બિઝનેસને મુકિત અપાઈ છે. સોમવારે બપોરે વચગાળાના પોલીસ વડા જેમ્સ રામેરે પત્રકારોને જણાવ્યું હતું કે, ટોરોન્ટો પોલીસ કોવિડ -૧૯ સંબંધિત ફરિયાદો પર ખાસ ધ્યાન આપી રહી છે અને તપાસ માટે અધિકારીઓની વિશેષ ટીમો બનાવીને ટોરોન્ટોના જાહેર આરોગ્ય વિભાગ સાથે સંકલન કરીને જરૂરી પગલા લેશે. જેનો આશય અત્યારની પરીસ્થિતિમાં જેની પ્રાથમિકતા છે એવા નિયમોનું કડક રીતે પાલન થાય અને ભંગ બદલ મોટો દંડ વસુલી શકાય એવો છે.

ઘરોમાં કે બહાર યોજાતા ગેરકાયદે મેળાવડાઓને અટકાવવાની સત્તા આ અધિકારીઓને રહેશે. હવે લોકોમાં માત્ર જાગૃતિ ફેલાવવાનો જ આશય નથી, પણ નિયમોનું કડકપણે પાલન થાય એવો છે. તેમણે એમ પણ કહ્યું કે, લોકોની સુરક્ષા માટે આ બાબતો જરૂરી પણ છે.

દરમિયાન આરોગ્ય અધિકારીઓ મોટા સામાજીક મેળાવડાઓની જાણકારી મેળવી એને શોધી રહ્યા છે. જેને કારણે કોવિડ -૧૯ના પ્રસારને વધુ તક મળતી હોય છે.

તેમણે એમ પણ કહ્યું કે, અગાઉની ૫૦ લોકોની ઈન્ડોર માટે અને ૧૦૦ લોકોની આઉટડોર માટેની મર્યાદા હતી. જે હવે ઘટાડી દેવામાં આવી છે. કેમકે કોવિડ -૧૯ને આગળ વધતો અટકાવવા આ પગલા જરૂરી છે.

# ઝેર સાથે પત્ર મોકલવા મામલે મહિલા વિરુદ્ધના આરોપોની ચકાસણી કરાશે



**કયુબેકની મહિલા ફેરીરની અટકાયત બાદ વધુ ૬ પત્ર વ્હાઈટ હાઉસને મળ્યા, મહિલાને ફરી સોમવારે કોર્ટમાં હાજર રહેવા આદેશ**

ટોરોન્ટો : કયુબેકની મહિલા ફેરીરને અમેરિકન રાષ્ટ્ર પ્રમુખને ધમકી સાથેનો ઝેર સાથેનો પત્ર વ્હાઈટ હાઉસમાં મોકલવાના ગુના બદલ ન્યુયોર્કના બફેલો ખાતેની અદાલતમાં રજુ કરવામાં આવી હતી. બફેલોની યુ.એસ. અટોર્ની ઓફિસના ટીમોથી લિન્ચે ડીસ્ટ્રીકટ કોર્ટના જજ કેનેથ શ્રોડર જેનિયરને કહ્યું હતુ કે, ફરિયાદ પક્ષ ફેરીરની અટકાયતને લંબાવવાની માંગણી કરે છે કેમ કે જે પ્રકારના આરોપો તેની સામે લગાડવામાં આવ્યા છે તે ગંભીર છે. એટલે ગમે ત્યારે ભાગી શકે એવી સંભાવનાને જોતા એની કસ્ટડી લંબાવવામાં આવે.

અમેરીકા ખાતેના અધિકારીઓ કહે છે કે, વોશિંગ્ટન ડી.સી. મોકલવામાં આવેલા પત્રને ૧૮મી સપ્ટેમ્બરે એ વ્હાઈટ હાઉસ પહોંચે એ પહેલા આંતરી લેવાયો હતો. ફેરીર માટે બચાવની દલીલ કરતા સરકારી વકીલ ફોન્ડા કુબિઆકે સુનાવણી શરૂ થતાં પહેલા કહ્યું હતું કે, જેનો બચાવ કરવાનો છે ફેરીર ખરેખર આ જ છે કે નહીં એની ખાતરી થવી જરૂરી છે. ન્યાયાધીશે ફેરીરને જણાવ્યું હતું કે, આ તબક્કે એણે નિર્દોષ હોવાની અરજી કરવી જરૂરી નથી. સોમવારે એને ફરીથી અદાલતમાં હાજર રહેવા જણાવ્યું છે. જો જરૂરી બને તો જજ પોતે જ એવી અરજી દાખલ કરશે. તેના વકીલે અદાલતની બહાર એમ કહ્યું હતું કે, એ નિર્દોષ હોવાની માન્યતા છે. જે આવનારા દિવસોમાં પુરવાર થશે.

એફબીઆઈએ કહ્યું હતું કે, આવા બીજા છ પત્રો ટેકસાસ પણ મોકલવામાં આવ્યા હતા. જેની ભાષા અને ઝેરી પાઉડર એક સરખો જ હતો. જે ફેરીરની અટકાયત બાદ મોકલાયા હતા.

# કેનેડિયનો આંગણાઓના તાપમાનને જાળવવા માટે વધુ હીટર્સ લગાડશે

ટોરોન્ટો : જેમ જેમ હવામાન ઠંડુ થશે તેમ તેમ કોવિડ -૧૯ના કેસ ફરીથી વધશે એ વાતને ધ્યાનમાં રાખીને વધુને વધુ કેનેડીયનોએ પોતાના ઘરના આંગણાઓના તાપમાનને વધારવા હીટર્સ લગાડી રહ્યા છે. આ કારણે આંગણા માટેના હીટર્સની માંગમાં ઘણો વધારો થયો છે અને રીટેલર્સ માટે એ પુરી કરવી મુશ્કેલ બની રહી છે.આ જાણકારી રીટેલ કાઉન્સીલ કેનેડાએ આપી હતી. કાઉન્સીલના વાઈસ પ્રેસિડેન્ટ કાલ લિટલરે કહ્યું હતું કે,' માંગ એટલી વધી ગઈ છે કે હવે સ્ટોક પુરો થઈ રહ્યો છે આ માંગ વ્યાપારીઓ અને સીધા ગ્રાહકો તરફથી આવી રહી છે. ટોરોન્ટોની કેથેરીન મિલર મોર્ટે કહ્યું કે, તેણે પોતાના ઘર માટે એટલા માટે હીટર ખરીદ્યુ છે. જેથી બાળકો આંગણામાં પોતાના મિત્રો સાથે શિયાળાના દિવસોમાં રમી શકે. બાળકોના આનંદને જાળવી રાખવા આ જરૂરી પણ છે. કેમ કે ઘરમાં એમને રમવાથી એમને મઝા નહીં આવે. તેણે એમ પણ કહ્યું કે, હીટર માટે તેણે ઘણી દુકાનો ફરવી પડી અને થોડો સમય વધારે લાગી ગયો.

**ઠંડા હવામાનમાં કોવિડ-૧૯નું સંક્રમણ વધવાની ભીતિ**

હોમ ડેપો કેનેડા નામના એક રીટેલરે કેનેડિયન પ્રેસને જણાવ્યું હતું કે, આઉટડોર હીટર્સની માંગમાં અને ફાયર પીટ અને ફાયર ટેબલ્સની માંગમાં લોકોનો રસ વધી રહ્યો છે. કોમ્યુનિકેશન્સ મેનેજર એલિસા હોએ કહ્યું હતું કે, ગ્રાહકો ગયા વર્ષેની સરખામણીમાં વધુ આઉટડોર રીટર્સ ખરીદી રહ્યા છે.

# કોરોનાને પગલે ગરીબી, ભૂખમરો અને બેરોજગારી બન્યા મોટા પડકાર

**તંત્રી સ્થાનેથી**



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

કોરોના એ ૨૦૨૦માં સમગ્ર દુનિયામાં પર ત્રાટકેલું વાયરસરુપી સૌથી ભયંકર કેર છે. જેને કારણે દુનિયાના દરેકને તેની અસર થઈ છે. પરંતુ કોરોનાનો સૌથી વધારે માર ગરીબ બાળકોને પડયો છે. સંયુકત રાષ્ટ્રની પેટાસંસ્થા યુનિસેફ અને સેવ ધ ચિલ્ડ્રન તરફથી પ્રકાશિત રિપોર્ટ કહે છે કે, કોરોના સંકટને કારણે ૧૫ કરોડથી વધારે બાળકો ગરીબીમાં ધકેલાઇ ગયા છે. મહામારી અને એના કારણે લાગુ કરવામાં આવેલા લૉકડાઉનના કારણે ઓછી અને મધ્યમ આવકવાળા દેશોમાં ગરીબીમાં રહેતા બાળકોની સંખ્યા વધીને ૧.૨ અબજ થઇ ગઇ છે. લૉકડાઉનના કારણે વાયરસના સંક્રમણને અટકાવવામાં મદદ મળી છે. પરંતુ એના માઠા પરિણામો સામે આવી રહ્યાં છે. ગરીબીને લઈને દુનિયાભરમાં ઉદાસીનતા છે એ જોતાં ૧૫ કરોડ બાળકોના આંકડાને લોકો કદાચ ગંભીરતાથી નહીં લે, પરંતુ કોરોનાના કારણે આવનારા સંકટનો અછડતો અંદાજ લગાવી શકાય છે. મહામારીને કારણે દુનિયામાં ભૂખમરાની સ્થિતિ અત્યંત ચિંતાજનક બની રહી છે. ખોરાક ન મળવાને કારણે દર મહિને દસ હજારથી વધારે બાળકોના મૃત્યુ નીપજી રહ્યાં છે.

યૂ.એન.ના એક રિપોર્ટમાં નોંધાયું કે, ગામડાઓમાં પેદા થયેલા ઉત્પાદનો બજાર સુધી પહોંચી શકતા નથી અને ગામડાઓમાં ખાદ્ય અને મેડિકલ સપ્લાય પહોંચી શકતા નથી. વાઈરસના કારણે થયેલી ભોજન સામાગ્રીના સપ્લાયમાં અડચણ ઉભી થતાં એક વર્ષમાં એક લાખ વીસ હજાર બાળકોના મૃત્યુ નીપજી શકે છે. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા અનુસાર દર મહિને સાડા પાંચ લાખથી વધારે બાળકો કુપોષણના શિકાર બને છે. યૂ.એન.ની ચાર એજન્સીઓએ ચેતવણી આપી છે કે, વધી રહેલા કુપોષણના લાંબા ગાળાના પરિણામ ભારે નુકસાનકારક હોઈ શકે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા અનુસાર કોરોના સંકટની ખાદ્ય સુરક્ષા પરની અસરો વર્ષો સુધી દેખાવાની છે. વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક હોવા છતાં ભારતમાં ભૂખમરો મોટી સમસ્યા છે. સરકારના વિકાસના દાવાઓ વચ્ચે દેશમાં ભૂખમરો સતત વધી રહ્યો છે અને ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ભારતનું સ્થાન નીચું જઈ રહ્યું છે. ભૂખમરાનો માર ઝીલી રહેલા દેશો હાંસિયામાં ધકેલાઇ ગયા છે. યૂ.એન.ના જ એક રિપોર્ટમાં વૈશ્વિક ભૂખમરા વિશે કહેવામાં આવ્યું હતું કે, ગયા વર્ષ કરતા આ વર્ષે ભૂખમરાના શિકાર લોકોની સંખ્યા એક કરોડ વધી ગઈ છે. એવામાં કોરોના મહામારીના કારણે આ વર્ષે આશરે ૧૩ કરોડ લોકો ભૂખમરામાં ધકેલાઇ શકે છે.

સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીનો રિપોર્ટ બતાવે છે કે, કોરોનાને કારણે લાગુ થયેલા લૉકડાઉનથી ભારતમાં આશરે ૧.૮૯ કરોડ લોકોએ નોકરી ગુમાવી છે. તાજેતરમાં જ સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના રિપોર્ટ અનુસાર લૉકડાઉનના કારણે દેશમાં આશરે ૧.૮૯ કરોડ લોકોએ નોકરી ગુમાવી છે. માત્ર જુલાઈ મહિનામાં જ ૫૦ લાખ લોકોએ નોકરી ગુમાવવાનો વારો આવ્યો હતો. બેરોજગારીનો દર માર્ચના મધ્યમાં ૮.૪ ટકા હતો જે એપ્રિલમાં વધીને ૨૩.૪ ટકા જેટલો થઈ ગયો હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના જણાવ્યા અનુસાર તો દેશમાં પહેલેથી જ બેરોજગારીનું સંકટ ગંભીર બની ગયું હતું. પરંતુ કોરોના વાઈરસની મહામારી અને લૉકડાઉન શરૂ થયા પછી તો દેશમાં બેરોજગારીના આંકડામાં મોટો ઉછાળો આવ્યો છે. કોરોના વાઈરસના કારણે આખી દુનિયામાં ૨૪ કરોડથી વધારે નોકરીઓ જઈ શકે છે. આ આંકડો એક દાયકા પહેલાં આવેલી વૈશ્વિક મંદી દરમિયાન ગયેલી નોકરીઓ કરતા સાત ગણો વધારે છે. થોડા વખત પહેલા ઓક્સફોર્ડ ઈકોનોમિક્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, કોરોના મહામારીને કારણે વર્ષ ૨૦૨૦માં વૈશ્વિક અર્થવ્યવસ્થાને ૭૮ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે.

# મોદી સરકારના કૃષિ કાયદાથી વિવાદ, દેશમાં વિરોધનો સૂર

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના કૃષિ અને ખેડૂતોને લગતા ત્રણ ખરડા મુદ્દે રાજકીય જંગ શરૂ થઈ યો છે. શાસક અને વિપક્ષ આ મુદ્દે સામસામે છે. મોદી સરકારે જૂન મહિનામાં આ અંગેના ત્રણ વટહુકમ બહાર પાડ્યા ત્યારે જ કકળાટ શરૂ થઈ ગયો હતો. ખેડૂત સંગઠનો આ વટહુકમો સામે તલવાર તાણીને મેદાનમાં આવી ગયા હતા. આ સુધારા ખેડૂત વિરોધી ગણાવીને પાછા ખેંચી લેવા ઉગ્ર માગણી શરૂ થઈ હતી. હરિયાણા અને પંજાબ એ બે રાજ્યો ખેતી પર નભે છે તેથી ત્યાં સૌથી વધારે વિરોધ હતો. તકનો લાભ લેવા માટે કૉંગ્રેસ સહિતના રાજકીય પક્ષો પણ કૂદી પડ્યા. તેમાં આ મુદ્દે ઘમાસાણ ચાલુ થઈ ગયું. જૂન મહિનામાં લોકડાઉન સંપૂર્ણ નહોતું ઉઠાવાયું. કોરોનાનો ડર પણ હતો તેથી એ વખતે ખેડૂતોના નેતાઓ નિવેદનબાજી કરીને વિરોધ કર્યા કરતા હતા. આથી વિરોધ બહુ ઉગ્ર નહોતો લાગતો. મોદી સરકારને લાગ્યું કે, મુઠ્ઠીભર નેતાઓ કકળાટ કર્યા કરે છે તેથી તેમની વાતને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખીને આ વટહુકમોને કાયદા બનાવવા જોઈએ. આખરે આ ખરડા લોકસભામાં રજૂ પણ કરી દેવાયા. મોદી સરકારે ૧૩ સપ્ટેમ્બરે પહેલો ખરડો પસાર કર્યો અને ગુરૂવારે બીજા બે ખરડા પસાર કરી દીધા.આ સાથે જ વિપક્ષો અને ખેડૂત સંગઠનો પૂરી તાકાતથી આંદોલન કરવા મંડી પડ્યા છે. હરિયાણા અને કૉંગ્રેસમાં આ આંદોલનની અસર વધારે છે. પંજાબમાં કૉંગ્રેસની સરકાર છે અને કેપ્ટન અમરિન્દરસિંહ મુખ્યમંત્રી છે. કેપ્ટને આ આંદોલનને ખુલ્લો ટેકો આપી દેતાં ભાજપનો સાથી અકાલી દળ સલવાઈ ગયો. પંજાબમાં મોટી મતબેંક ખેડૂતોની છે અને ખેડૂતો જેના પડખે રહે તેની જીત થતી હોય છે. કેપ્ટને તક જોઈને ખેડૂતોના પડખે ઉભા રહી ગયા તેથી અકાલી દળને લાગ્યું કે, કેપ્ટન આપણો ગરાસ લૂંટી લેશે તેથી અકાલી દળ પણ ખેડૂતોના પક્ષે કૂદી પડ્યો છે. બાદલે પોતાની પત્નીને સરકારમાંથી રાજીનામું આપી દેવડાવ્યું છે.

પંજાબમાં ૨૦૨૨ના માર્ચમાં વિધાનસભાની ચૂંટણી છે એ જોતાં દોઢ વર્ષ બચ્યું છે. અકાલી દળે ફરી સત્તામાં આવવું હોય તો તેણે દોઢ વર્ષ જોર કરવું પડે એમ છે. મોદી આ કાયદાને ખેડૂતોને વચેટિયાઓ સામે અપાતું સુરક્ષા કવચ ગણાવે છે. ત્યારે વિપક્ષોનું કહેવું છે કે, આ કાયદાથી મોટા ખેડૂતો અને જેમનામાં પોતાનો

અનુસંધાન પેજ નં. ૧૯



manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# ગ્રાહકોની બાબતો પારખવામાં ક્રેડીટ કાર્ડ કંપનીઓ નિષ્ફળ

## ઓનલાઈન સેવા સમયસર ન મળતા મુશ્કેલી : વસંતઋતુમાં દર ચારમાંથી એક કેનેડિયન ક્રેડીટકાર્ડ ધારક ચુકવણું નહીં કરી શકે

ટોરોન્ટો : જે. ડી. પાવર દ્વારા ગુરૂવારે જાહેર કરાયેલા એક સર્વેક્ષણના તારણમાં જણાવવામાં આવ્યું હતું કે, મોટી ક્રેડીટ કાર્ડ કંપનીઓના ચાર પૈકી એક કાર્ડધારક એવો હશે જે આ વસંતમાં માસિક ચૂકવણું નહીં કરી શકે. જે.ડી.પાવરે મે અને જુન માસમાં ૬૭૦૦થી વધુ ક્રેડીટ કાર્ડ ધારકોનો સરવે કર્યો હતો. જેમાં જાણવા મળ્યું હતું કે, કોવિડ -૧૯ની મહામારી દરમિયાન જેમની આવક બંધ થઈ ગઈ હતી, એવા લોકો પોતાની ક્રેડીટ કાર્ડ કંપનીથી સંતુષ્ટ નથી.



જે. ડી. પાવરના ડાયરેકટર ઓફ બેંકીંગ એન્ડ પેમેન્ટસ ઈન્ટેલિજન્સ જોન કાબેલે કહ્યું હતું કે, કેનેડિયન ક્રેડીટ કાર્ડ કંપનીઓ ગ્રાહકોને અસર કરનારી બાબતોને પારખવામાં નિષ્ફળ ગઈ છે. ખાસ કરીને ગ્રાહકો જે બાબતોને વધુ મહત્વ આપે છે, તેમાં એમની ક્રેડીટ લિમીટ, વ્યાજના દર માટેની શરતો છે. સામે પક્ષો ગ્રાહકોની અપેક્ષાઓ હોય છે અને હાલમાં તો ગ્રાહકો એના વિશે જ વધુ સંવેદનશીલ જોવા મળી રહ્યા છે, એમ કાબેલે અમેરીકાથી ફોન પર આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું.

જે. ડી. પાવરે કહ્યું હતું કે, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ક્રેડીટકાર્ડની સંતોષકારકતા સાવ ઘટી ગઈ છે. જેને કારણે જ ગ્રાહકો પણ કંપનીઓથી ઓછા સંતુષ્ટ છે. કેમ કે, કંપનીની ઓનલાઈન હેલ્પ અને કોલ સેન્ટરની સેવાઓ પણ ઝડપી નથી અને એમાં વધુ સમય લાગતો હોવાથી પણ ગ્રાહકો પરેશાની અનુભવે છે. સામાન્ય રીતે કોલ સેન્ટરમાં આઠ મિનીટ લાગતી હોય છે જે મહામારી દરમિયાન વધીને બાર મિનીટ થઈ ગઈ છે. આ વાર્ષિક સરવેમાં ક્રેડીટ કાર્ડના ફાયદાઓ, શરતો, ગ્રાહકો સાથેના સંબંધો અને ગ્રાહકોને અપાતા પ્રોત્સાહનો જેવી બાબતો તેમજ કોવિડ -૧૯ મહામારીને કારણે લોકોને ચુકવણી માટે વધુ સમય આપવાનો પણ સમાવેશ થતો હતો.

મે અને જુન માસનો સરવે જણાવે છે કે, ઘણા કાર્ડધારકો હવે તેમના ચુકવણા કરવાનું શરૂ કરી રહ્યા છે જે ઉનાળાથી બાકી હતા.

# કેનેડામાં ગાંજામાંથી કોરોનાની દવા બનાવાઈ, ભારતમાં ટ્રાયલની ઈચ્છા

**• દવા કંપની દ્વારા ભારત સરકાર સાથે વાતાઘાટ ચાલુ કરાઈ**

ઓટાવા : હવે કોરોના વાઈરસની સારવાર કેનાબિસ એટલે કે ગાંજામાંથી કરવામાં આવશે. કેનેડાની એક દવા કંપનીએ એક એવી દવા બનાવી છે. જે કોરોના વાઈરસ માટે બનાવવામાં આવેલી વેક્સિનની જેમ સાઈડ ઈફેક્ટ પણ કરશે નહીં. આ સિવાય આ કોરોના વાઈરસના કારણે થનારી હૃદય સંબંધિત બીમારીઓથી પણ બચાવશે. હાલ આ કંપની ભારતમાં પોતાની દવાની માણસ પર ટ્રાયલ માટે ભારત સરકાર સાથે વાત કરી રહી છે. કેનેડાની દવા કંપની અકસીરાનું માનવુ છે કે, ગાંજામાંથી બનનારા ઉત્પાદન અમેરિકાના કેટલાક રાજ્યોમાં માન્ય છે. કેનેડામાં પણ કેટલાક રાજ્યોમાં ગાંજાને લીગલ જાહેર કરવામાં આવ્યો છે. આનાથી બનનારી દવાઓમાં સાઈકોએક્ટિવ પ્રોપર્ટી હોય છે. આ માનવના તંત્રિકા તંત્રને આરામ આપે છે. જેના કારણે શરીરના અન્ય ભાગોમા થનારા દર્દ અને મુશ્કેલીઓથી પણ રાહત મળે છે. કોરોના વાઈરસથી સંક્રમિત લોકોને હૃદય સંબધિત બીમારી થાય છે. જેને એરિથમિયા કહે છે. આ બીમારીમાં હાર્ટબીટ યોગ્ય રીતે ચાલતા નથી. ક્યારેક ઝડપી ક્યારેક ધીમા ચાલે છે. જ્યારે સામાન્ય રીતે હૃદયના ધબકારા એક સામાન્ય ફ્લોમાં ચાલે છે. જો આની યોગ્ય સમયે તપાસ કરવામાં આવે નહીં તો હાર્ટ એટેક આવવાની શંકા રહે છે અથવા હૃદય સંબંધિત અન્ય ગંભીર બીમારીઓ થઈ શકે છે.







# ગુજરાતમાં કોરોના વાયરસનાં વધુ ૧૪૦૮ કેસ નોંધાયા : ૧૪નાં મોત

**• અત્યાર સુધીમાં ૩૩૮૪ લોકોનાં મૃત્યુ, ૧૦૯૨૧૧ લોકો ડિસ્ચાર્જ કુલ ૮૯ લોકો વેન્ટિલેટર ઉપર છે**



ગાંધીનગર : રાજ્યમાં ગુરુવારે ૬૧,૯૦૪ કોરોનાના ટેસ્ટ કરાતા ૧૪૦૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૧,૨૮,૯૪૯ થયો છે. ગુરુવારે ૧૪ દર્દીઓના કોરોનાને લીધે મોત થતા કુલ મૃત્યુઆંક ૩૩૮૪ થયો છે. ગુરુવારે ૧૫૧૦ દર્દીઓ સાજા થતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૧૦૯૨૧૧ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૩૫૪ એક્ટિવ કેસ છે. જેમાં ૮૯ વેન્ટીલેટર પર ૧૬૨૬૫ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૦ લાખને પાર ૪૦,૪૮,૨૭૪ ટેસ્ટ થયા છે અને સાજા થવાના દર ૮૪.૬૯ ટકા થયો છે. આજની સ્થિતિએ કુલ ૫,૯૮,૯૯૬ કુલ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કર્યા છે. જેમાં ૫,૯૮,૬૧૨ લોકોને હોમ ક્વોરન્ટાઈન અને ૩૮૪ લોકોને ફેસીલીટી ક્વોરન્ટાઈન કરવામાં આવેલ છે. રાજ્યમાં ગુરુવારે કોવિડ-૧૯ના લીધે ૧૪ દર્દીના મોત થયા છે. જેમાં અમદાવાદમાં ૩, સુરત જિલ્લામાં ૨ અને શહેરમાં ૩, રાજકોટ શહેરમાં ૨ અને જિલ્લામાં ૧, વડોદરામાં શહેર અને જિલ્લામાં ૧-૧, ગાંધીનગરમાં ૧ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૬ અને જિલ્લામાં ૨૭ સાથે ૧૮૩ કેસ કોરોનાના ગુરુવારે નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૫૬૭૨ થયો છે. જ્યારે ગુરુવારે ૩ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૭૯૫ પર પહોંચ્યો છે. સુરત શહેરમાં ૧૭૬ અને જિલ્લામાં ૧૦૨ સાથે કુલ ૨૭૮ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૭ હજારને પાર થઈ ૨૭૧૯૨ થયો છે. ગુરુવારે ૫ દર્દીના મોત થતા મૃત્યુઆંક ૭૫૧ થયો છે. વડોદરા શહેરમાં ૯૧ અને જિલ્લામાં ૪૨ સાથે ૧૩૩ કોરોનાના કેસ નોંધાયા છે. ગુરુવારે ૨ના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૭૪ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૨ અને જિલ્લામાં ૪૫ સાથે ૧૪૭ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંક ૮૩૧૭ થયો છે.

# સુરતની નવી સિવિલ તેમજ સ્મીમેરમાં કોરોનાના ૧૨૯ દર્દીની હાલત ગંભીર

સુરત- સુરત શહેરમાં કોરોના યથાવત છે. આવા સંજોગોના લીધે ગંભીર હાલતના દર્દીઓની સંખ્યામાં ધીરેધીરે ઘટાડો થઈ રહ્યો છે. નવી સિવિલ ખાતે કોવિડ વોર્ડમાં આજરોજ ૧૧૬ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તે પૈકી ૮૨ દર્દીઓની હાલત ગંભીર છે જેમાં ૧૦ વેન્ટિલેટર, ૧૬ બાઈપેપ અને ૫૬ દર્દીઓ ઓક્સિજન પર છે. જ્યારે સ્મીમેર હોસ્પિટલમાં ૫૬ કોરોના પોઝિટિવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તે પૈકી ૪૭ દર્દીઓની હાલત ગંભીર છે. જેમાં ૪ વેન્ટિલેટર, ૨૦ બાઈપેપ અને ૨૩ દર્દીઓ ઓક્સિજન પર છે. જેથી બંને હોસ્પિટલ ડોક્ટરો અને નર્સીંગ સ્ટાફ સહિતની ટીમ રાતદિવસ ખડે પગે દર્દીઓની સારવાર આપી રહ્યા છે. બીજી તરફ સુરતમાં ઈન્જેક્શન કૌભાંડ ફરી બહાર આવ્યું છે.

પ્રાઈવેટ અને સિવિલ હોસ્પિટલના નામે ઈન્જેક્શનનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. જાગૃત નાગરિક તુસાર મેપાણી એ પુરાવા સાથે આ અંગે ફરિયાદ કરી છે. જેમાં ટોસિલિઝુમેબ ભ્રષ્ટાચારની કિંમત ૩૧,૦૦૦થી લઈ ૫૮,૦૦૦ જ્યારે રેમેડીસીવીર ઈન્જેક્શનની કિંમત ૪૮૦૦થી લઈ ૬૦૦૦ રૂપિયામાં વેચવામાં આવે છે. સમગ્ર મામલે તુષારભાઈએ આરોગ્ય મંત્રીને ફરિયાદ કરી હતી.

## ૩૬૨ પી.જી.રેસિડેન્ટ ડોક્ટરોની નિમણૂક કરાઈ

રાજ્ય સરકારે કૉવિડ–૧૯ પેન્ડેમિક સમયગાળામાં રાત – દિવસ જોયા વિના કામ કરી રહેલા તબીબોની કામગીરીની સહાનુભૂતિપૂર્વક સરાહના કરી છે. એટલું જ નહીં ૩૬૨ જેટલા પોસ્ટ ગ્રેજ્યુએશનના ફાઇનલ ઇયર પાસ આઉટ રેસિડેન્ટ ડોક્ટરોનું તેમની મેડિકલ કોલેજોમાં જ કેમ્પસ પ્લેસમેન્ટ કરીને જે તે જિલ્લાના કલેક્ટરો દ્વારા તજજ્ઞ તબીબો તરીકે નિમણૂક આપવામાં આવી છે. આરોગ્ય વિભાગે સરકારી મેડિકલ કોલેજોમાંથી સ્નાતક કે અનુસ્નાતકનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હોય તેવા તબીબોને બોન્ડ અન્વયે બજાવવાની થતી સેવાઓમાં પણ સારા એવા પ્રમાણમાં છૂટછાટો આપી છે.









સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગુજરાતમાં કોરોના ટેસ્ટિંગ કિટ પાછળ રૂપિયા ૧૬૧ કરોડથી વધુનો ખર્ચ કરાયો

અમદાવાદઃ ગુજરાતમાં પ્રતિ ૧૦ લાખની વસતીએ ૫૫૦૯૭ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે જ્યારે સમગ્ર ભારતમાં પ્રતિ ૧૦ લાખ વસતીએ ટેસ્ટની સંખ્યા ૪૫૨૫૦ જેટલી છે. ગુજરાતમાં ૧૦ લાખની વસતીએ કોવિડ-૧૯ના કેસની સંખ્યા ૧૮૩૧ છે, જેની સામે સમગ્ર દેશમાં પ્રતિ ૧૦ લાખની વસતીએ કેસની સંખ્યા ૩૮૪૬ છે. ગુજરાત મેડિકલ સર્વિસિસ કાર્પોરેશન દ્વારા દવાઓ માટે રૂ. ૬૯.૪૨ કરોડ, તબીબી સાધનો માટે રૂ. ૧૩૦.૪૧ કરોડ, કોરોના વાયરસના પરીક્ષણની ટેસ્ટિંગ કિટ માટેરૂ. ૧૬૦.૮૭ કરોડ એમ કુલ રૂ. ૩૬૦.૭૧ કરોડની ખરીદી કરાઈ છે તેમ તેમ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે. નીતિન પટેલે ઉમેર્યું કે, 'તમામ રાજ્યોમાં પ્રતિ મિલિયન કેસની સંખ્યા પણ ગુજરાત કરતાં ખૂબ જ વધારે છે. કોવિડ-૧૯ના ટેસ્ટમાં પોઝિટિવ રેટ એટલે કે ૧૦૦ ટેસ્ટની સામે આવતા પોઝિટિવ ટેસ્ટની સંખ્યા જોવામાં આવે તો તે સમગ્ર દેશમાં ૮.૫૦% જ્યારે ગુજરાતમાં ૩.૨૮% છે. ગુજરાતે ૫૦ હજારથી ૧ લાખ કેસ થવામાં લીધેલા સમયની સરખામણી અન્ય રાજ્યો કરતાં સારી છે. ૫૦ હજારથી ૧ લાખ કેસ થવામાં ગુજરાતને ૪૫ દિવસ જ્યારે મહારાષ્ટ્રને ૧૯-દિલ્હીને ૧૮-તમિલનાડુને ૧૫ દિવસનો સમય થયો હતો.

**અત્યારસુધી ૫૧.૭૨ લાખ કોન્ટેક્ટ ટ્રેસ કરાયા : સરકારનો દાવો**

# ગાંધીનગરમાં ચિકુનગુનિયાનો કેર એક જ દિવસમાં ૨૭ કેસથી ફફડાટ

ગાંધીનગરઃ કોરોના કાળ વચ્ચે છેલ્લા કેટલાંક દિવસોથી ગાંધીનગરમાં ચિકનગુનિયાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. મચ્છર કરડવાથી ચિકનગુનિયા થતો હોવાથી ખાસ કાળજી લેવા ડૉક્ટરોએ સૂચન કર્યું છે. આવામાં તાવ આવે, સાંધા દુ:ખે, શરીરમાં દુખાવો થાય એ ચિકનગુનિયાના લક્ષણ હોવાથી ખાસ સાવચેત રહેવા ડોક્ટરોની સલાહ છે. ગાંધીનગરમાં એક જ દિવસમાં ચિકનગુનિયાના ૨૭ કેસો સામે આવતા હડકંપ મચી જવા પામ્યો છે. તંત્ર દોડતું થઈ ગયું છે. રાજ્યમાં એકબાજુ કોરોના કહેર વરસાવી રહ્યો છે, ત્યારે બીજી બાજુ ચિકનગુનિયાના ૨૭ કેસ સામે આવતા તંત્ર સહિત લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. જો ચિકનગુનિયાના કેસો આમને આમ વધતા રહ્યા તો તંત્ર માટે કોરોના વચ્ચે ચિકનગુનિયાને કંટ્રોલમાં લાવવો મુશ્કેલ થઈ શકે છે. ગાંધીનગરમાં જે ૨૭ ચિકનગુનિયાના કેસો નોંધાયા છે, તે એક જ દિવસમાં સામે આવ્યા છે. હાલ તંત્રએ જે વિસ્તારમાં કેસો સામે આવ્યા છે, તે તપાસ શરૂ કરી દીધી છે. ગાંધીનગરના સેક્ટર- ૪, ૫, ૬માં ચિકનગુનિયાનો કાળો કહેર સામે આવ્યો છે.

## વડોદરા પાલિકાના ત્રણ કાઉન્સિલર, બે પૂર્વ કાઉન્સિલર કોરોનાગ્રસ્ત

વડોદરા : વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કોંગ્રેસના મહિલા કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલા તેમના પતિ માજી કાઉન્સીલર રાજુ વાઘેલા તથા તેમની દીકરી એક પછી એક બીમાર પડતા તેઓના કોરોના ટેસ્ટ કરાવવામાં આવતા તેઓનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. એ જ પ્રમાણે કોંગ્રેસના કાર્યકર દીક્ષિત રાણા જેઓ અગાઉ કોરોના પોઝિટિવ થયા હતા તે બાદ તેમના પત્ની કોંગ્રેસના મહિલા કાઉન્સિલર જાગૃતીબેન રાણાનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. આ ઉપરાંત કોંગ્રેસના પૂર્વ મહિલા કોંગ્રેસ પ્રમુખ અને કોર્પોરેટર હેમાંગિની બેન કોલેકર અને ભાજપના મહિલા કાઉન્સિલર મનુ રમાબેન ખરડે પણ કોરોના સંક્રમિત થયા છે.

## અમદાવાદમાં માસ્ક વગરના લોકોને ૫.૧૩ કરોડનો દંડ કરાયો

અમદાવાદ: છેલ્લા ત્રણ મહિનામાં અમદાવાદ પોલીસે ૧.૮૨ લાખ જેટલા અમદાવાદીઓ પાસેથી રૂ.૫.૧૩ કરોડનો દંડ વસૂલ કર્યો છે, જેમાં સૌથી વધુ ૧.૧૬ કરોડનો દંડ તો માત્ર ટ્રાફિક–પોલીસે જ વસૂલ કર્યો છે. અમદાવાદમાં રોજ સરેરાશ ૨૦૦ લોકો માસ્ક વગર પોલીસના હાથે ઝડપાય છે. સરખેજ વિસ્તારમાં સૌથી વધુ ૫૨૧૫ લોકો માસ્ક વગર ફરતા ઝડપાયા છે, જેમની પાસેથી પોલીસે ૧૩ લાખથી વધુનો દંડ વસૂલ કર્યો છે. જાહેરમાં માસ્ક ન પહેરવા અને થૂંકવા બદલ દંડ વસૂલવાની સત્તા પોલીસને આપ્યા બાદ રૂ. ૨૦૦થી હવે ૧૦૦૦નો દંડ વસૂલવામાં આવી રહ્યો છે, ત્યારે રોજના ૨૦૦ જેટલા લોકો માસ્ક વગર ઝડપાયા છે.

## કચ્છમાં કોરોનાના વધુ 33 કેસ, વધુ બેનાં મોત

ભુજ: દેશમાં કોરોના વાઇરસના પોઝિટિવ કેસોમાં આંશિક ઘટાડો થયો હોવાના અને કોરોનાની રફતાર ધીમી પડી હોવાના અહેવાલો વચ્ચે ભુજમાં ૧૨ અને ગાંધીધામમાં ૧૦ નવા કેસ સાથે કચ્છમાં આજે કોરોનાના વધુ 33 કેસ નોંધાયા છે. જયારે બે દર્દીનાં મોત નીપજ્યાં છે. ભુજ શહેરમાં ૧૦ અને તાલુકામાં ૨ મળી ૧૨ કેસ છે. ગાંધીધામ શહેરમાં ૧૦ કેસ નોંધાયાં છે. અંજાર શહેરમાં 3 અને તાલુકામાં ૧ મળી ૪, માંડવી શહેર અને તાલુકામાં એક–એક મળી ૨, ભચાઉ શહેરમાં ૧ કેસ નોંધાયા છે. લખપત, મુંદરા, નખત્રાણા અને રાપર તાલુકામાં એક–એક કેસ નોંધાયાં છે. નવા 33 કેસ સાથે કોરોનાના કુલ દર્દીનો આંકડો ૧૯૦૮ પર પહોંચી ગયો છે.

## આરોપીઓ અને કેદીઓના એન્ટિજન ટેસ્ટ કરાશે

ગાંધીનગર: ગુજરાતમાં કેદી કે આરોપીના કોરોનાના આરટી–પીસીઆર ટેસ્ટ કરવો ફરજિયાત નથી. કેદીઓ અને આરોપીઓના કોરોના ટેસ્ટને લઈને રાજ્યના આરોગ્ય વિભાગે આદેશ આપ્યો છે કે કેદી કે આરોપીના કોરોના ટેસ્ટ આરટી– પીસીઆર કરવો ફરજિયાત નથી. એને બદલે એન્ટિજન ટેસ્ટ કરાવી શકાશેજ આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ, અગાઉ આરોપીને કોર્ટમાં રજૂ કરતાં પહેલાં તેનો આરટી પીસીઆર ટેસ્ટ કરાવામાં આવતો હતો જેનો રિપોર્ટ બે દિવસે આવતો હોવાથી તેની પૂછપરછ અને અટકાયતમાં હાલાકી પડતી હતી. કેદીને કોર્ટમાં રજૂ કરવામાં પણ વિલંબ થતો હતો.

## મહેસાણામાં લોકોમાં જાગૃતતાના અભાવે વધુ ૩૨ કેસ નોંધાયા

મહેસાણા : બનાસકાંઠા જિલ્લામાં કોરોના વિસ્ફોટ જેવી સ્થિતિ સર્જાઇ છે. રોજના ૫૦થી પણ વધુ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. જ્યારે બનાસકાંઠાના ડીસા તાલુકામાં પણ કોરોના પોઝીટીવ કેસોમાં વધારો નોંધાતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. જેમાં મહેસાણામાં આજે ૩૨ તથા પાટણ જિલ્લામાં ૨૧ કેસો નોંધાતા કુલ ૧૦૪ કોરોના પોઝીટીવ થયા છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાઈરસને રોકવાના અનેક પ્રયત્નો નિષ્ફળ નીવડી રહ્યા હોય તેમજ છેલ્લા દશેક દિવસથી પોઝીટીવ કેસોનો આંક ચિંતાજનક હદે વધ્યો છે. જેમાં બુધવારે એક જ દિવસમાં વધુ ૫૧ કેસો સામે આવતા તંત્ર હરકતમાં મુકાયું છે.

# આણંદ જિલ્લામાં ૬ ગામોમાં લોકડાઉન, બપોરે ૧૨ વાગ્યા બાદ દુકાનો બંધ રહેશે

આણંદ : રાજ્યમાં કોરોના વાયરસના કારણે દરરોજ એક પછી એક ગામો, તાલુકા અને જિલ્લામાં સ્વૈચ્છિક લોકડાઉન પાળવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારે તો અનલોક કરીને છૂટછાટ આપવાનું શરૂ કરી દીધું છે, ત્યારે આણંદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો પગપેસારો થઈ રહ્યો છે. આણંદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો પગપેસારો થતા ૬ ગામોમાં સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે, જેના કારણે બપોરે ૧૨ વાગ્યા બાદ તમામ નાના મોટા વેપારીઓ દ્વારા પોતાનાં ધંધા વેપાર દુકાનો બંધ કરી દેતા લોકડાઉનને સફળતા મળી હતી.

વાસદ ગામમાં વધતા જતા કોરોનાં સંક્રમણને રોકવા માટે છ ગ્રામ પંચાયત દ્વારા આજથી ૨૯મી સપ્ટેમ્બર સુધીનું લોકડાઉન જાહેર કરતા આજે બપોરે બાર વાગ્યા બાદ તમામ ગામોમાં તમામ દુકાનો અને લારી ગલ્લાઓ બંધ થઈ ગયા હતા. નાના મોટા તમામ વેપારીઓ તેમજ લારી ગલ્લાવાળાઓ પણ લોકડાઉનમાં જોડાતા બજારો સુમસામ જોવા મળ્યા હતા,

દરેક ગામડામાં બપોરે ૧૨ વાગ્યા બાદ દવાની દુકાનો સહીત તમામ આવશ્યક ચીજ વસ્તુઓની દુકાનો પણ બંધ જોવા મળી હતી અને ગામનાં નાગરીકોની સુરક્ષા માટે ગ્રામજનો દ્વારા લોકડાઉનને આવકારવામાં આવ્યું હતું. જેમાં વીરસદ, વાસદ, મોગરી, ધર્મજ, કરમસદ અને સારસામાં નગરજનો દ્વારા સ્વૈચ્છિક લોકડાઉનમાં જોડાયા હતા. ગામમાં લોકડાઉનમાં જોડાઈ સંપૂર્ણ સફળ બનાવ્યું છે.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્જી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકળા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com



"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance
We represent many insurance companies, we can shop around for best rates.

Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## દુનિયામાં ગાંજાના વેપારને બંધ કરવા નહીં પણ તેના વેપારની ઈજારાશાહી માટે અનેક યુદ્ધો થયા

# ગાંજો : વૈશ્વિક અર્થતંત્રના મોડેલની પાયારૂપ બાબત

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

છેલ્લાં કેટલાક વખતથી ભારત સહિત સમગ્ર દુનિયામાં ડ્ર્ગ્ઝ, રેવ પાર્ટીસ અને ડ્ર્ગ કાર્ટેલ જેવા શબ્દો સતત ચલણમાં રહેવા માંડ્યા છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ડ્ર્ગ્ઝનું બહુ ચલણ છે. હાલમાં ભારતમાં સુશાંત અપમૃત્યુ પછી ડ્ર્ગ્સનો મુદ્દે ચગેલો છે. સુશાંત ડ્ર્ગ્સ લેતો હતો અને તેને રિયા સહિત કોણ મદદ કરતું હતુ તેવા ઉઠેલા સવાલો શોધવા એનસીબી અને સીબીઆઈ સતત મથામણ કરી રહી છે. અત્યાર સુધીમાં દીપીકા પદૂકોણ, શ્રદ્ધા કપૂર, સારા અલીખાન, રકુલપ્રિતસિંહ, દીયા મિરઝા સહિતની ૭ અભિનેત્રીને સમન્સ મોકલી દેવાયા છે. ડ્ર્ગ્સ સાથે બોલીવુડના કનેકશનથી સમગ્ર ભારત અને ફિલ્મ જગતમાં ખળભળાટ મચી ગયો છે.

અત્યાર સુધી વીડ-ગાંજો-મારીઆનાથી માંડીને કોકેઈન, હેરોઈન જેવા કટલાય શબ્દો આપણા કાને અથડાતા રહ્યા છે. આ તો એક અપત્યુને પગલે ચલણમાં આવી ગયેલા શબ્દો છે અને તમામ માણસ પોતે બધું જ જાણે છે એ રીતે ડ્ર્ગ ટ્રાફિગને મામલે પણ એક્સપર્ટ બની ગયો છે. પણ તમે જાણો છે કે, કેટલાક અર્થશાસ્ત્રીઓને મતે હાલના અર્થતંત્રના મૉડલ માટે ગેરકાયદે ડ્ર્ગ્ઝનો વેપાર એક પાયારૂપ બાબત છે? ડ્ર્ગ વૉર પણ એટલું જ કટ્ટર છે, અને તે ડ્ર્ગ્ઝનો ખાત્મો બોલાવવા નહીં પણ વેપાર વ્યવસ્થિત ચાલે તે માટે થતું વૉર છે.

ડ્ર્ગ્ઝનો ગેરકાયદે વેપાર વૈશ્વિક અર્થતંત્રમાં મોટો રોલ ભજવે છે અને મની લોન્ડરિંગ, આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને ડ્ર્ગ્ઝનું કોકડું પરસ્પર બહુ જ ગુંચવાયેલું છે. ફ્રી માર્કેટ ઈકોનોમીમાં પૈસાની મુવમેન્ટ ઉપર કોઈ ચોકક્સ બંધનો નથી હોતા અને સરકાર નાણાંનું મૂલ્ય નિયંત્રિત કરી શકે છે, આ એવો વિરોધાભાસ છે જેને કારણે આમ જોવા જઈએ તો વિશ્વમાં 'ફ્રી માર્કેટ' જેવું ખરેખર કંઈ જ નથી. દરેક દેશમાં નિયમો અલગ હોઈ શકે છે પણ વેપાર વાણિજ્ય અંતે તો ટક્સેશન અને નિયમાધિન જ છે.

આખા વિશ્વના જીડીપીનાં એક ટકા જેટલા ડ્ર્ગ મની છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. યુએનની ડ્ર્ગ એન્ડ ક્રાઈમ ઑફિસના પૂર્વ વડા એન્તોનિયો મારઆ કોસ્તા કહે છે કે, ઈન્ટર બેંક્સ લોનમાં એવા પૈસાથી ફંડીંગ થાય છે જે ડ્ર્ગ ટ્ર્ડ અને અન્ય ગેરકાયદે કામમાંથી આવ્યા હોય. તેમના મતે જો આમ ન હોત તો ૨૦૦૮ની મંદીમાં બેંકિગનો પુરેપુરો સફાયો થઈ ગયો હોત. જે બેંક્સ બચી શકી તે ગેરકાયદેસરના નાણાંથી જ બેઠી થઈ હતી. ડ્ર્ગ ટ્ર્ડમાંથી કયા દેશોને ફાયદો થાય છે તેની વાત કરવા જઈએ તો જિઓ પોલિટકલ દ્રષ્ટિએ અફઘાનિસ્તાનમાં થતી અફીણની ખેતી, યુરોપમાં ડ્ર્ગ્ઝ પહોંચાડવા સ્પેઈનનો ઉપયોગ, કોલંબિયામાં કોકઈન ઉદ્યોગ પરથી ઘણી બાબતો સમજી શકાય છે. હવે પાકિસ્તાનના ડ્ર્ગ કાર્ટેલ્સ કેવી રીતે કામ કરે છે એ સમજવું પડે તેમ છે. દરિયાઈ રસ્તે મોટાપાયે ડ્ર્ગ્સ ટ્રાફિકીંગ પાકિસ્તાન તરફથી થતું રહ્યું છે. મેથાફ્ટામાઈનની દરિયાઈ માર્ગે લેવડ-દેવડ નવો ટ્રેન્ડ છે, તો અફઘાનિસ્તાનમાં ઉગેલા અફીણ પર પાકિસ્તાનની લેબમાં પ્રોસેસ થતી હોય છે. ડ્ર્ગ્ઝ અને દાઉદને ગાઢ સબંધ છે એવું તો ઘણા લાંબા વખતથી કહેવાય છે.

હવે બીજા બધા ડ્ર્ગ્ઝને બાજુમાં મુકીને જે વીડ-ગાંજા કે મારઆનાની સતત વાત થાય છે એની ચર્ચા કરીએ. કેનિબઝ ઈન્ડિકા નામના ભાંગના છોડમાંથી ચરસ-ગાંજો- ભાંગ વગેરે બને છે. આ છોડ બિચારો નશીલો નથી પણ તેની પર પ્રકાશ પડે એટલે તેમાંથી ટ્રેટાહાલ્કેનાબિનોલ નામનો નશીલો પદાર્થ ઉત્પન્ન થઈ જાય છે. આ જ છોડનાં સૂકાં પાનને ઉકાળીને ભાંગ બનાવાય છે. આ છોડના પીળા ફૂલમાં પાનના ગુચ્છા જેવી કળીઓ થાય છે અને આ ફૂલમાંથી મારઆના એટલે કે, ગાંજો બને છે જે 'ફુંકવા'નો હોય છે અને છોડની ડાળી અને પાનમાંથી રેઝિન્સ બને ત્યારે તેમાંથી બને છે. ચરસ અથવા હશીશ, જે પણ હુક્કા કે પાઈપથી જ ઉપયોગમાં લેવાય છે.

ભારતમાં ગાંજાનો ઈતિહાસ ઓગણીસમી સદીના પહેલા દસકાથી શરૂ થયો છે. જ્યારે તેની દાણચોરી શરૂ થઈ ત્યારે મધ્ય ભારતમાં જે ગાંજા-અફીણની ખેતી થતી તે ચીન પહોંચાડાતું હતુ. બિહારમાં ઉગતા અફીણ પર ઈસ્ટ ઈન્ડિયા કંપનીની પકડ હતી. એક સમયે મુંબઈના પારસીઓએ ચીન સાથેના અફીણના વેપારને હસ્તગત કર્યો હતો. ભારતની અનેક વેપારી જ્ઞાતિઓએ ગાંજાના વેપારમાં પોતાનું નસીબ અજમાવ્યું હતું. પણ પારસીઓને આ વેપારનો સૌથી વધુ લાભ મળ્યો હતો. આ ફાયદાનું કારણ એવું હતું કે, પારસીઓ મુંબઈ ઉપર સારી એવી પકડ ધરાવતા હતા. જ્યાં બ્રિટિશરોની પકડ ઓછી હતી, ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો ઝૂકાવ, પહોંચ અને પકડ કોલકાત્તામાં વધારે હતા. એંગ્રેજોને ચીનમાં અફીણનું માર્કેટ વિસ્તારવામાં બહુ રસ હતો અને તેમને માટે ઉત્પાદનનો બેઝ હતો ભારત. જ્યાં હજી અફીણનું માર્કેટ બહુ વિસ્તર્યુ નહોતું. ચીનમાં અફીણના વ્યસનીઓની સંખ્યા મોટી હતી. સરકારે અફીણ પર પ્રતિબંધ મુક્યો હોવા છતાં ય વેપારીઓએ દાણચોરી ચાલુ રાખી હતી. બ્રિટન અને ચીન વચ્ચે થયેલા ઓપિયમ વૉર્સ અફીણની આયાત ત્યાં ચાલુ રહે એટલા માટે જ છેડાયા હતા.



**અર્થશાસ્ત્રીઓના મતે અર્થતંત્રના મૉડલ માટે ગેરકાયદે ડ્ર્ગ્સનો વેપાર એક પાયારૂપ બાબત છે. ડ્ર્ગ વૉર ખાત્મો બોલાવવા નહીં પણ વેપાર વ્યવસ્થિત ચાલે તે માટે થાય છે**

આ તરફ મુંબઈ એટલે કે, બોમ્બેના કેટલાક વેપારીઓએ ટક્સ્ટાઈલનો ધંધો ચાલુ કરી દીધો હતો. કારણ કે, ચીન સાથેના વેપારમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની મારફતે ક્લિયર થતા બિલ્સનું તંત્ર પડી ભાંગ્યુ હતું. એંગ્રેજો માટે અફીણ એક રોકડયો પાક હતો અને ઉત્તર ભારતના ૧.૩ મિલિયન ખેડૂતો ગાંજાની ખેતી કરતા હતા. હજારો કામદારો ગંગા કાંઠે આવેલી અફીણની ફેક્ટરીઓમાં કામ કરતા અને ત્યાં બીજમાંથી દૂધિયું પ્રવાહી બહાર કાઢતા. પાંદડા સુકવતા અને તેની લાટીઓ બનાવી અફીણની ગોળીઓ લાકડાની પેટીઓમાં પૅક કરતા. ઈતિહાસકાર વિલયમ ડાલિર્મ્પરે નોંધ્યું છે કે, એંગ્રેજો હોંગકોંગને પોતાના માટે ઑફશોર બેઝ બનાવીને નશીલા પદાર્થને મામલે પોતાની ઈજારાશાહીને સાચવી લેવા માગતા હતા. અફીણને કારણે ભારતમાં એંગ્રેજોના શાસનને જાણે ટકો મળી રહ્યો હતો. સામ્રાજ્યવાદી એંગ્રેજો માટે અફીણ એ તેમના શાસન માટે આવકનો સૌથી મોટો બીજા ક્રમાંકનો સ્ત્રોત હતો.

આજે પણ વૈશ્વિ ફાર્મા માર્કેટ માટે ઉગાડાતું કાયદેસરનું અફીણ ભારતમાં જ થાય છે. આજે અફઘાનિસ્તાનમાંથી હેરોઈન આખા વિશ્વમાં પહોંચે છે. અને એમાં પાછું પાકિસ્તાન અને એવું બધું તો અડખ- પડખે એટલે બધા છેડા ક્યાંકને ક્યાંક તો મળેલા જ છે. આ આખા વેપારમાં સૌથી મહત્વની બાબત તો એ છે કે, અફીણની ખેતી કરનારા ખેડતોની હાલત કઈ બહુ સારી નહોતી, તેમને કોઈ મોટા ફાયદા નહોતા થતા. ન તો આ અફીણ ઉગાડવામાં થતો ખર્ચને તે પહોંચી વળતા. કરારને લીધે માથે પડેલી જંજાળમાંથી નીકળવાના નિષ્ફળ પ્રયાસોને પગલે તેઓ આ કળણમાં વધુ ઉંડા ખૂંપતા જતા. અંતે ૧૯૧૫માં ચીન સાથેનો અફીણનો વેપાર ભાંગી પડલો પણ એંગ્રેજોએ ભારતમાં અફીણ પર જે પકડ જમાવી હતી તે તો તેઓ દેશ છોડીને ગયા ત્યાં સુધી યથાવત રાખી. કેનાબીઝ કે ભાંગ કે અફીણ એ સૌથી વધુ વપરાતો નશીલો પદાર્થ છે. ૧૯૮૪ સુધી તો તેનો ઉપયોગ કાયદેસર ગણાતો હતો. ભારતમાં ગાંજાના છોડની સાબિતી ૫૦૦૦-૪૦૦૦ બી.સી.માં રેકોર્ડ થઈ છે. ભારતમાં અમુક નશીલા પદાર્થ પરનો પ્રતિબંધ યુએસ નિતીના ભાવ હેઠળ લદાયો. એક ૨૦૧૮ના સંશોધન અનુસાર જો ગાંજા પર ટેક્સ લાદવામાં આવે તો દિલ્હીને ૭૨૫ કરોડ રૂપિયા અને મુંબઈને ૬૪૧ કરોડ રૂપિયા ટક્સ ભરવાનો થાય. જે ગાંજાના વેપાર, ઉપલબ્ધી અને ઉપયોગનું સત્ય છે.



## ગુજરાતી મૂળના આન્દ્રેજી પારેખને બેસ્ટ ડિરેક્ટરનો એમી એવોર્ડ

લોસ એન્જેલસ : ગુજરાતમાં મૂળિયા ધરાવતા અમેરિકન ડિરેક્ટર-સિનેમેટોગ્રાફર આન્દ્રેજી પારેખને બેસ્ટ ડિરેક્શન માટે એમી એવોર્ડ આપવામાં આવ્યો હતો. એમી એવોર્ડ અમેરિકાની ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીનો સર્વોચ્ચ એવોર્ડ છે. આ વખતે એમી એવોર્ડ સમારોહ વર્ચ્યુંઅલ-ઓનલાઈન યોજાયો હતો. તેમને આ એવોર્ડ એચબીઓ ચેનલ પર આવતી સિરિઝ સકસેશન માટે અપાયો હતો. પારેખે હાફ બેસન, સુગર, બ્લુ વેલેન્ટાઈન, ધ ઝૂકીપર્સ વાઈફ, મેડમ બોવારી.. વગેરે અનેક શોમાં કામ કર્યું છે. પારેખ ગુજરાતમાં અને યુક્રેનમાં મૂળિયા ધરાવે છે.


# સ્વદેશ

10 FRIDAY 25 SEPTEMBER 2020


## અનુરાગ કશ્યપ વિરુદ્ધ જાતીય સતામણી અંગે પોલીસ ફરિયાદ



બોલિવૂડના નિર્માતા-નિર્દેશક અનુરાગ કશ્યપ પર અભિનેત્રી પાયલ ઘોષે જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. આ કેસ ઘણા દિવસોથી ચર્ચામાં છે. આ વિશે અભિનેત્રીએ અગાઉ ટ્વીટ દ્વારા માહિતી આપી હતી. તેમણે પોતાના ટ્વિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ ટેગ કર્યા અને ન્યાય મળે તેવી વિનંતી કરી હતી. આ સાથે જ આ કેસમાં અભિનેત્રીએ અનુરાગ કશ્યપ વિરુદ્ધ મુંબઇના વર્સોવા પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી છે. આ માહિતી અભિનેત્રીના વકીલ નીતિન સાતપુતે આપી છે. નીતિને પોતાના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ દ્વારા કહ્યું છે કે અનુરાગ કશ્યપ સામે FIR નોંધાઈ છે. આ સાથે તેમણે ફિલ્મ નિર્માતા વિરુદ્ધ કયા કેસ નોંધાયા છે તેની માહિતી આપી છે.

# દીપિકા રણવીર સાથે મુંબઇ પહોંચી, સારા-રકુલ સહિતના કલાકાર સકંજામાં



બોલિવૂડમાં હવે ડ્રગ્સ કનેક્શન મામલે હાહાકાર મચી ગયો છે અને ફેન્સ પણ ચકિત રહી ગયા છે. મોટી મોટી હસતીઓ પણ આ અંગે સંડોવાઈ ગઈ છે અને હજુ પણ કેટલાય પર ધરપકડની તલવાર લટકી રહી છે. સુશાંતની ટેલેન્ટ મેનેજર જયા સાહાની ભૂમિકા માસ્ટરમાઇન્ડ તરીકે સામે આવી રહી છે. એનસીબીની તપાસમાં જયા સાહાની મેનેજર કરિશ્મા સાથે દીપિકા પદુકોણની વાતચીતની ચેટ સામે આવી છે. જયા સાહા સુશાંતસિંહ રાજપૂતની ટેલેન્ટ મેનેજર હતી, જેની એનસીબીએ પૂછપરછ કરી છે. કરિશ્મા અને દીપિકાની આ વાતચીત સામે આવવા પર બોલિવૂડમાં ચકચાર મચી છે. દીપિકા જેમા કરિશ્માને પૂછી રહી છે કે, શું તારી પાસે માલ છે? દીપિકા પાદુકોણ ગોવાથી મુંબઇ પહોંચી ગઈ છે. દીપિકા સાથે તેનો પતિ રણવીર સિંહ પણ છે. એરપોર્ટ પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે દીપિકા અને રણવીર લગભગ અડધો કલાક એરપોર્ટ પર રોકાયા હતા એનસીબી દ્વારા ડ્રગ્સ કેસમાં 'ધર્મા પ્રોડક્શન'ના ડાયરેક્ટર 'ક્ષિતિજ પ્રસાદ'ને પૂછપરછ માટે સમન્સ મોકલવામાં આવ્યું છે. બુધવારે સમન્સ મળ્યા પછી ફેશન ડિઝાઈનર 'સિમોન ખંબાટા' ગુરુવારે ચાર કલાક પૂછપરછ કરાઈ હતી.



**શ્રદ્ધા કપૂર**

સુશાંતની ટેલેન્ટ મેનેજર જયા સાહા તથા શ્રદ્ધા કપૂરની ચેટ પણ સામે આવી છે. જેમાં શ્રદ્ધા જયાને સીબીડી ઓઇલ માગી રહી છે. આ એક પ્રકારનું ડ્રગ છે. જો કે, જયાનું કહેવું છે કે આ ઓઇલ લીગલ છે.



**સારા અલી ખાન**

રિયાએ ડ્રગ્સ લેવડદેવડમાં સારા અલી ખાનનું નામ આપ્યું હતું. વિગતો મુજબ એનસીબી, આ સપ્તાહે સારા અલી ખાનને પણ પૂછપરછ માટે સમન્સ મોકલી શકે છે. સારા ગુરુવારે ગોવાથી મુંબઈ પહોંચી હતી.



**રકુલ પ્રિત**

ડ્રગ્સ કાર્ટેલમાં રકુલ પ્રિતનું નામ પણ સામે આવ્યું છે. નામ સામે આવ્યા બાદ રકુલે દિલ્હી હાઇકોર્ટમાં તેના વિરુદ્ધ મીડિયા કવરેજ રોકવા માગ કરી છે. રકુલે કહ્યું છે કે, આ પ્રકારે તેની પ્રતિષ્ઠાને ખરાબ કરાઈ રહી છે.



**નમ્રતા શિરોડકર**

એનસીબીને તપાસમાં જાણવા મળ્યું છે કે, ચેટ દરમિયાન કેટલાક અંગ્રેજી અક્ષરોનો કોડ તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. આ કોડ્સ ને ડિકોડ કરવા પર નમ્રતા શિરોડકરનું નામ સામે આવ્યું છે.

### NCBની રડાર પર ૫૦ સેલિબ્રિટીઓ

ડ્રગ્સ રેકેટમાં એનસીબીની રડાર પર ૫૦ ફિલ્મી કલાકાર, ડાયરેક્ટર અને પ્રોડ્યુસર છે. તેમાં કેટલાક B ગ્રેડ ફિલ્મો સાથે પણ જોડાયેલા છે. બોલિવૂડમાં ડ્રગ્સનું મોટું નેટવર્ક છે અને તેની સંખ્યા ૫૦ કરતા પણ વધારે છે.



## સુશાંત રાજપૂતની હત્યા અંગે મળ્યો નહીં



નવી દિલ્હી: બોલિવૂડ અભિનેતા સુશાંત સિંઘ રાજપૂતના મોતના કેસમાં ફોરેન્સિક રિપોર્ટ આવી ગયો છે. જેમાં કહેવાયું છે કે સુશાંતની હત્યાનો કોઈ પુરાવો તેમને મળ્યો નથી. ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશન ઑફ ક્રાઇમ એન્ડ સાયન્ટિફિક સર્વિસિસએ એવો સંકેત કર્યો હતો કે સુશાંતની હત્યા થઇ હોય એવો કોઇ પુરાવો મળ્યો નથી. જોકે આ રિપોર્ટ હજુ જાહેર કરવામાં આવ્યો નથી. પરંતુ CSFL સાથે સંકળાયેલા એક સૂત્રે આ માહિતી આપી હોવાનો દાવો એક ટીવી ચેનલે કર્યો હતો. CSFL દ્વારા સુશાંતના વાંદરા ખાતેના ઘરે રિકન્સ્ટ્રક્શન ઑફ ક્રાઇમ કરવામાં આવ્યું હતું. એમાં એવું જાણવા મળ્યું હતું  કે સુશાંતે બંને હાથની મદદથી ગળે ફાંસો લગાડ્યો હશે. એની હત્યા થઇ હોવાનો કોઇ પુરાવો હાથ લાગ્યો નહોતો. CSFLએ પોતાનો આ રિપોર્ટ સીબીઆઇને સોંપી દીધો હતો. CSFLનાં સૂત્રોએ વધુમાં કહ્યું હતું કે આ કેસમાં પાર્શ્યલ હેંગીંગ જેવું લાગતું હતું એટલે કે ફાંસી લેતી વખતે સુશાંતના પગ ધરતીને સ્પર્શતા હતા.

## રિયાની કસ્ટડી સ્પેશિયલ કોર્ટે ૬ ઓક્ટોબર સુધી લંબાવી



સ્પેશિયલ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટ કોર્ટ દ્વારા મંગળવારના રોજ એનસીબી દ્વારા દાખલ કેસમાં રિયા ચક્રવર્તીની જ્યુડિશિયલ કસ્ટડી ૬ ઓક્ટોબર સુધી લંબાવી દીધી છે. રિયા તથા તેના ભાઇ દ્વારા કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી. અગાઉ ૮ સપ્ટેમ્બરના રોજ રિયા ચક્રવર્તીની તથા શૌવિકની ૬ સપ્ટેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી હતી. એનડીપીએસ કોર્ટ દ્વારા અગાઉ ૧૧ સપ્ટેમ્બરના રોજ તેઓની જામીન અરજી ફગાવી દેવાઇ હતી. જામીન ફગાવતા સ્પેશિયલ જજ જી બી ગુરાઓએ નોંધ્યુ હતુ કે, રિયા અને સુશાંત લીવ ઇનમાં રહેતા હતા. સુશાંત માટે ડ્રગ સંબંધિત આક્ષેપો છે. જ્યારે સેમ્યુઅલ મિરાન્ડા, દીપેશ સાવંત અને બાસિત પરિહારની પણ ધરપકડ કરવામા આવી હતી. તેઓ દ્વારા કરવામાં આવેલી જામીન અરજી મુંબઇ હાઇકોર્ટ દ્વારા મુલતવી રાખવામાં આવી છે. હવે પછીનું હિયરિંગ ૨૯ સપ્ટેમ્બરના રોજ થશે.

## ટીવી સ્ટાર અબિગેલ અને સનમના ઘરેથી મળ્યો ગાંજો



મુંબઈ: ટીવી સ્ટાર અબીગેલ પાંડે અને સનમ જૌહરના ઘરે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ પાડેલા દરોડામાં ગાંજો મળી આવ્યો છે.એ પછી બંનેને એનસીબીએ ફરી પૂછપરછ માટે બોલાવ્યા છે. સૂત્રોના કહેવા પ્રમાણે ગઈકાલે પણ તેમની પૂછપરછ કરાઈ હતી અને તેમણે ગાંજાનુ સેવન કર્યું હોવાનુ કબૂલ્યુ હતુ.આજે ફરી વખત તેમને એનસીબી સમક્ષ હાજર થવાની ફરજ પડી છે. જોકે હજી સુધી અબીગલ અને સનમ તરફથી કોઈ નિવેદન આવ્યુ નથી.તેઓ માત્ર એનસીબીના સવાલોના જવાબ આપી રહ્યા છે.આમ તેઓ ડ્રગ્સના દળદળમાં ક્યાં સુધી ખૂંપેલા છે તેનો જવાબ તો તપાસ થયા બાદ જ મળશે. ઉલ્લેખનીય છે કે, બોલીવૂડમાં પણ દિપિકા સહિત પચાસ જેટલા સ્ટાર એનસીબીના રડાર પર છે.દિપિકાની ૨૫ સપ્ટેમ્બરે પૂછપરછ થવાની છે જ્યારે સારા અલી ખાન અને શ્રધ્ધા કપૂર સાથે ૨૬મીએ સવાલ જવાબ થશે.




# વાગરામાં જમીનનું ૬૦૦ કરોડનું કૌભાંડ

• **સમગ્ર કૌભાંડમાં સીબીઆઇ તપાસની માગ સાથે પીએમ મોદીને પત્ર લખવામાં આવ્યો**

ભરૂચ : ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના ત્રણ ગામોમાં જીઆઇડીસી માટે જમીન સંપાદન કરનારા ત્રણ અધિકારીઓ દ્વારા મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાના આક્ષેપ સાથે માજીમંત્રી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખવામાં આવ્યો છે. જેમાં તેમણે પુરાવા રજુ કરી સીબીઆઇ તપાસની માગ કરવામાં આવી છે.

વાગરા તાલુકામાં જીઆઇડીસી બનાવવા માટે ત્રણ ગામના અશિક્ષિત ખેડૂત ખાતેદારોની ૧૨૦૦ એકર જમીન સંપાદન કરાઇ છે. જેમાં ત્રણ સનદી અધિકારીઓના આર્શિવાદથી ભૂમાફીયાઓ દ્વારા ખેડૂત ખાતેદારોને પટાવી, ફોસલાવી, ધાકધમકી આપીને ભરૂચ જિલ્લા બહારના મળતીયા ખેડૂતોનાં નામે દસ્તાવેજ કરાવી લેવાયા હતા. જે જમીનની અંદાજે બજાર કિંમત રૂા. ૬૦૦ કરોડ જેટલી થાય છે. આ રેકટમાં જીઆઇડીસીના એમડી થન્નારશન, ઉધોગ અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ તેમજ ભરૂચ જીઆઇડીસીના જમીન સંપાદન અધિકારી ડેપ્યુટી કલેકટર યાસ્મીન શેખ સામે માજી મંત્રી ખુમાનસિંહ વાંસીયાએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ સહિત ૧૦ વ્યક્તિઓને લેખિતમાં રજૂઆત કરી છે. રજૂઆતમાં સમગ્ર કૌભાંડમાં સીબીઆઇ તપાસની માગ કરવામાં આવી છે.

ખુમાનસિંહ વાંસીયાએ કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, મારી પાસે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાનાં ત્રણ ગામોની જમીન સંપાદનની પ્રક્રિયામાં મસમોટું કૌભાંડ થયાની ફરિયાદ ખેડૂતો લઈને આવ્યા હતા. ૨૦૨૦માં વાગરા તાલુકાનાં અંભેલ, પખાજણ અને લીમડી ગામોની ૧૬૦૦ એકર જમીન સંપાદન પ્રક્રિયા થઈ હતી. જેમાં ૧૨૦૦ એકર જમીન મૂળ ખેડૂત ખાતેદારોને સમજાવી, પટાવી, ફેસલાવી તેમજ જરૂર પડે ધાક-ધમકીથી નજીવા ભાવે દસ્તાવેજો લખાવી લેવામાં આવ્યા હતા.

# સુરતની ONGC કંપનીમાં બ્લાસ્ટ સાથે આગથી ફફડાટ, ૧નું મોત

સુરત : સુરતના હજીરા વિસ્તારમાં આવે ઓએનજીસી કંપનીમાં ગુરૂવારે સવારે ૩ વાગે બ્લાસ્ટ થયા બાદ ભીષણ આગ લાગી હતી. ભીષણ આગમાં એક વ્યક્તિનું મોત થયું છે અને કરોડોના નુકસાન થયાનો અંદાજ હોવાનું જાણવા મળ્યું છે. ઓએનજીસીના એક ગેસ પ્લાન્ટમાં આ આગ લાગી હતી. જોકે બ્લાસ્ટ થતાની સાથે સુરત લોકોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. આ આગ ઘણી જ વિકરાળ હતી જેના ધૂમડાના ગોટેગોટા દૂરદૂરથી જોઇ શકાતા હતા. ફાયરની ટીમના પ્રયત્નો બાદ હાલ આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.

ઓએનજીસીએ પણ ટ્વિટ કરીને માહિતી આપતા જણાવ્યું છે કે, આ આગ કાબુમાં લેવાય ગઈ છે. આગને કારણે કોઈ જાનહાનીનાં સમાચાર નથી. એક ચર્ચામાં ચાર કર્મચારીઓ ગૂમ થયાની વાત પણ વહેતી થઈ હતી .આ આગમાં જાનહાની અંગે હાલ અધિકારીક રીતે કોઈ સમાચાર સામે આવ્યાં નથી. નોંધનીય છે કે, આ ગેસ કંપનીના ગેસ પ્લાન્ટમાં આગ લાગી હતી. મુંબઈથી સુરત ૨૪૦ કિલોમીટર લાંબી લાઈન આવેલી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખતા મગદલ્લા ચોકડીથી ઈચ્છાપોર ચોકડી સુધીના અવરજવરના હાઈવેના રસ્તાઓ બંધ કરાયા હતા.

## સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભૂકંપના આંચકા અનુભવાયા

તાપી : ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યા બાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કેટલાંક સ્થળોએ ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. દક્ષિણ ગુજરાતમાં તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના પાટી ,પંચોલ સહિતના ગામોમાં રાત્રે અને વહેલી સવારે ભૂકંપના હળવા આંચકા અનુભવાતા લોકોમાં હલચલ મચી હતી. બીજી તરફ જામનગર જિલ્લાના અમુક વિસ્તારોમાં ૧.૯ની તીવ્રતા સુધીનું કંપન નોંધાયું છે. તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના પાટી, પંચોલ, પાઠકવાડી, ડોલવણ, કાકડવા સહિતના ગામોમાં મંગળવારે મોડી રાત્રે ૧.૨૬ વાગ્યે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

# સુરતમાં 'માલ'નો કારોબાર: ૧.૩૩ કરોડનું એમડી ડ્રગ્સ, રૂ. ૫૬ લાખનો ગાંજો પકડાયો

• **સુરતનો સલમાન ઉર્ફે અમન ઝવેરી, અમરેલીનો સંકેત અસલાલીયા ડ્રગ્સ સપ્લાય કરતા હતા**

સુરત : સુરતમાં ધમધમતા નશાના કારોબાર સામે ક્રાઇમ બ્રાન્ચે ગત મળસ્કેથી શરૂ કરેલા ઓપરેશનમાં કુલ રૂા.૧.૩૩ કરોડની કિંમતનું ૧ કિલો ૩૩૪ ગ્રામ એમ.ડી ડ્રગ્સ પકડી ત્રણ વ્યક્તિની ધરપકડ કરી છે. ડ્રગ્સના કારોબારમાં સામેલ સુરત અને મુંબઇના બે વ્યક્તિને વોન્ટેડ જાહેર કરાયા છે. ડ્રગ્સ ઉપરાંત પુણા સારોલી રોડ ઉપર ટ્રકમાંથી રૂા.૫૬.૪૫ લાખના ગાંજા સાથે ત્રણ ઉડિયા યુવાનો પણ પકડાયા છે. પોલીસે શરૂ કરેલા ઓપરેશનમાં ડુમસ રોડ કુવાડા ટી પોઈન્ટથી ભીમપોર રોડ પર વોચ ગોઠવી બાતમી મુજબની મરૂન કલરની કાર આંતરી લીધી હતી. તેમાં કાર ચાલક મોહમદ સલમાન ઉર્ફે અમન મોહંમદ હનીફ ઝવેરી (રહે. એ/૨૦૩, આશીયાના કોમ્પલેક્ષ, અડાજણ



પાટીયા, ન્યુ રાંદેર રોડ, સુરત) પાસેથી જુદાજુદા ૬ પ્રકારના એમ.ડી.ડ્રગ્સના ૬ પેકેટ મળ્યા હતા. તેની પાસેથી રૂ.૧,૦૧,૧૮,૨૦૦ ની કિંમતનું ૧ કિલો ૧૧.૮૨ ગ્રામ ડ્રગ્સ કબ્જે કરી રૂ.૩૮ હજારની કિંમતના ૫ મોબાઈલ ફોન, સહિત કુલ રૂ.૧,૦૪,૧૯,૪૧૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## ભરૂચમાં બે બાળકની હત્યા કરનારાં બાપને આજીવન કેદની સજા

ભરૂચ : કવિઠા નવીનગર ખાતે પોતાના બે બાળકોને સીમમાં લઇ જઇને કૂવામાં ફેંકીને હત્યા કરનારા પિતાને આજીવન કેદની સજા ફરમાવી હતી. આરોપીએ કૂવામાં ત્રણ બાળકોને ધક્કો મારીને ફેંક્યા હતા પરંતુ એક બાળક બચી ગયું હતું. આ કેસની વિગત એવી છે કે નવીનનગર ખાતે રહેતા નરેશ સોમાભાઇ વસાવાને તેની પત્ની ઉપર શંકા હતી. જેને પગલે ત્રણ સંતાનોને ગામની પાસે આવેલી કેનાલમાં મગર જોવા લઈ જાઉં તેમ કહી તેઓને કૂવા પાસે લઈ ગયો હતો અને ત્રણેય સંતાનોને કૂવામાં ધક્કો મારીને ફેંકી દીધા હતા. જેમાં ત્રણ બાળકો પૈકી બાળકી હેમાક્ષી, અખિલનું મોત થયું હતું.

# રાંદેરરોડ પર નિલાંજમ એપાર્ટમેન્ટની ગેલેરીનો ભાગ તુટી પડ્યો, ૩ના મોત

• **બે શ્રમિક અહી કાયમી વસવાટ કરતા હતા, ત્રીજા મૃતક આધેડ વરસાદ પડતા બિલ્ડીંગ નીચે રોકાઇ ગયા હતા**

સુરત : સુરતના રાંદેર રોડ પર નવયુગ કોલેજની સામે આવેલા નિલાંજમ એપાર્ટમેન્ટની ગેલેરીનો ભાગ ધસી પડતા નીચે સૂતેલા બે શ્રમજીવી સહિત ત્રણ વ્યક્તિઓના મોત થતા ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ થતા પોલીસ અધિકારીઓ તથા પાલિકાના અધિકારીઓ ઘટનાસ્થળે ધસી ગયા હતા. રાંદેર રોડ પર નવયુગ કોલેજની સામે જર્જરિત નીલાંજમ એપાર્ટમેન્ટ ની દુકાનની બહાર પેસેજનાં ઓટલા પર આશરો લેતા ૫૫ વર્ષીય જગદીશભાઈ ઘુમસિંગભાઈ ભાઠ અને તેનો મિત્રો ૩૫થી ૪૦ વર્ષીય અનિલચંદ્ર ગત રાતે ત્યાં સુતા હતા. તે સમયે વરસાદ વરસી રહ્યો હોવાથી તેમની બાજુમાં રાજેન્દ્રભાઈ અમૃતલાલ ચૌહાણ (ઉં- વ-૫૨- રહે વિહાર નગર સોસાયટી, વેડરોડ) આરામ કરવા રોકાઈ ગયા હતા. એક તરફ વરસાદ વરસી રહ્યો હતો અને બીજી તરફ ત્રણેય જણા મીઠી નિંદર માણી રહ્યા હતા. દરમિયાન વહેલી સવારે અચાનક બિલ્ડિંગના પહેલા માળની ગેલેરીના છજ્જાનો ભાગ નીચે તૂટી પડયો હતો.અને મીઠી નિંદર માણી રહેલા ત્રણેય વ્યક્તિ ઉપર કાટમાળ પડતાં ગંભીર ઈજા થઈ હતી. ઘટના અંગે ફાયર બ્રિગેડને કોલ મળથા પહોંચી ગયું હતું. કાટમાળ નીચે દબાયેલા ત્રણેયને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે ત્રણેને મૃત જાહેર કર્યા હતા.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865 Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS





# અતિવૃષ્ટિ : ખેડૂતોને ૩૭૦૦ કરોડનું રાહત પેકેજ

## પાક નુકસાનીના પેકેજનો ૨૭ લાખ ખેડૂતોને લાભ મળશે : બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટરે રૂા. ૧૦,૦૦૦ની ચૂકવણી કરાશે

અમદાવાદ : ખરીફ મોસમમાં પડેલા અતિશય વરસાદને પરિણામે ૩૭ લાખ હેક્ટર વિસ્તારમાં ખેડૂતોના પાકને થયેલું નુકસાન ભરપાઈ કરી આપવા માટે ગુજરાત સરકાર રૂા. ૩૭૦૦ કરોડનું રાહત પૅકેજ આજે જાહેર કર્યું છે. મગફળી, કપાસ, ડાંગર, તલ, બાજરી, કઠોળ, શાકભાજી વગેરે પાકમાં થયેલા નુકસાન માટે સરકાર તરફથી વળતર આપવામાં આવશે. અતિવૃષ્ટિને કારણે થયેલી પાકને નુકસાનીના સરકારે જાહેર કરેલા પૅકેજનો ૨૭ લાખ ખેડૂતોને લાભ મળશે. ગુજરાતના ૨૦ જિલ્લાઓના ૧૨૩ તાલુકાઓમાં ૫૧ લાખ હેક્ટરથી વધુ જમીનમાં વાવેતર થયું હતું. તેમાંથી ૩૭ લાખ હેક્ટર જમીનમાં પાકને નુકસાન પહોચ્યું હોવાનું સરકારને અંદાજ છે. જાહેર અગત્યની બાબત અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નિયમ ૪૪ હેઠળ નિવેદન આપતા પ્રસ્તુત જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોના કુલ પાકમાંથી ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હશે તેવા કિસ્સામાં બે હેક્ટર માટે હેક્ટરદીઠ રૂા.૧૦,૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે.

### પાક નુકસાનીનો લાભ મેળવનારા જિલ્લા અને તાલુકાઓ

**કચ્છ જિલ્લાના** અબડાદાસ, અંજાર, ભચાઉ, ભૂજ, ગાંધીધામ, લખપત, માંડવી, મુન્દ્રા, નખત્રાણા, રાપર તાલુકાને આવરી લેવામાં આવ્યા છે. આ જ રીતે દેવભૂમિ દ્વારકાના ભાણવડ, દ્વારકા, કલ્યાણપુર અને ખંભાળીયા તાલુકાને આવરી લેવાયા છે.

**ભરૂચ જિલ્લાના** આમોદ, અંકલેશ્વર, ભરૂચ, હાંસોટ, જંબુસર, ઝગડિયા, નેત્રંગ, વાગરા, વાલિયાનો સમાવેશ થાય છે. તેવી જ રીતે પાટણ જિલ્લાના ચાણસ્મા, હારીજ, રાધનપુર, સમી, સાંતલપુર અને શંખેશ્વરને આ જાહેરાત હેઠળ લાભ અપાશે.

**અમદાવાદ જિલ્લાના** બાવળા, દેત્રોજ, ધંધુકા, ધોલેરા, અને ધોળકોના ખેડૂતોને પૅકેજનો લાભ મળશે. મોરબી જિલ્લાના હળવદ, માળિયા, મોરબી, ટંકારા અને વાંકાનેર તાલુકાને ખેડૂતોને આ રાહત પૅકેજ હેઠળ આવરી લેવાયા છે.

**જૂનાગઢ જિલ્લાના** ભેસાણ, જૂનાગઢ, કેશોદ, માળિયા, માણાવદર, માંગરોળ, મેંદરડા, વંથલી, વિસાવદર, જૂનાગઢ શહેરના વિસ્તારોના ખેડૂતોને રાહત પૅકેજનો લાભ અપાશે.

**દક્ષિણ ગુજરાતમાં સુરતના** બારડોલી, મહૂવા, નાંડવી, માંગરોળ અને ઓલપાડ તથા ઉમરપાડા તાલુકાના તથા નવસારી જિલ્લાના જલાલપોરના ખેડૂતોને પાક નુકસાનીનું વળતર ચૂકવવામાં આવશે.

**નર્મદા જિલ્લાના** નાંદોદ તાલુકા તથા આણંદ જિલ્લાના સોજિત્રા અને તારાપુર તાલુકાના ખેડૂતોને પણ રાહત પૅકેજ હેઠળ નુકસાનીનું વળતર આપવામાં આવશે.

# ગુજરાતના ધારાસભ્યોના પગારમાંથી ૩૦ ટકા રકમ કાપવાનો ખરડો પસાર કરાયો

- કોરોનાને કારણે ગુજરાતની આવક ઘટતા એપ્રિલ ૨૦૨૦થી એક વર્ષ સુધી પગારમાં ૩૦ ટકાની કપાત

અમદાવાદ: કોરોનાની વૈશ્વિક મહામારીને પરિણામે રાજ્ય સરકારની આવકોમાં ઘટાડો થતા નાગરિકોની સારવાર માટે અને પ્રજાજનોના જાન બચાવવાની લડાઈમાં પ્રજાના પ્રતિનિધિઓ પણ પોતાનું યોગદાન આપે તે હેતુથી તેમના પગારમાં ૩૦ ટકા કાપ મૂકતું વિધેયકે ગુજરાત વિધાનસભામાં પસાર કરી દેવામાં આવ્યું છે.

એપ્રિલ ૨૦૨૦થી એક વર્ષ માટે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મંત્રીમંડળના સભ્યો સહિત વિરોધપક્ષના નેતા અને ધારાસભ્યોના પગાર-ભથ્થામાં ૩૦ ટકા કાપને લગતું સુધારા વિધેયક વિધાનસભા ખાતે પસાર કરવામાં આવ્યું હતું.

કોરોના વૈશ્વિક મહામારી સામેની લડાઇ માટે ગુજરાત વિધાનસભાના તમામ સભ્યોના બેઝિક પગારમાંથી એપ્રિલ,૨૦૨૦ થી એક વર્ષ માટે માસિક ૩૦ ટકા પગાર કાપ કરાશે. આ રીતે પગાર ખર્ચમાં અંદાજે રૂા. ૬.૨૭ કરોડની બચત કરવામાં આવશે. મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક અને દંડકના પગારમાં પણ કપાત આવશે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ મહામારીને લીધે પ્રજાજનોના જાન બચાવવા ખર્ચમાં અનેકગણો વધારો થયો છે. કોરોના સામેની આ લડાઈ માટે વધુ નાણાની આવશ્યકતા હોઈ પ્રજાના પ્રતિનિધિઓના પગારના ૩૦ ટકા એપ્રિલ, ૨૦૨૦ થી માર્ચ, ૨૦૨૧ સુધી કાપી લેવા સબંધિત પગાર ભથ્થાં કાયદાઓમાં સુધારા કરતો વટહુકમ ૮મી એપ્રિલ, ૨૦૨૦ના રોજ બહાર પડાયો હતો.

# ગુજરાતમાં ચાઇલ્ડ ટ્રાફિકિંગનો પર્દાફાશ, ૩૨ બાળકો મુક્ત થયા

અમદાવાદ: કોરોનાના કપરા કાળમાં પણ બાળઅધિકારોનું હનન કરીને ચાઈલ્ડ ટ્રાફિકિંગ કરાઈ રહ્યું છે. બિહારથી ગુજરાતમાં મોટે પાયે બાળકોને બાળમજૂરી માટે લાવવામાં આવતાં હોવાની માહિતી મળતાં ગુજરાતની સીઆઈડી ક્રાઈમે વિવિધ એક એનજીઓ સાથે મળીને ઓપરેશન પાર પાડ્યું હતું. બિહારથી ટ્રેનમાં લાવવામાં આવેલાં ૩૨ બાળકોને છોડાવવામાં આવ્યાં હતા. આમ રાજ્યમાં હ્યુમન ટ્રાફિકિંગનો પર્દાફાશ થયો છે. લૉકડાઉન અને કોરોનાની સ્થિતિને કારણે ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં મજૂરોની અછત સર્જાય છે, જેને કારણે નાનાં બાળકોને મજૂરી અર્થે વિવિધ રાજ્યોમાં મોકલવામાં આવી રહ્યાં હોવાનું એક એનજીઓ અને સીઆઈડી ક્રાઈમને જાણવા મળ્યું હતું. સીઆઈડી ક્રાઈમને માહિતી મળી હતી કે અમુક રૂપિયા લઈને પરિવારના સભ્યો નાનાં બાળકોને ગુજરાત મોકલી રહ્યાં છે અને રાતની ટ્રેનમાં બાળકો અમદાવાદ પહોંચવાનાં છે, જેને ધ્યાનમાં રાખીને સીઆઈડી ક્રાઈમે વિવિધ એનજીઓ સાથે મળી વોચ ગોઠવી કાલુપુર રેલવે સ્ટેશને આ ઓપરેશન પાર પાડ્યું હતું.

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર બિહારથી આવેલી નિઝામાબાદ એક્સપ્રેસમાંથી ૧૫થી ૧૭ વર્ષનાં બિહારનાં ૩૨ બાળકો મળી આવ્યાં હતાં.

# ગુજરાતનું દેવું ૨.૪૦ લાખ કરોડને પાર, ૨,૧૮૪ કરોડ વ્યાજ ચૂકવાયું

અમદાવાદ : ૩૧મી ડિસેમ્બર ૨૦૧૯ની સ્થિતિએ ગુજરાતનું કુલ જાહેર દેવું કેટલું છે અને કેન્દ્ર સરકારની લોન કેટલી અને પાંચ વર્ષમાં કેટલી રકમની વ્યાજની ચુકવણી કરવામાં આવી તે સંદર્ભે કોંગ્રેસે લેખિત સવાલ પૂછ્યું હતું. જેના જવાબમાં રાજ્યના નાણાં વિભાગે બુધવારે લેખિતમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮-૧૯નું સૂચિત અંદાજિત કુલ બાકી જાહેર દેવું ૨,૪૦,૬૫૨ કરોડ છે. આમા કેન્દ્રીય દેવું ૭,૨૨૩ કરોડ છે, શૂન્યથી ૧૩ ટકા લોનના વ્યાજ દર છે. ગુજરાતે છેલ્લા પાંચ વર્ષમાં ૨,૧૮૪ કરોડની રકમ વ્યાજ ચુકવણીમાં કરી છે.

રાજ્યના નાણાં વિભાગે ગુજરાત વિધાનસભામાં લેખિતમાં કબૂલાત કરી છે કે, કેન્દ્રીય લોન પર પાંચ વર્ષમાં ૨,૧૮૪ કરોડની વ્યાજ ચુકવણી કરી છે. વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૬૫ કરોડ, ૨૦૧૫-૧૬માં ૫૧૪ કરોડ, ૨૦૧૬-૧૭માં ૪૬૯ કરોડ, ૨૦૧૭-૧૮માં ૪૩૦ કરોડ અને ૨૦૧૮-૧૯માં સૂચિત અંદાજિત ૪૦૬ કરોડ વ્યાજ ચુકવણી થશે.

મહત્ત્વનું છે કે, ગુજરાતનું જાહેર દેવું કૂદકે ને ભૂસકે વધી રહ્યું છે, વિપક્ષો દ્વારા સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરાય છે કે, ગુજરાતનું દેવું ઘટાડવા માટે ઉત્સવો-તાયફાઓ બંધ કરવા જોઈએ.

# ગુંડાગીરી ન છોડનારાઓને ગુજરાત છોડવાની ફરજ પાડતો કાયદો ઘડાયો

અમદાવાદ : લોકોની જમીન છીનવી લેવાનું, વ્યાજખોરીનું, ગાયોની કતલ કરવાનું, અનૈતિક વેપાર કરવાનું, બનાવટી દવાનો વેપાર કરનારા, ગેરકાયદેસર હથિયારને લગતી પ્રવૃત્તિ કરનારાઓ તથા ગુંડાગીરી કરીને ગુજરાતમાં ભયનું સામ્રાજ્ય ઊભું કરનારાઓને ગુજરાત છોડવાની ફરજ પાડતો ધ ગુજરાત ગુંડા અને અસામાજિક પ્રવૃત્તિઓ (અટકાવવા બાબત) વિધેયક આજે બહુમતીથી પસાર કર્યું હતું. જોકે આ કાયદાના અમલ કરવામાં દુરુપયોગ થવાની દહેશત વિરોધ પક્ષના નેતાઓએ



વ્યક્ત કરી હતી. વિધેયક રજૂ કરનાર ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું હતું કે નિર્દોષ નાગરિકોને રંજાડતા ગુંડાઓ અને અસામાજિક તત્વોની પ્રવૃત્તિને ડામવા માટે આ વિધેયક લાવવામાં આવ્યું છે. ગુજરાતમાં ભય અને ગુંડાગીરીના માહોલને રાજ્ય સરકાર ક્યારેય ચલાવી લેશે નહિ. તેથી જ દારૂનો વેપાર, જુગાર, ગાયોની કતલ, નશાનો વેપાર, અનૈતિક વેપાર, માનવ વેપાર, બનાવટી દવાનો વેપૌર, વ્યાજખોરી કરનારા, લોકોની જમીન પડાવી લેવાની પ્રવૃત્તિ કરનારાઓ સામે કડક પગલાં લઈ શકાય તે માટે કાનૂની જોગવાઈઓ આ વિધેયકના માધ્યમથી કરવામાં આવી છે.

વ્યક્તિગત કે જૂથમાં હિંસા કરવી, ધાકધમકી આપવી, જાહેર વ્યવસ્થાને અન્ય કોઈ રીતે નુકસાન પહોંચાડવાની પ્રવૃત્તિ કરનારાઓને ગુંડાની વ્યાખ્યા હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

# નવો ઔદ્યોગિક ધારો : ૩૦૦થી વધુ કર્મચારીને છૂટા કરવા મુશ્કેલ બનશે

અમદાવાદ : ગુજરાત ઔદ્યોગિક તકરાર સુધારા વિધેયક આજે ગુજરાત વિધાનસભામાં બહુમતીથી પસાર કરી દેવામાં આવતા કંપનીના માલિકોએ ૩૦૦થી ઓછા કર્મચારીઓને છૂટા કરીને કંપની બંધ કરવી હશે તો તેવા સંજોગોમાં તેમણે સરકારના કોઈપણ વિભાગ પાસેથી આગોતરી મંજૂરી લેવી પડશે નહિ.

માત્ર ૩૦૦થી વધુ કારીગરોને છૂટા કરવા હશે તો જ તેવા સંજોગોમાં તેમણે સરકારના સંબંધિત વિભાગની આગોતરી મંજૂરી લેવી પડશે. અત્યારે ૧૦૦થી વધુ કારીગરોને છૂટા કરતા પહેલા સરકારના જે તે વિભાગની મંજૂરી લેવાની જોગવાઈ કરવામાં આવેલી છે. આ મર્યાદા વધારીને ૩૦૦ કામદારોની કરવામાં આવી છે. કામદારોને છૂટા કરતી વેળાએ ૧૫ દિવસના સરેરાશ પગારની વ્યવસ્થામાં ફેરફાર કરીને છેલ્લા ત્રણ મહિનાના સરેરાશ પગાર જેટલું વળતર છટણી વળતર તરીકે આપવાની જોગવાઈ આ વિધેયકને માધ્યમથી કરવામાં આવી છે.

# ગુજરાતમાં સીંગદાણા કોમોડીટીમાં રૂા. ૩૦૪ કરોડનું બોગસ બિલિંગ

ગાંધીનગર: સ્ટેટ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગે, સીંગદાણા કોમોડિટી રૂ. ૩૦૪.૧૭ કરોડના બોગસ બોગસ બિલિંગ મારફતે રૂ. ૧૫.૨૧ કરોડની ગેરકાયદે વેરા શાખ તબદીલ કરવા- ટેક્સ ચોરી કૌભાંડમાં જુનાગઢના વધુ એક શખ્સ પ્રવીણ ભગવાનજી તન્નાની ધરપકડ કરી છે. છેલ્લાં સમયથી પ્રવીણ તન્ના નાસતો ફરતો હતો અને પોરબંદર નજીક ગામડામાં છૂપાયો હોવાની મળેલી બાતમીના આધારે પોલીસની મદદથી અધિકારીઓએ વહેલી સવારે તેની ધરપકડ કરી છે. પ્રવીણ તન્નાને કોર્ટ સમક્ષ રજુ કરાતાં તેને એક દિવસના રિમાન્ડ અપાયા છે. આ કૌભાંડમાં સંડોવણી બદલ પ્રવીણ તન્નાના નામનું સમન્સ બજાવવામાં આવ્યું હતું પરંતુ તે હાજર થયો નહોતો અને ભાગતો ફરતો હતો. SGST ઈન્ટેલીજન્સ ટીમ દ્વારા વોચ રાખવામાં આવી હતી અને વહેલી સવારે તેને ઝબ્બે કરાયો હતો.

કેટલાંક સમય પહેલાં જુનાગઢ, કેશોદ, ધોરાજી, માણાવદર, માંગરોળ, વગેરે સ્થળોએ સીંગદાણાના વેપાર સાથે સંકળાયેલી પેઢીઓના ૩૫ સ્થળે પાડવામાં આવેલ દરોડામાં બોગસ બિલિંગ મારફતે ખોટી રીતે ITC મેળવવાના કૌભાંડનો પર્દાફાશ કરાયો હતો અને આ કિસ્સામાં જુનાગઢના એક શખ્સ સંજય બાલુભાઈ મશરૂની ધરપકડ કરાઈ હતી.

# બન્ટી-બબલી દ્વારા નકલી પોલીસ બનીને રૂા. ૧.૩૦ કરોડની લૂંટ

અમદાવાદ: રામોલ પોલીસે સસ્તામાં સોનાની લાલચ આપી લોકો લૂંટતી નકલી પોલીસની ગેંગને ઝડપી પાડી છે. જેમાં પતિ પોલીસ ઈન્સ્પેકટર બનતો અને પત્ની મહિલા પોલીસ અધિકારી બનીને દમ મારીને લૂંટ ચલાવતા હતા. પોલીસે પતિ-પત્ની સહિત સાત વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં આ ટોળકીએ ગુજરાતમા કુલ ૩૫ ગુના આચરીને રૂા. ૧.૩૦ કરોડની લૂંટ કરી હોવાનું બહાર આવ્યું છે. રામોલ પોલીસે ચૌકકસ બાતમી આધારે ગઈકાલે મધરાતે ન્યુ મણીનગર ચાર રસ્તા પાસે શંકાસ્પદ કારને રોકી હતી જેમાં સવાર કારના ડ્રાઈવરે પોતાની ઓળખ અમરાઈવાડી પીએસઆઇ હોવાની આપી હતી જેથી પોલીસે આઈકાર્ડ માંગતા તેણે નકલી આઈકાર્ડ પણ બતાવ્યું હતું. તપાસ કરતાં આઈ કાર્ડ બનાવટી કાર્ડ હોવાનું બહાર આવ્યું હતું જેથી પોલીસે કારમાં સવાર સાત લોકોને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. પોલીસ પૂછપરછમાં આ ટોળકી નકલી પોલીસ બનીને લોકોને લૂંટતી હોવાની કબૂલાત થઈ હતી.

# ગિરનાર રોપ-વેનું કામ અંતિમ ચરણમાં, ત્રણ ટ્રોલીમાં સામાન સાથે ટ્રાયલ સફળ

જૂનાગઢ : ગિરનાર રોપ-વેની કામગીરી હવે અંતિમ ચરણમાં પહોંચી છે. હાલ રોપ-વેની કામગીરીમાં કેબલ, સિગ્નલ વગેરે સામાન લઈ જવાની તેમ જ તેના ચેકિંગ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. લોકડાઉનને કારણે પ્રભાવિત થયેલી ગિરનાર રોપ-વેની કામગીરી ફરી પુરજોશમાં શરૂ થઈ ગઈ છે. ઓસ્ટ્રિયાથી આવેલી ટીમ દ્વારા ત્રણ ટ્રોલી દ્વારા ટ્રાયલ કરવામાં આવી રહ્યું છે જે સફળ રહ્યું છે.

રોપ-વેની કામગીરી પૂર્ણ થયા બાદ ટેસ્ટિંગ માટે બીજી ટીમ આવશે અને પેસેન્જર ટ્રાયલ કરશે.અત્યારે ઓસ્ટ્રિયાના ઈજનેર આ કામગીરી કરી રહ્યા છે. હાલ ટ્રોલી પણ ચલાવાઈ રહી છે. જોકે આ ટ્રોલી દ્વારા કેબલ, સિગ્નલનો સામાન લઈ જવા તેમ જ એના ચેકિંગની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ ટેસ્ટિંગની કામગીરી શરૂ કરવામાં આવશે. આ માટે બીજી એક ટીમ આવશે. આ ટીમ આવ્યા બાદ પેસેન્જર ટ્રોલીનું ટેસ્ટિંગ હાથ ધરવામાં આવશે. આ ટ્રોલી ખાલી તેમજ નક્કી કરેલા વજન સાથે દોડાવવામાં આવશે, જેથી રોપ-વે શરૂ થતાં પહેલાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો એની જાણકારી મળી શકે. ટ્રોલીનાં સવારથી સાંજ સુધી ટ્રાયલ કરવામાં આવશે. આવા ટેસ્ટિંગ બાદ સંતોષકારક કામગીરી જણાશે અને કોઈ મુશ્કેલી ન હોવાનું જણાયા બાદ રોપ-વે શરૂ કરવા અંગેનો નિર્ણય કરવામાં આવશે.

ટૂંકમાં, રોપ-વે શરૂ કર્યા બાદ કોઈ મુશ્કેલી ન આવે તે માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ અપાય રહ્યો છે. ગિરનાર રોપ-વે શરૂ થયા પછી યાત્રિકોનો પ્રવાહ વધશે.

# રાજકોટ ડેરી ચેરમેને કિસાન સંઘ પ્રમુખ પર ભ્રષ્ટાચારના આરોપ મૂક્યા

રાજકોટ : રાજકોટ ડેરીમાં ભ્રષ્ટાચારનો મુદ્દો ગરમાયો છે. રાજકોટ ડેરીના ચેરમેન ગોવિંદ રાણપરિયાએ કિસાન સંઘના પ્રમુખ દિલીપ સખીયા પર ગંભીર આરોપ લગાવ્યા છે. જેથી દિલીપ સખીયા રાજકોટ ડેરીના ચેરમેનના આક્ષેપો સામે ધુઆપુઆ થઈ ગયા છે. આ પહેલા કિસાન સંઘે રાજકોટ ડેરીમાં ભ્રષ્ટાચારનો આરોપ કર્યો હતો. તેથી રાજકોટ ડેરીમાં ભ્રષ્ટાચાર મુદ્દે હવે ડેરીના ચેરમેન અને કિસાન સંઘના દિલીપ સખીયા સામસામે થયા છે. રાજકોટ ડેરીના ચેરમેન રાણપરિયાએ દિલીપ સખીયા પર ગંભીર આરોપ લગાવતા કહ્યું હતું કે દિલીપ સખીયા દાઉદ ગેંગ સાથે સંકળાયેલા હતા. તેમણે કહ્યું કે નેપાળ બોર્ડરે ૧૫ કિલો સોનું પકડાયું હતું જેમાં દિલીપ સખિયા સામેલ હતા. આ સિવાય રણપરિયાએ ગંભીર આરોપ લગાવતા કહ્યું કે દિલીપ સખિયાના કારણે ૩ લોકોએ આપઘાત કર્યો. ઉપરાંત, કાલાવડ ડાયરાના રૂ.૧ કરોડ ચાઉં કરી ગયાનો આરોપ પણ લગાવ્યો છે. જ્યારે બીજી તરફ દિલીપ સખીયા રણપરિયાના આરોપો બાદ ધુઆંપુઆં થયા હતા. દિલીપ સખીયાએ કહ્યું કે,'જો હું દાઉદનો માણસ છું તો તમારે દાઉદ સાથે બેઠક થતી લાગે છે.' સખીયાએ કહ્યું કે આવા ખોટા આરોપો કરી ડેરીમાં ભ્રષ્ટાચાર મુદ્દાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરાયો છે.

# ગોંડલમાં કૂવામાં લપસતાં પુત્રને બચાવવા પિતાએ ઝંપલાવ્યું, બન્નેનાં મોત

ગોંડલ : નવાગામ ખાતે રહેતા અને ખેતીવાડી સાથે ઘર ગુજરાન ચલાવતા હરેશભાઈ રવજીભાઈ કંડોલીયા (ઉ. વ.૩૦), પત્ની, પુત્ર અને પિતા સહિતના પરિવાર સાથે પોતાના ખેતરે મગફળી ઉપાડવાના કામે લાગ્યા હતા. દરમિયાન આઠ વર્ષનો એકનો એક પુત્ર દર્શન કૂવા પાસેથી પસાર થઈ રહ્યો હતો અને અકસ્માતે કુવામાં લપસી પડતા બૂમાબૂમ મચી જવા પામી હતી. એ વેળા પળભરનો વિલંબ કર્યા વગર હરેશભાઈએ પણ કૂવામાં ઝંપલાવ્યું હતું. આ ઘટનાને પગલે નાના એવા નવા ગામમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.બનાવની જાણ થતાં ગામનાં લોકો ઘટનાં સ્થળે દોડી ગયા હતા. તાલુકા પોલીસને જાણ કરીપિતા પુત્રનાં મૃતદેહને કૂવામાંથી બહાર કાઢીને ગોંડલ સરકારી હોસ્પિટલમાં ખસેડાયાં હતાં.

# ધોરાજીમાં એક જ પરિવારનો સામૂહિક આપઘાતનો પ્રયાસ, બે બાળકોના મોત

રાજકોટ : રાજકોટના ધોરાજીમાં ભાડેરના તળાવમાં કૂદી સામૂહિક આત્મહત્યાનો આખા પરિવારે પ્રયાસ કર્યો હતો. આપઘાત કરવાનો પ્રયાસ કરનાર પરિવાર પોરબંદરનો હોવાનું સામે આવ્યું છે. રાજકોટના ધોરાજીમાં આવેલ ભાડેર તળાવમાં પોરબંદરના એક પરિવારે સામૂહિક આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે ધોરાજીના ભાડેર તળાવમાં સામૂહિક આત્મહત્યાને અંજામ આપે એ પહેલા ત્રણને બચાવી લેવામાં આવ્યા હતા જ્યારે બેના મૃત્યુ નિપજ્યા હતા. પોરબંદરના શબીર આમદ રાઠોડ નામના ૩૫ વર્ષીય મુસ્લિમે તેના પરિવાર સાથે ભાડેર ગામ પાસે આવેલા તળાવમાં આત્મહત્યા કરવા માટે પડ્યા હતા. સામૂહિક આત્મહત્યાના પ્રયાસ દરમિયાન બાજુમાં ઢોર ચરાવતો ગોવાળ જોઈ જતા બધાને જાણ કરી હતી. અને પાંચમાંથી ત્રણ લોકોને બચાવવામાં આવ્યા હતા જ્યારે બેના મૃત્યુ નિપજ્યા હતા. આ મામલે બે બાળકોના મોત નિપજ્યા હતા જેમના મૃતદેહને પીએમ અર્થે ધોરાજીના મોટી મારડ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ પરિવારને પોરબંદરથી મરવા માટે અહી આવવાનું કારણ શું છે વગેરે બાબતની તપાસ હાલમાં પોલીસ કરી રહી છે. આપઘાતનો પ્રયાસ કરનારામાં શબીર ૩૫ વર્ષ (બચાવ), પત્ની રૂખસાના ૨૮ વર્ષ (બચાવ), નાનો પુત્ર એહમદ ૪ વર્ષ (બચાવ)નો સમાવેશ થાય છે.

# રાજકોટમાં પેસેન્જરના સ્વાંગમાં બેસેલા શખ્સોના યુવાનો પર એસિડ એટેક

રાજકોટ : રાજકોટ-ભાવનગર હાઈ-વે પર માંડા ડુંગરની ગોળાઈમાં બે યુવાનો પર એસીડ એટેક થયો હતો. મૂળ વંથલીના સોનાપડી ગામના અને હાલ ગોંડલ રોડ પર રસુલપરામાં રહેતા મહમદ ઉર્ફે અબલી પલેજા (ઉ.વ.૧૯) ભાડાની સીએનજી રીક્ષા ચલાવે છે. તેનો મિત્ર અફઝલ પઠાણ તેની નજીક જ રહે છે. આજે બપોરે બંને અફઝલને રીક્ષા લેવી હોવાથી જતા હતા ગોંડલ ચોકડીનો પુલ ચડતા આશરે ૨૨ વર્ષના પેસેન્જરના સ્વાંગમાં રહેલા બે હુમલાખોરોએ રીક્ષા ઊભી રખાવી હતી અને કહ્યું કે, આજીડેમ ચોકડીથી કેટરર્સમાં કામ કરતી ત્રણ મહિલાઓને લઈ બસ સ્ટેન્ડ જવાનું છે. જેથી તેણે એક વ્યક્તિનું રૂા.૧૦૦ ભાડું કહેતા હુમલાખોરોએ પોસાતું નથી તેમ કહ્યું હતું. બાદમાં તેનો પોતાનો મોબાઈલ નંબર આપ્યો હતો. ત્યારબાદ બંને ત્યાંથી રીક્ષામાં નીકળી ગયા હતા.

# કુરાન મજીદમાંની "આયતુલ કુરસી" (અલ્લાહની સત્તા તથા રાજ્ય વિષેની આયત)નો પદ્યમય ભાવાનુવાદ અને જાણકારી



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

ભાગ-૧

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના કુલ શ્લોકો(આયતો)ની સંખ્યા લગભગ ૬૨૦૦ કરતાં પણ વધારે છે. આ શ્લોકોને અરબી ભાષામાં "આયત" કહેવામાં આવે છે, અને અરબી શબ્દ"આયત"નું ભાષાંતર ગુજરાતી અને ઉર્દુ ભાષામાં "નિશાની" થાય છે. બીજા શબ્દોમાં "આયાત" એટલે કે શ્લોક એક નિશાની સ્વરૂપે છે.

કુરાન મજીદમાંની ૬૨૦૦ કરતાં પણ વધારે આયતોમાં અમુક આયતો ખાસ વિશિષ્ઠા ધરાવે છે અને તેથી આ ખાસ આયતોના વિશિષ્ઠ નામ પુરાતન કાળથી એટલે ૧૪૦૦ વર્ષ પહેલા ઈસ્લામના અંતિમ પયગંબર સહેબ (સ.અ.વ.)ના સમયથી પ્રચલિત થયેલ છે. આ વિશિષ્ઠ નામોમાં "આયતુલ બિર્ર" (ભલાની આયત, પ્રકરણ ૨, શ્લોક ૧૭૭), "આયતે કરીમા" (માન આદરણીય આયત), પ્રકરણ ૨૧, શ્લોક ૮૭), "આયતુલ કુરસી" (સત્તા, રાજ્ય, સિંહાસન ની આયત, પ્રકરણ ૨, શ્લોક ૨૫૫) વગેરે.

નીચે કુરાન મજીદના પ્રકરણ ૨ના શ્લોક ૨૫૫ એટલે કે "આયતુલ કુરસી" (સત્તા, રાજ્ય, સિંહાસનની આયત)નું ગુજરાતી ભાષાંતર આપવામાં આવે છે :-

"બિલ્મીલ્લાહ અલ રહમાન અલ રહીમ."

"અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે."

"અલ્લાહ સિવાય કોઈ પણ બીજો પુજવાને (બંદગીને) લાયક નથી. તે સજીવ (હયાત) અને સમસ્ત સૃષ્ટિનો રક્ષક છે. તે ન સુવે છે અને ન તેને ઝોકું આવે છે. ધરતી અને આકાશોમાં જે કંઈ છે, તે સર્વેનો માલીક તે જ છે. કોણ છે જે તેની હજુરમાં તેની પરવાનગી વગર કોઈની ભલામણ કરી શકે ? જે કંઈ લોકો સમક્ષ ખુલ્લું છે તેને પણ તે જાણે છે અને જે કંઈ તેમનાથી અદ્રશ્ય છે. તેનાથી પણ તે સંપૂર્ણ રીતે જાણકાર છે. અને તેના જ્ઞાન માંથી કોઈ વસ્તુ તેઓ નથી જાણી શકતા, સિવાય કે કોઈ વસ્તુનું જ્ઞાન એ પોતે જ તેમને આપવા ચાહે. તેનું રાજ્ય (કુરસી- સત્તા- સિંહાસન) સમસ્ત આકાશો અને ધરતી પર વ્યાપેલું છે, અને આ સર્વેની દેખભાળ તેના માટે કોઈ મુશ્કેલ કે થકવી નાખતું કાર્ય નથી. બસ તે જ ઉચ્ચ, સર્વોપરી અને મહાન હસ્તી છે." (પ્રકરણ ૨, શ્લોક ૨૫૫- આયતુલ કુરસી)

પ્રકરણ ૨ના આ એક જ શ્લોક ૨૫૫ એટલે કે "આયતુલ કુરસી"માં પાલનહાર અલ્લાહની એક સંપૂર્ણ તથા આગવી અને અનન્ય ઓળખ આપવામાં આવેલ છે કે તે મહા અલૌકિક હસ્તી આનાદી, સજીવ અને મવજૂદ છે, તેનો કોઈ ભાગીદાર નથી, તે એકલો જ બંદગી માટે પુજવાલાયક છે, તમામ માનવજાતનો સર્જનહાર તે એકલો જ છે, તે સઘળા પાપોથી પવિત્ર છે, તે સૌનો માલિક છે, તે સર્વજ્ઞ તથા સર્વ શક્તિમાન છે, તથા કોઈ પણ કાર્ય તેના માટે મુશ્કેલ નથી.

આ "આયતુલ કુરસી"માં અરબી શબ્દ "કુરસી" એક રૂપક તરીકે આવે છે. અને તેનાથી અર્થ પાલનહાર અલ્લાહની વિશાળ સત્તા, તેનું વિશાળ રાજ્ય, સત્તાનું વિશાળ સિંહાસન તથા પુરા બ્રહ્માંડમાં ફેલાયેલ તેના વિશાળ રાજ્ય, સત્તા અને તેના અધિકારોની વિશાળતાનો થાય છે.

હવે આપણે જોઇએ "આયતુલ કુરસી"નો ગુજરાતી ભાષામાં પદ્યમય ભાવાનુવાદ, જે જનાબ મુસાબના તડકેશ્વરી એ કરેલ છે, અને તે ભારતથી એક સમયે પ્રગટ થતા "સાદિક" માસિકના ડીસેમ્બર ૧૯૩૩ના અંકમાં પ્રગટ થયેલ છે. આ પદ્યમય ભાવાનુવાદની હસ્તલીખીત પ્રત મને કરાચી, પાકિસ્તાનના નામાંકિત કવિ, લેખક, કટાર લેખક, તથા સામાજીક કાર્યકર મોહતરમ જનાબ ભાઈ યાકુબ કલુડી ધોરાજીવાલા (મુન્શી ધોરાજવી) સાહેબે સપ્રેમ આપેલ છે.

"બિલ્મીલ્લાહ અલ રહમાન અલ રહીમ"

"કરૂં રબના નામથી આરંભ, જે મોટો કૃપાળુ છે,
નથી જેની દયાનો પાર, જે અનહદ દયાળુ છે."

"અલ્લાહના ઐક્યમાં દ્રેવ્ય નથી,
તે વિણ દ્વિતીય ઉપાસ્ય નથી,
ચિરજીવંત તે સમ અન્ય નથી,
રક્ષક છે, શક એ માંહ્ય નથી.
તંદ્રાથી તે ઘેરાતો નથી,
નિંદ્રાથી અસ્વસ્થ થાતો નથી.
તે સૃષ્ટિનો સંચાલક છે,
જગ આખાનો સંભાળક છે,
તે વિશ્વ સકળનો પાળક છે,
તે તાતઃ સહુજન બાળક છે.
જે વ્યોમ મહીં છે તેનું છે,
જે ભોમ મહીં છે તેનું છે.
તેની આગળ વિણ હુકમ અરે !
કોઈની ભલામણ કોણ કરે ?
તે માલિક છે, જે ચાહે કરે,
ના તેને ભલામણ હોય ખરે !
તે દ્રષ્ટ અદ્રષ્ટનો જ્ઞાતા છે,
તે દાતા છે, જગ તાતા છે.
તેના જેવો કો'ઈ જ્ઞાની નથી,
સીમા તેની વિદ્યાની નથી,
સૃષ્ટિમાં તેનો સાની નથી,
ગત તેની કોઈએ જાણી નથી.
તે ચાહે તેટલું જ્ઞાન દીએ,
તે ચાહે તેટલું ભાન દીએ.
તેની સત્તા આસન હેઠળ,
વ્યાપે છે વ્યોમ ને ભોમ સકળ,
સૃષ્ટિ - સંરક્ષણથી, એક પળ,
તે થાકી શકતો નથી મુદલ.
બળવંત છે તે, જ્વલંત છે તે,
યશવંત મહિમાવંત છે તે.

(ગુજરાતીમાં પદ્યમય ભાવાનુવાદ "આયતુલ કુરસી", પ્રકરણ ૨, શ્લોક ૨૫૫- મુસાબના તડકેશ્વરી)

હવે આપણે જોઈએ "આયતુલ કુરસી"નો ઉર્દુ ભાષામાં પદ્યમય ભાવાનુવાદ, જે કરાચી, પાકિસ્તાનના જનાબ સજ્જાદ અહેમદ સાજીદ મુરાદાબાદી એ કરેલ છે. :-

"બિલ્મીલ્લાહ અલ રહમાન અલ રહીમ"

"કરૂં ઈબ્તેદા ઈસ્મે રહમાન સે,
રહેમ કરને વાલે મહેરબાન સે."

ક્રમશઃ

# ઊંઝા APMC કૌભાંડ : પુરાવા રજૂ કરનાર સૌમિલને જ પોલીસે ઉઠાવ્યો

પાટણ : ઊંઝા એપીએમસીના સત્તાધીશો દ્વારા આચરવામાં આવેલા ૧૫ કરોડના કૌભાંડ મામલે ગુરૂવારે સવારે એપીએમસીમાં જિલ્લા રજિસ્ટ્રાર હિતેષ પટેલે સૌમિલ પટેલને પુરાવા રજૂ કરવા નોટિસ આપી હતી. જે અન્વયે ક્લાર્ક સૌમિલ પટેલ એપીએમસી બિલ્ડિંગમાં સવારે ૧૧ વાગ્યે પુરાવા સાથે હાજર થયો હતો. જો કે આ સમયે તમામ મીડિયાને એપીએમસીના બિલ્ડીંગમાં પ્રવેશતા અટકાવાયું હતું.

એક કલાક સુધી રજિસ્ટ્રાર હિતેષ પટેલ અને કૌભાંડનો આક્ષેપ કરનાર સૌમિલ પટેલ વચ્ચે વાતચીત ચાલી હતી અને સૌમિલે રજિસ્ટ્રારને પુરાવા સોંપ્યા હતા. કૌભાંડ મામલે આંખ આડા કાન કરવા ચોતરફથી થતા દબાણને પગલે પોતે માનસિક અસ્વસ્થ હોઈ જવાબ રજૂ કરવા સૌમિલે ૧૦ દિવસનો સમય માગ્યો હતો. પરિણામે રજિસ્ટ્રાર એપીએમસીમાં તપાસ કરી રવાના થઈ ગયા હતા. સૌમિલ પટેલે રજીસ્ટ્રારને ૯૨ પેજના દસ્તાવેજી પુરાવા જેમાં ૩ પેજમાં પોતાની રજૂઆત, અનુક્રમણિકા અને એપીએમસીના બોર્ડ ઉપર લગાવાતા વેપારના આંકડા અને ચોપડે લેવાતા આંકડાઓમાં કરેલી ગોલમાલના દસ્તાવેજી પુરાવા રજીસ્ટ્રારને સોંપ્યા હતા. રજીસ્ટ્રારે સૌમિલને ઓટીસી આપવાની સ્પષ્ટ ના પાડી દીધી. જેથી તમામ પુરાવાઓની અન્ય વધુ એક કોપી તેઓને આર.પી.એ.ડી. મારફતે ફરી મોકલશે. તેમજ રૂબરૂ રજિસ્ટ્રાર ઓફીસ ખાતે હાથોહાથ રજિસ્ટ્રારને તમામ પુરાવા આપશે.

## દાહોદમાં કિશોરીનાં પેટમાંથી ૨૦.૩૮ કિલોની ગાંઠ નીકળી

દાહોદ : દાહોદ અર્બન હેલ્થ સેન્ટરમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. મધ્યપ્રદેશની ઝાબુઆ જિલ્લાના નાઢ ગામની ૧૪ વર્ષીય કિશોરીને છેલ્લા એક વર્ષથી પેટમાં ગાંઠને કારણે દુખાવો થતો હતો. જેથી પરિવારે મધ્યપ્રદેશ અને દાહોદ જિલ્લાનાં અનેક નિષ્ણાતોને પણ બતાવ્યું હતું પરંતુ કોઇ પરિણામ મળતું ન હતું. રંજીલાબેન નાજુભાઈ મછાર છેલ્લા એક વર્ષથી પેટમાં વધતી જતી ગાંઠથી પીડાતી હતી. દાહોદના અર્બન હોસ્પીટલમાં મધ્ય પ્રદેશની સગીરાના પેટમાં ૨૦.૩૮ કિલોની ગાંઠ કાઢીને તબીબોએ તેને નવજીવન બક્ષ્યુ છે.

## ગુજરાતી ફિલ્મના પ્રોડ્યુસરનો યુવતી પર હોટલમાં બળાત્કાર

વડોદરા : સયાજીગંજની અદિતિ હોટલમાં નોકરીની વાત કરવા માટે યુવતીને બોલાવી તેની સાથે દુષ્કર્મ આચરનાર ફિલ્મ પ્રોડયુસર દિપ પટેલ હાલમાં વડોદરાની નાઈટ લાઈફ ઉપર વેબ સિરીઝ બનાવી રહ્યો છે. સયાજીગંજ પોલીસે દુષ્કર્મ આચરનાર દિપ રાજુભાઇ પટેલ (રહે.કલાલી,શ્રીજી ખડકી)ની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ મૂળ સાવલીના ચંદ્રનગરનો ખેડૂત પુત્ર દિપ પટેલ છેલ્લા ત્રણેક વર્ષથી વડોદરાના કલાલી વિસ્તારમાં તેના પિતા સાથે રહેવા આવ્યો છે. દિપ પટેલને ફિલ્મ બનાવવાનો ચસ્કો લાગ્યો હતો અને તેણે ફિલ્મ કે સિરિયલ બનાવતા પ્રોડક્શન ગ્રુપને મદદ શરૂ કરી હતી. એક વર્ષ પહેલાં તેણે ગુજરાતી ફિલ્મ પણ તૈયાર કરી હતી. પરંતુ તેનું શૂટિંગ હજી પુરૂ થયું નથી. એ જ રીતે વડોદરાની નાઈટ લાઈફ ઉપર પણ તેણે વેબ સીરિઝના પાંચેક એપિસોડ તૈયાર કર્યા છે. પરંતુ તેનું પણ શૂટિંગ અને એડિટિંગ બાકી છે.

# બેચરાજીમાં માર્કેટયાર્ડની પાંચ બેઠકો પર વર્તમાન ચેરમેનની પેનલની જીત

- પૂર્વ ગૃહરાજ્ય મંત્રી રજની પટેલ સમર્થિક ઉમેદવારો પરાજિત

ચાણસ્મા : બેચરાજી માર્કેટયાર્ડની ૧૫ બેઠકો માટે યોજાયેલી ચુંટણી બાદ બુધવારે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં વેપારી વિભાગની ૪ અને ખરીદ-વેચાણ વિભાગની ૧ મળી કુલ પાંચ બેઠકોના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતના પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી રજની પટેલની પેનલના ઉમેદવારોની કારમી હાર થઈ હતી અને વર્તમાન ચેરમેન વિઠ્ઠલભાઈ પટેલની પેનલના ઉમેદવારોનો વિજય થયો હતો. નોંધપાત્ર છે કે ખેડૂત વિભાગની ૧૦ બેઠકોના પરિણામો અંગે વિવાદ હોવાથી હાઈકોર્ટના નવા આદેશ બાદ તેની મતગણતરી કરવામાં આવનાર છે. વર્તમાન ચેરમેન વિઠ્ઠલભાઈ લાટીવાળા સામે ભાજપના જ આગેવાન પૂર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલે મુકાવતાં મામલો ભાજપ વર્સીસ ભાજપ અને એકબીજાની પ્રતિષ્ઠાનો બની ગયો હોઈ એડીચોટીનું જોર લગાવ્યું હતું. દરમિયાન ગઈકાલે યોજાયેલી ચુંટણીનું ગુરુવારે પરિણામ જાહેર થયું હતું. જેમાં વેપારી વિભાગની ચાર બેઠકો પરથી વર્તમાન ચેરમેન જૂથના દેસાઈ ગીતાબેન નારણભાઈ (૧૮ મત), પટેલ વિરમ અમૃતભાઈ (૧૮ મત), પટેલ હિરેનકુમાર લક્ષ્મણભાઈ (૧૮ મત) અને પટેલ અશ્વિનભાઈ ડાહ્યાભાઈ (૧૮મત) વિજેતા જાહેર થયા હતા. જ્યારે સહકારી ખરીદ-વેચાણ સંઘની એક બેઠક પરથી દેસાઈ સમુબેન બાબુભાઈ વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા.

## બનાસડેરીની ચુંટણી માટે પ્રથમ દિવસે એકેય ફોર્મ ન ભરાયું

પાલનપુર : બનાસકાંઠાની અગ્રણી સહકારી સંસ્થા બનાસ ડેરીની ચુંટણી જાહેર થતાંજ જિલ્લાનું સહકારી રાજકારણ પુનઃધબકતું થયું છે. જેમાં પીઢ આગેવાનો બનાસ ડેરીમાં સત્તાનું સુકાન સંભાળવા માટે પેનલો બનાવીને ચુંટણી જંગમાં જંપલાવવાની તૈયારીઓ કરી રહ્યા છે.

આ ચુંટણીમાં તા.૨૨થી ૨૯ સપ્ટેબર સુધ ઉમેદવારીપત્રો ભરવાનું જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે. જેમાં બુધવારે ઉમેદવારી પત્ર ભરવામાં પ્રથમ દિવસે એક પણ નામાંકન પત્ર રજુ ન થતાં ઉમેદવારી પત્ર ભરવાનો પ્રથમ દિવસ કોરો રહ્યો હતો.

## વડોદરા DDOને ઠપકો આપતી દરખાસ્ત આખરે પાછી ખેંચાઈ

વડોદરા : વડોદરા જિલ્લા પંચાયતની મીટિંગમાં પહેલીવાર કોંગ્રેસ દ્વારા ડીડીઓને ઠપકો આપતી દરખાસ્ત મુકાતાં ભાજપના સભ્યો ડીડીઓના બચાવમાં આવ્યા હતા. વડોદરા જિલ્લામાં હાઈમાસ્ટ મુકવાના મુદ્દે ચૂંટાયેલા સભ્યો વહીવટીતંત્રથી નારાજ છે.

હાઈમાસ્ટના કામોને પ્રાથમિક મંજૂરી આપવામાં આવી હતી.પરંતુ સરકારે હાઈમાસ્ટના કામો માટે ગ્રાન્ટ ફાળવવા માટે પ્રતિબંધ મુક્યો હોવાથી આ કામોની વહીવટી મંજૂરી આપવામાં આવી નથી. આજે કેટલાક સભ્યોએ ડીડીઓ કમલ ઝવેરી સામે ગંભીર આક્ષેપો કરી કહ્યું હતું કે,ડીડીઓએ સભ્યોને ગેરમાર્ગે દોર્યા છે. જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખે કોરોનાની સારવાર માટે પંચાયતે ફાળવેલા રૂા.૨ કરોડમાંથી એક પાઈ પણ સભ્યોને મળી નથી..તેમ કહી ડીડીઓને ઠપકો આપતી દરખાસ્ત રજૂ કરતાં કોંગી સભ્યોએ ટેકો આપ્યો હતો. જ્યારે ભાજપે ડીડીઓની તરફેણ કરી હતી. આખરે ઉપપ્રમુખે દરમિયાનગિરી કરતાં ઠપકા દરખાસ્ત પરત ખેંચાઈ હતી.

# સૂર્ય ભ્રમણ મુજબ દૈનિક વાર આધારે હોરા મુર્હૂત જોવાની અને તેના ફળની માહિતી



જ્યોતિષ શાસ્ત્રમાં હોરા જે સૂર્યના પ્રત્યેક કલાક અને જે તે વારથી જોવાતી એક મુર્હૂત પદ્ધતિ છે. તેને વરાહ મિહિરની એક શોધના ભાગરૂપે જોવામાં આવે છે. આ પ્રચલિત પદ્ધતિ શુભ-અશુભ સમય દર્શાવતી હોવાથી માંગલિક કાર્યો. કાર્યસિદ્ધિ. ધનપ્રાપ્તિ યાત્રા. પ્રવાસ. નોકરી માટે - ધંધા માટેની શરૂઆત વિગેરે માટે આ સૂર્ય ભ્રમણ સમયને હોરા કહેવામાં આવે છે. જે સ્થાનિક સૂર્ય ઉદયથી દર એક કલાકથી શુભ અશુભ હોરાનો ઊપયોગ એક મુર્હૂતના ભાગરૂપે જોવાતો હોય છે. જેના સાત નામ વાર ગ્રહ મુજબ છે.

સૂર્ય દિવસ-રાતનો સમય ૨૪ કલાકનો હોય છે. હોરા પણ ૨૪ હોય છે. જે તે વારે એટલે કે રવિ, સોમ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિની સૌ પ્રથમ હોરા જે તે ગ્રહની જ આવતી હોય છે દિવસના સૂર્ય ઊદયથી બીજા દિવસના સૂર્ય ઉદયના સમય સુધી હોય છે.

શુભ હોરા : ચંદ્ર- ગુરૂ જે સૂર્યના મિત્રગ્રહ હોવાથી સારૂ અને ઉત્તમ ફળ શુભ કાર્યનું આપે છે.

મધ્યમ ફળ :- બુધ-શુક્રની હોરા આપે છે અને તેનાથી પણ ઓછુ ફળ સૂર્ય-શનિ, અને મંગળની હોરા અશુભ ફળ આપતી હોય છે. આ રીતે સાત હોરાઓ પ્રત્યેક કલાકે અને વારે આપે છે.

હોરાનું ફળ : (૧) સૂર્યની હોરા ચિંતાકારક, ટેન્શન, ભય, ડર, આપે છે. સારા કાર્યો કરવા નહી. (૨) ચંદ્રની હોરા : અમૃત આપનારી છે. અભિષેક, ગળથુંથી પીવડાવવી, દવા લેવી. તિર્થસ્થાનોમાં સ્નાન કરવું આવા કાર્યો માટે ઊત્તમ છે. (૩) મંગળની હોરા : રોગ કારક છે. આ સમય ગાળામાં દવા લાગુ પડતી નથી ઈન્ફેકશન લાગવુ વિગેરે શારીરિક પીડા માટે છે. જેનો ઉપયોગ કરવો નહી. ઓપરેશન વિગેરે કરાવવું નહીં. (૪) બુધની હોરા : લાભ આપનારી હોવાથી ધંધા-વેપાર કરાક-દસ્તાવેજ માટે શુભ અને સારી છે. જેમીન મકાનની લે-વેચ શેર બજારના સોદા માટે ખુબ સારી છે. (૫) ગુરૂની હોરા :- માંગલિક કાર્યો, યજ્ઞ, કથા-વાર્તા, દેવ મંદિરની સ્થાપના મૂર્તિ સ્થાપના, ગાદી સ્થાપના માટે ઊત્તમ ફળ આપનારી છે. (૬) શુક્રની હોરાઃ કર્મકાંડ, ટેકનીકલ લાઈનની શરૂઆત દેવાનું સંશોધન, ઘરમાં દુકાનમાં કારખાનામાં ફેકટરીમાં થતા નુકસાનને દૂર કરવા આ હોરાનો ઉપયોગ થાય છે. (૭) શનિની હોરા : આ હોરામાં વાહન-ગાડી-પ્રવાસ-પરદેશ ગમન માટે અતિખરાબ અશુભકાળ સમાન ફળ આપે છે. આ મુજબના કાર્યો કરવા નહીં.

જ્યારે હોરાની શરૂઆત થાય ત્યારે પ્રથમ દશ મિનિટ અને પૂર્ણ થવાની પહેલાની દશ મિનિટનો સમય સંધિ હોરા ચાલતી હોઈ તેનો ત્યાગ કરવો જોઈએ. આ સમયમાં બન્નેવ હોરાનું ફળ મળતું હોય છે. જે મિશ્રફળ સમાન હોય છે. સૂર્યના કિરણોમાં પોઝિટિવ અને નેગેટિવ એનર્જી હોવાથી સમયને ઓળખી કાર્ય કરવા આ હોરા મુર્હૂતનો ઉપયોગ થાય છે. ગ્રહ મૈત્રી સંબંધમાં રાહુ-કેતુને શત્રુ ગ્રહ સમાન ગણેલા હોવાથી તેમાની હોરા હોતી નથી (પાપ ગ્રહ હોવાથી) સૂર્ય નારાયણ ભગવાનના ઘોડાઓ અને તેમના કિરણોને કારણે સાત વારની હોરાઓને પ્રાધાન્ય આપવામાં આવેલ છે.

નોકરી મેળવવા માટેનો કે પ્રમોશન મેળવવા માટેનો યજ્ઞ :- આજકાલ લોકોને જીવન ચલાવવા માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વિદ્યાભ્યાસ પૂર્ણ થયા પછી નોકરી મળતી નથી. આ યજ્ઞ પ્રયોગ કરવાથી નોકરી જરૂરથી અને વહેલી મળી જાય છે. નોકરી માટે જ્યોતિષમાં સૂર્યને મહત્વ અપાવવા માટે મુખ્યભાગ ભજવે છે.

યજ્ઞ ક્યારે કરવો :- ભાનુ સપ્તમી એટલે કે રવિવારે સાતમ આવે તેને ભાનુ (સૂર્ય) સપ્તમી કહે છે.

સામગ્રી :- ગાયનું ઘી, આંકડાની સમિધ ૧૦૮ નંગ જે વ્યક્તિ યજ્ઞ કરવા બેસે તેની એક વેંતથી થોડી વધારે લેવી. આંકડો એ સૂર્યની સમિધ છે.

યજ્ઞ કેવી રીતે કરવો :- ગણપતિનું પૂજન અર્ચન પ્રથણ કરવું, ત્યારબાદ યજ્ઞની શરૂઆત કરવી યજ્ઞ પોતાની જાતે ના ફાવે તો જાણકાર બ્રાહ્મણ પાસે કરાવવો.

મંત્ર : ''જય કુસુમસંકાર્શકાશ્યપેયં મહાધુતિ તમોરિં સર્વપાપદનં પ્રણતોડસ્મિ દિવાકરમ્'' અથવા ૐ સૂર્યાય સ્વાહા બોલીને એક સમિધ ઘીમાં બોળીને અગ્નિ નારાયણ ભગવાનને એટલે કે યજ્ઞકુંડમાં અર્પણ કરવી આવા ૧૦૮ વખત મંત્ર બોલીને એક સમિધ અર્પણ કરવી યજ્ઞ પુરો થાય પછી ભગવાનની આરતી ઉતારવી સફેદ મીઠાઈનો ભગવાનને પ્રસાદ ધરાવવો. ભગવાન સૂર્યનારાયણને પ્રાર્થના કરવી કે મને જલ્દી સારી નોકરી મળી જાય યજ્ઞની ભસ્મ જ્યારે નોકરી માટે અરજી કરવાની હોય તે અરજી ઉપર ચપટી જેટલી લગાડવી અર્થવા તો જ્યારે ઈન્ટરવ્યુ માટે જાવ ત્યારે ભસ્મને કપાળ ઉપર લગાવી તિલક કરવું તિલક અનામિકા આંગળી વડે કરવું (રીંગ ફીંગર)

જ્યારે નોકરીમાં પ્રમોશન જોઈતુ હોય ત્યારે આ મુજબનો યજ્ઞ કરવો. નોકરી મેળવવા ઈચ્છતા કોઈપણ સ્ત્રી-પુરુષ નોકરી મળે છે. પ્રમોશન મેળવવાવાળાને ઓફિસમાં પ્રમોશન મળે છે. બંને ત્યાં સુધી સફેદ આંકડાની સમિધ લેવી સમિધ સુકી અને સ્વચ્છ લેવી કે ગાંઢ વગરની લેવી વધારે સારી છે. આ યજ્ઞ પ્રયોગ ભાનુ સપ્તમીને દિવસે જ કરવો જેનું ફળ વ્યક્તિને જલદી મળી રહે છે.

આ વર્ષે ભાનુ સપ્તમી કૃષ્ણપક્ષ નિજ આસો મહિનો તા. ૮-૧૧-૨૦૨૦ને રવિવાર પુષ્પનક્ષત્ર કર્ક રાશિ ચંદ્રમાં હોવાથી ઉત્તમ રાજયોગ કરવાથી અનેક લોકોને નોકરી મળેલ છે કે પ્રમોશન મળેલ છે. જરૂરીયાત વાળા વ્યક્તિઓએ આ પ્રયોગ કરવો જેનાથી કાર્ય સિધ્ધ પૂર્ણ થાય છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------

**બીપીન એસ્ટ્રોલોજર**

૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા

Whatsapp No. 98790 87511

Time : 10.00 am to 6.00 pm

# કોરોનાનો રાફડોઃ વધુ ૮૬૫૦૮ કેસ, ૧૧૨૯નાં મોત

નવી દિલ્હી : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા ગુરુવારે સાંજે જારી કરાયેલા આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના સંક્રમણના નવા ૮૬,૫૦૮ કેસ સામે આવતાં કુલ સંક્રમિતોની સંખ્યા ૫૭,૩૨,૫૧૮ ઉપર પહોંચી હતી. ૨૪ કલાકમાં ભારતમાં વધુ ૧,૧૨૯ દર્દીઓએ જીવ ગુમાવતાં કોરોના મહામારીનો કુલ મૃતાંક ૯૧,૧૪૯ થયો હતો. સતત છઠ્ઠા દિવસે નવા કેસની સરખામણીમાં રિકવર થયેલા કેસની સંખ્યા વધુ રહી હતી. ૨૪ કલાકમાં ૮૭,૩૭૪ કોરોનાના દર્દીઓએ સંક્રમણને માત આપી હતી. આ સાથે રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૪૬,૭૪,૯૮૭ ઉપર પહોંચી હતી. હાલ દેશમાં ૯,૬૬,૩૮૨ એક્ટિવ કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના દર્દીઓનો રિકવરી રેટ વધીને ૮૧.૫૫ ટકા થયો હતો. આઈસીએમઆરના જણાવ્યા અનુસાર બુધવારે દેશભરમાં ૧૧,૫૬,૫૬૯ સેમ્પલ ટેસ્ટ કરાયાં હતાં. જેમાંથી ૮૬,૫૦૮ સેમ્પલ પોઝિટિવ આવતાં પોઝિટિવિટી રેટ ૭.૪૮ ટકા રહ્યો હતો.

### કોરોના કન્ટ્રીવાઇડ

- આસામના પૂર્વ સીએમ તરુણ ગોગોઇ આઇસીયુમાં
- મહારાષ્ટ્રના શહેરી વિકાસ મંત્રી એકનાથ શિંદે કોરોનાથી સંક્રમિત
- દિલ્હીના નાયબ સીએમ મનીષ સિસોદિયા કોરોનાથી સંક્રમિત
- સિક્કિમના સીએમ પ્રેમસિંઘ તમાંગના પરિવારજનો કોરોનાથી સંક્રમિત
- બેંગ્લોરમાં કોંગ્રેસના ધારાસભ્ય નારાયણ રાવનું કોરોનાથી નિધન
- ડીએમડીકેના સ્થાપક અને તામિલ અભિનેતા વિજયકાન્ત સંક્રમિત

## કોરોના સંક્રમણ વધતા મોદીની સાત રાજ્ય સાથે બેઠક

### કોરોના સામે લડવા ટેસ્ટિંગ, ટ્રેસિંગ, ટ્રિટમેન્ટ મંત્ર આપ્યો, લોકોને માસ્ક પહેરવા અપીલ

નવી દિલ્હી : દેશભરમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે સૌથી વધુ કેસો ધરાવતા સાત રાજ્યોના મુખ્ય પ્રધાનોની સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઓનલાઇન બેઠક યોજી હતી અને કોરોના મહામારી સામે પહોંચી વળવાના પ્રયાસો અંગે ચર્ચા કરી હતી. મોદીએ સાથે જ રાજ્યોને એક મંત્ર આપ્યો હતો, મોદીએ કહ્યું હતું કે રાજ્યોએ ટ્રિપલ ટી ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રિટમેન્ટ પર ધ્યાન આપવું જોઈએ.

બીજી તરફ મોદીએ કહ્યું હતું કે કેટલાક લોકોમાં હજુ પણ એ ભ્રમ છે કે ટેસ્ટિંગ એ સારી બાબત નથી, રાજ્યોએ લોકોનો આ ભ્રમ દુર કરવો જોઇએ અને વધુમાં વધુ લોકોનું ટેસ્ટિંગ કરાવવું જોઇએ. જે રાજ્યો આ ઓનલાઇન બેઠકમાં જોડાયા હતા તેમાં સૌથી વધુ કેસો ધરાવતા મહારાષ્ટ્ર,આંધ્ર, કર્ણાટકા, ઉ. પ્રદેશ, તમિલનાડુ, દિલ્હી, પંજાબનો સમાવેશ થાય છે કે જ્યાં દેશના કુલ એક્ટિવ કેસોમાં ૬૩ ટકા કેસો આ રાજ્યોમાં જ છે. દેશની સરખામણીએ આ રાજ્યોમાં કુલ કેસોની સંખ્યા ૬૫.૫ ટકા અને કુલ મૃત્યુઆંક ૭૭ ટકા છે. મહારાષ્ટ્ર, દિલ્હી અને પંજાબમાં જ હાલમાં મૃત્યુ સંખ્યા વધી જતા મૃત્યુદર ૨ ટકાએ પહોંચી ગયો હતો. બીજી તરફ કુલ કેસોની સંખ્યા ૫૬ લાખને પાર પહોંચી ગઇ છે અને મૃત્યુઆંક પણ હવે ૯૦ હજારને પાર પહોંચી ગયો છે અને આગામી દિવસોમાં લાખનો આંકડો પણ પાર કરી શકે છે.

### સાઉદી અરેબિયાએ ભારત તરફથી આવતી ફ્લાઇટ પર રોક લગાવી દીધી

કોરોનાના વધતા જોખમને જોતા સાઉદી અરેબિયાએ ભારત આવનારી અને જનારી તમામ ફ્લાઈટ્સ પર રોક લગાવી છે. ભારતની સાથે સાથે બ્રાઝિલ અને આર્જેન્ટિનાથી પણ મુસાફરોની અવરજવર પર પ્રતિબંધ લગાવ્યો છે. સાઉદી અરબના નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશમાં કહેવાયું છે કે કોરોનાના વધતા જોખમને જોતા ભારત, બ્રાઝિલ અને આર્જેન્ટિનાથી આવતી અને જતી તમામ ફ્લાઈટ્સ પર અસ્થાયી રીતે રોક લગાવવામાં આવી છે. આમા એવા વ્યક્તિઓ પણ સામેલ છે જે સાઉદી અરબ આવતા પહેલા ૧૪ દિવસ પહેલા ઉપરોક્ત કોઈ દેશમાં ગયા હોય. જો કે જે મુસાફરો પાસે સરકાર તરફથી અધિકૃત આમંત્રણ છે. તેમને આ પ્રતિબંધમાંથી છૂટ મળશે.

### કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી અંગડીનું કોરોનાથી નિધન

નવી દિલ્હી : કોરોના વાયરસ સામે લડી રહેલા કેન્દ્રીય રેલ રાજ્ય મંત્રી સુરેશ અંગડીનું બુધવારે નિધન થયું છે. સુરેશ અંગડીને સારવાર માટે દિલ્હીની એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું નિધન થયું છે. તેમના નિધનથી તેમના પરિવારની સાથે કેન્દ્રીય મંત્રી મંડળમાં પણ શોકની લાગણી વ્યાપી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરેશ અંગડીના નિધન પર શોક વ્યક્ત કરતા ટ્વિટ કરી હતી કે, સુરેશ અંગડી એક અસામાન્ય કાર્યકર્તા હતા જેમણે કર્ણાટકમાં પાર્ટીના મજબૂત બનાવવા માટે તનતોડ મહેનત કરી હતી. તેઓ એક પ્રતિબદ્ધ એમપી અને અસરકારક મંત્રી હતા. તેમના નિધનથી મને ઘણું જ દુઃખ થયું છે. આ દુઃખની ઘડીમાં હું તેમના પરિવાર અને મિત્રોને સાંત્વના પાઠવું છું.

### ૩જા તબક્કામાં વેક્સિન ૫૦% અસરકારક તો હોવી જ જોઈએ : DGCI

નવી દિલ્હી : દેશમાં કોવિડ-૧૯ વેક્સિન વિકસાવવાના કામે લાગેલી ફાર્મા કંપનીઓ માટે દેશની ડ્રગ નિયામક સંસ્થા, ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા (ડીજીસીઆઇ) દ્વારા કોરોના વેક્સિન નિર્માણ મુદ્દે નવી ગાઇડલાઇન જારી કરી છે. ડીજીસીઆઇ દ્વારા પોતાની નવી ગાઇડલાઇનમાં કહેવામાં આવ્યું છે કે કોઇપણ કોરોના વેક્સિન તેના ત્રીજા તબક્કાના માનવીય પરીક્ષણ દરમિયાન ઓછામાં ઓછી ૫૦ ટકા અસરકારક હોવી જોઇએ. અર્થાત પરીક્ષણ દરમિયાન ઓછામાં ઓછા ૫૦ ટકા લોકો પર અસરકારક પ્રભાવ પડવો જોઇએ. ગર્ભાવસ્થામાં અને પ્રસૂતિની સંભાવના ધરાવતી મહિલાઓમાં કોવિડ-૧૯ નિવારક વેક્સિનનો ઉપયોગ રસીકરણ કાર્યક્રમનો એક મહત્ત્વપૂર્ણ વિચાર છે.

## જમ્મુ - કાશ્મીરમાં ભાજપના કાર્યકર અને સરપંચની ગોળી મારીને હત્યા

શ્રીનગર : છેલ્લા ઘણા સમયથી જમ્મુ કાશ્મીરમાં ભાજપ નેતાઓ અને કાર્યકર્તાઓ આતંકીઓના નિશાના ઉપર છે. જેના કારણે સતત તેમની હત્યાઓ થઈ રહી છે. ત્યારે ભાજપના નેતાઓની હત્યાનો આ સિલસિલો હજુ પણ યથાવત છે. ફરી એક વખત જમ્મુ કાશ્મીરમાં ભાજપના એક કાર્યકર્તાની હત્યાની ઘટના સામે આવી છે. જમ્મુ કાશ્મીરના બડગામ જિલ્લામાં એક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવે છે.

મળતી માહિતિ પ્રમાણે બડગામ જિલ્લાના દલવાશ ગામની અંદર ભાજપના એક કાર્યકર અને સરપંચની તેમના ઘર



ઉપરપ જ ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. ભૂપિંદર સિંહ નામનો આ વ્યક્તિ ભાજપનો કાર્યકર્તા અને ગામનો સરપંચ હતો. આ ઘટનાને લઈને જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ ટ્વિટ કરીને દુખ વ્યક્ત કર્યુ છે. ઉલ્લેખનીય છે કે આ પહેલી ઘટના નથી કે જ્યારે કોઈ ભાજપના નેતાને આ રીતે નિશાન બનાવવામાં આવ્યો હોય. આ પહેલા પણ જમ્મુ કાશ્મીરમાં અનેક ભાજપી નેતાઓની ગોળી મારીને હત્યા કરી છે. હત્યાના ડરના કારણે જમ્મુ કાશ્મીરના અનેક ભાજપી નેતા અને કાર્યકર્તાઓ રાજીનામુ પણ આપી ચુક્યા છે. જે સરપંચની હત્યા કરાવામાં આવી છે તે ભૂપેંદર સિંહે થોડા સમય પહેલા ભાજપના અધ્યક્ષ સાથે આતંકીઓની ગોળીઓનો શિકાર બનેલા નેતાઓના પરિવારોની મુલાકાત કરી હતી. ઉપરાંત ભાજપના નેતાઓને સુરક્ષા મળે તે માટે અધિકારીઓ સાથએ વાતચીત પણ કરી હતી.

## સંસદમાં રાફેલ મામલે કેગમાં મોદી સરકારની ઝાટકણી કઢાઈ

- વિમાન બનાવનારી કંપની ડસોલ્ટ એવિએશન અને એમબીડીએમાંથી કોઈએ પણ આ શરતને પૂરી કરી નથી

નવી દિલ્હી : રાફેલ વિમાનોના સોદાને લઈને ફરી એક વખત રાજકીય રમખાણ થવાની શક્યતાઓ છે. ઝછઞ (કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ)ના તાજેતરમાં સંસદમાં રજૂ થયેલા રિપોર્ટમાં આ ડિલ માટેની કેટલીક શરતો પૂરી કરવામાં નહીં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે.કેગના રિપોર્ટમાં કહેવાયું છે કે, ૬૦૦૦૦ કરોડના ખર્ચે ખરીદવામાં આવેલા વિમાનોના સોદામાં મુખ્ય વાત ટેકનોલોજી ટ્રાન્સફરની હતી પરંતુ વિમાન બનાવનાર કંપની ડસોલ્ટ એવિએશન અને સ્બ્ઢછમાંથી કોઈએ પણ આ શરતને પૂરી કરી નથી. બીજી તરફ ભારતની સંસ્થા ડીઆરડીઓને લડાકુ વિમાનોના એન્જિન બનાવવા માટે આ ટેકનોલોજીની જરૂર છે. વિદેશી કંપનીઓએ ઓફસેટની વાત કરી હતી, દસોલ્ટે ભારત સાથે ૩૦ ટકા ટેકનોલોજી શેર કરવાનું વચન આપ્યું હતું પણ હજી સુધી તેનું પાલન થયું નથી. આ ડિલમાં એવી કોઈ જોગવાઈ નથી. જે પ્રમાણે શરતનું પાલન નહીં કરનાર વિદેશી કંપનીને દંડ કરી શકાય અને હવે તો જે ટેકનોલોજી શેર કરવાની હતી તે પણ જુની થઈ ગઈ છે.

## ઉત્તર પ્રદેશમાં ૧૦૦૦ હજાર એકર જમીનમાં ફિલ્મ સિટી બનાવવાની તૈયારી શરૂ થઇ

લખનઉ : ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મંગળવારે પોતે રાજ્યમાં જે પ્રકારની ફિલ્મ સિટી બનાવવા ધારે છે એની વિગતો જાહેર કરી હતી. આ એક મહત્ત્વાકાંક્ષી યોજના હોવાનું તેમણે જાહેર કર્યું હતું. આ યોજના મુજબ ગૌતમ બુદ્ધ નગરમાં યમુના એક્સપ્રેસ વે ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓથોરિટીની એક હજાર એકર જમીનમાં આ ફિલ્મ સિટી સ્થાપવામાં આવશે. આ સ્થળ પાટનગર નવી દિલ્હીથી ફક્ત એક કલાક દૂર હતું. આ સ્થળે વૈશ્વિક કક્ષાનો ઇન્ફ્રેટેઇનમેન્ટ ઝોન સ્થપાશે. અહીં ફિલ્મોદ્યોગને જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. મુખ્ય. પ્રધાન કાર્યાલયે વધુમાં કહ્યું કે ભગવાન કૃષ્ણનો જન્મ થયો એ મથુરા નગરી, તાજમહાલ છે એ આગ્રા શહેર અને નોઇડામાં બનનારા સૂચિત લોજિસ્ટિક હબની પણ નજીક હશે.

## દિલ્હી રમખાણ : ઉમર ખાલીદને ૨૨ ઓક્ટોબર સુધી જ્યુડિશિયલ કસ્ટડી

- પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત સમયે લોકોને રસ્તા પર ઊતરવા, રસ્તા જામ કરવા ઉશ્કેરણી કરી હોવાનો આરોપ

નવી દિલ્હી : દિલ્હીની એક કોર્ટે જેએનયુના પૂર્વ વિદ્યાર્થી નેતા ઓમર ખાલિદની ધરપકડ કરી હતી, જેની ફેબ્રુઆરીમાં ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલી કોમી હિંસાના મામલામાં ધરપકડ કરવામાં આવી હતી, તેને ૨૨ ઓક્ટોબર સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યો હતો. પોલીસ કસ્ટડીનો સમયગાળો પૂરો થયા બાદ, ખાલિદને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા એડિશનલ સેશન્સ જજ (એડીજે) અમિતાભ રાવત સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ખાલિદની ૧૩ સપ્ટેમ્બરે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ એટલે કે યુએપીએ, આતંકવાદ વિરોધી કડક કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ગુરુવારે સુનાવણી દરમિયાન પોલીસે ખાલિદની વધુ કસ્ટડી લીધી ન હતી. પોલીસે એફઆઈઆરમાં દાવો કર્યો હતો કે ખાલિદ અને બે અન્ય લોકોએ કરેલી કથિતરૂપે થયેલી સાંપ્રદાયિક હિંસા પૂર્વનિર્ધારિત કાવતરું છે. ખાલિદ વિરુદ્ધ રાજદ્રોહ, હત્યા, ખૂનનો પ્રયાસ, ધર્મના આધારે સમુદાયો વચ્ચે નફરત ભડકાવવા અને રમખાણો ઉશ્કેરવાના આરોપ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

## આસામમાં આફ્રિકન સ્વાઇન ફ્લુને અટકાવવા ૧૨ હજાર ભૂંડને મારવાનો આદેશ

ગુહાવટી : એએક તરફ દેશમાં કોરોના વાયરસનો વ્યાપ સતત વધી રહ્યો છે. દરરોજ કોરોના કેસના આંકડાઓ નવો રેકોર્ડ બનાવે છે. તો બીજી તરફ આસામમાં ફેલાયેલા આફ્રિકન સ્વાઈન ફ્લૂના કારણે ચિંતામાં વધારો થયો છે. આસામ સરકારે આફ્રિકન સ્વાઈન ફ્લુને ફેલાતો અટકાવવા માટે રાજયના ૧૨ હજાર ભૂંડોને મારવાનો આદેશ આપ્યો છે. સરકારે આપેલા આદેશમાં નિર્દેશ કર્યો છે કે અધિકારો આવા પશપાલકોને યોગ્ય પ્રમાણમાં વળતર આપવાની વ્યવસ્થા પણ કરે. સરકારે આદેશમાં જણાવ્યું છે કે જે વિસ્તારમાં સ્વાઈન ફ્લુની અસર જોવા મળી છે,. તે વિસ્તારમાં રહેલા ૧૨ હજાર ભૂંડને મારી નાંખવામાં આવે અને બદલામાં તેમના માલિકોને વળતર ચુકવવામાં આવે. ઉલ્લેખનીય છે કે આફ્રિકન સ્વાઈન ફ્લુના કારણે આસામની અંદર અત્યાર સુધીમાં ૧૮ હજાર જેટલા પ્રાણીઓના મોત થયા છે.

# કેકેઆર ૫૫૦૦ કરોડમાં રિલાયન્સ રીટેલનો ૧.૨૮ ટકા હિસ્સો ખરીદશે

• કેકેઆરએ અગાઉ રિલાયન્સ જીઓનો ૧૧,૩૬૭ કરોડમાં ૨.૩૨ ટકા હિસ્સો ખરીદ્યો હતો

KKR

નવી દિલ્હી : અમેરિકાની ખાનગી ઈક્વિટી કંપની કેકેઆર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટા કંપની રિલાયન્સ રિટેલનો ૧.૨૮ ટકા હિસ્સો ૫૫૦૦ કરોડ રૂપિયામાં ખરીદશે તેમ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે એક નિવેદનમાં જણાવ્યું છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને રિલાયન્સ રીટેલ વેન્ચર્સ લિમિટેડ(આરઆરવીએલ)એ આજે જાહેરાત કરી હતી કે કેકેઆર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સબસિડરી આરઆરવીએલમાં ૫૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ સમજૂતી માટે રિલાયન્સ રીટેલનું મૂલ્ય ૪.૨૧ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. ૫૫૦૦ કરોડ રૂપિયાના રોકાણના બદલામાં કેકેઆરને આરઆરવીએલનો ૧.૨૮ ટકા હિસ્સો મળશે. ઉલ્લેખનીય છે કે કેકેઆરનું રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં બીજુ મોટું રોકાણ છે. આ અગાઉ કેકેઆરએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટા કંપની રિલાયન્સ જીઓમાં ૧૧,૩૬૭ કરોડ રૂપિયાનું રોકાણ કર્યુ હતું. કેકેઆર દ્વારા જારી નિવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડની સબસિડરી કંપની રિલાયન્સ રિટેલ લિમિટેડ ગ્રાહકો અને નાના ઉદ્યોગો માટે લાભકારક પુરવાર થશે.

# ફેસબુક ઈન્ડિયાના અજીત સામે ૧૫ ઓક્ટો. સુધી કાર્યવાહી નહીં : સુપ્રીમ

નવી દિલ્હી : ઉત્તર દિલ્હીમાં કરાયેલા તોફાનોના સંદર્ભમાં દિલ્હી ફેસબુક ઈન્ડિયાના અધિકારી અજીત મોહનને વિધાનસભાની સમિતિ સમક્ષ હાજર થવા સમાન્સ મોકલ્યું હતું, પરંતુ સુપ્રીમ કોર્ટે ગુરુવારે દિલ્હી વિધાનસભાને ૧૫ ઓક્ટોબર સુધી કોઈ જ સખત કાર્યવાહી નહીં કરવા આદેશ કર્યો હતો. ફેસબુક ઈન્ડિયાએ પોતાના પ્લેટફોર્મ પરથી પોસ્ટ કરાયેલી ધૃણાસ્પદ વાતો અને ભાષણોને રોકવા ઈરાદાપૂર્વક કોઈ પ્રયાસ કર્યા નહતા એવા આરોપોસર કરાયેલી ફરિયાદના સંદર્ભમાં ફેસબુક ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટને દિલ્હી વિધાનસભાની શાંતિ અને સદભાવના સમિતિએ નોટીસ મોકલી હતી.બેન્ચે કેન્દ્ર અને રાજ્યની કેટલીક સંસ્થાઓને નોટીસો મોકલી તેમના જવાબ મંગાવ્યા હતા. ફેસબુક ઈન્ડિયાના અજીત મોહન દ્વારા કોર્ટમાં એવી રજૂઆત કરાઈ હતી કે વિધાનસભાની સમિતિને અરજદારને સમન્સ મોકલવા અથવા અરજદારને બ્રિચ ઓફ પ્રિવિલેજ માટે કાર્યવાહી કરવાની કોઈ જ સત્તા નથી અને તેઓ બંધારણીય મર્યાદાઓને ઓળંગી રહ્યા હતા. ફેસબુકની ભૂમિકા અંગે તપાસ કરી રહેલી સમિતિએ મોહનને સમિતિ સમક્ષ હાજર રહેવા નોટિસ મોકલી હતી.

# મોદી દ્વારા ૪ વર્ષમાં ૫૮ દેશોની મુલાકાત, ૫૧૭.૮૨ કરોડનો ખર્ચ

• સંસદમાં વિદેશ મંત્રાલયે ખર્ચના આંકડા જાહેર કર્યા

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૫થી અત્યાર સુધીમાં ૫૮ દેશોની મુલાકાત લીધી હતી, મોદીના આ પ્રવાસ પાછળ ૫૧૭.૮૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો.

સંસદમાં ચાલી રહેલા ચોમાસુ સત્રમાં આપી હતી. સંસદમાં વિપક્ષના એક સવાલના જવાબમાં વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ૨૦૧૫થી લઈને અત્યાર સુધી મોદીના વિદેશ પ્રવાસ પાછળ ૫૧૭.૮૨ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા. સાથે મંત્રાલયે કહ્યું હતું કે વિદેશ પ્રવાસ દરમિયાન વ્યાપાર, ઈન્વેસ્ટમેંટ, સંરક્ષણ સહિત અનેક કરારો પણ આ દેશો સાથે થયા છે. મોદીએ ૨૦૧૫ પછી ૫૮ દેશોની મુલાકાત લીધી, જોકે આ વર્ષે કોરોના મહામારીને કારણે તેઓ વિદેશ પ્રવાસ માટે નથી જઈ શક્યા. જ્યારે ફેબ્રુઆરીમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત આગમન બાદ અન્ય કોઈ મોટા વિદેશી નેતા ભારત નથી આવી શક્યા. નરેન્દ્ર મોદી હાલ વિદેશ નથી જઈ શક્યા પણ તેઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિદેશી નેતાઓના સંપર્કમાં છે. આ સપ્તાહે જ તેઓ સંયુક્ત રાષ્ટ્રને પણ વીડિયો કોન્ફરન્સથી સંબોધવાના છે.

# દાઉદ ઈબ્રાહિમના સાથી ગેંગસ્ટર મિર્ચીના પરિવારની ૨૦૩ કરોડની સંપત્તિ ટાંચમાં

• હોટેલ સહિતની સંપત્તિને દિવાન હાઉસિંગના કૌભાંડી વાધવાન ભાઈઓએ મિર્ચીના પરિવારના નામે ટ્રાન્સફર કરી

નવી દિલ્હી : ઈડી દ્વારા ગેંગસ્ટર ઈકબાલ મિર્ચીના પરિવારની સંપત્તિને જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ઈડીએ હાલ ઈકબાલ મિર્ચીના પરિવારની આશરે ૨૦૩ કરોડ રૂપિયાની સંપત્તિને ટાંચમાં લઈ લીધી છે.

આ સંપત્તિ દુબઈમાં આવેલી છે અને તે ગેંગસ્ટર ઈકબાલ મિર્ચીના પરિવારના નામે છે. મની લોન્ડરિંગ કેસમાં ઈડીએ હવે આ સંપત્તિને ટાંચમાં લીધી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ માં ૧૫ કમર્શિયલ અને રહેણાંકી સંપત્તિનો પણ સમાવેશ થાય છે. જેમાં એક હોટેલ પણ સામેલ છે જેને મિડવેસ્ટ હોટેલ એપાર્ટમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. મની લોન્ડરિંગ કાયદા અંતર્ગત આવી આશરે ૨૦૩.૨૭ કરોડ રૂપિયાની સંપત્તિને ટાંચમાં લેવામાં આવી છે.

ઈડીએ જણાવ્યું હતું કે આ સંપત્તિ અગાઉ એક કંપનીના નામે હતી જેના માલિક ડીએચએફએલના પ્રમોટર્સ વાધવાન બ્રધર્સ કપિલ વાધવાન અને ધીરજ વાધવાન હતા. તેઓએ આ સંપત્તિને ઈકબાલ મિર્ચીના નામે ટ્રાન્સફર કરી છે. જોકે આશ્ચર્યની વાત છે કે આ વઢવાણ બ્રધર્સ પણ અન્ય એક દીવાન હાઉસિંગ ફાઈનાન્સ લિ. (ડીએચએફએલ)ના મની લોન્ડરિંગ કેસમાં સામેલ છે અને તેમની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૧૩માં ગેંગસ્ટર ઈકબાલ મિર્ચીનું મોત નિપજ્યું હતું. જે દરમિયાન જ આ સંપત્તિ તેના પરિવારના નામે કરાઈ હોવાના અહેવાલો છે. ઈકબાલ મિર્ચી દાઉદ ઈબ્રાહિમને નજીકનો શખ્સ હતો અને લંડન, દુબઈમાં તે મોટા પાયે દાઉદ ઈબ્રાહિમના ગેરકાયદે કામ જોતો હતો.

# મુંબઈના ભિવંડીમાં ૩ માળની બિલ્ડિંગ તૂટી પડતા બાળકો સહિત ૧૩ના મોત

• ફ્લેટમાં રહેવાસીઓ સૂતેલા હતા ત્યારે ઈમારત તૂટી પડી, કાટમાળ નીચે દબાયેલા અનેકને બચાવવામાં આવ્યા



મુંબઈ : પાવરલૂમ સિટી ભિવંડીમાં ત્રણ માળની બિલ્ડિંગનો અમૂક હિસ્સો તૂટી પડતા માસૂમ બાળકો, મહિલા સહિત ૧૨ જણના મોત નિપજ્યા હતા. જ્યારે કાટમાળ નીચે દબાઈ ગયેલા ૨૦થી વધુ જણને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે અન્ય અમૂક રહેવાસી કાટમાળમાં દબાયેલા હોવાનું કહેવાય છે. બિલ્ડિંગનો કાટમાળ ખસેડવાની અને બચાવ કામગિરી હાથ ધરવામાં આવી છે. પોલીસે આ મામલાની નોંધ લઈ વધુ તપાસ શરૂ કરી છે. આ કરૂણ બનાવ બાદ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહપ્રધાન અમિત શાહ, રાષ્ટ્રપતિ, મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરે અને અન્ય રાજકીય નેતાઓએ શોકની લાગણી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત પ્રત્યેક મૃતકના પરિવારના પાંચ લાખ રૂપિયાની મદદ જાહેર કરવામાં આવી છે.

**યોગી સરકારનો વધુ એક આક્રમક ફરમાન**

# યુપીમાં રેપિસ્ટ, છેડતી કરનારાના પોસ્ટર્સ ચાર રસ્તા પર લગાવાશે

લખનઉ : યોગી સરકારે ઉત્તર પ્રદેશમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ પર કાબૂ મેળવવા માટે એક નવું ફરમાન બહાર પાડ્યું છે. યુપી સરકાર હવે આવા ગુનેગારોને અપમાનિત કરશે. બાળકીઓ સાથે રેપ કરનારા, છેડતી અને જાતીય ગુનાઓ કરનારા ગુનેગારોના ચાર રસ્તાઓ પર પોસ્ટરો લગાવવામાં આવશે.

સીએમ યોગી દ્વારા દુરાચારીઓ અને ગુનેગારો વિરુદ્ધ કાર્યવાહી શરૂ થઈ છે. યુપીના સીએમ યોગી આદિત્યનાથે અધિકારીઓને આદેશ આપ્યો કે દુરાચારીઓ, વ્યાવસાયિક ગુનેગારોના પણ ચાર રસ્તાઓ પર પ પેસ્ટરો લગાવવામાં આવે. જેથી લોકો આવા ગુનેગારો વિશે જાણી શકે અને સમાજ તેમનો બહિષ્કાર થાય. એવું માનવામાં આવે છે કે રેપિસ્ટમાં તે જ ગુનેગારોનો સમાવેશ થશે જેને અદાલતે દોષી ઠેરવ્યા હોય. યોગીએ કહ્યું હતું કે મહિલાઓ અને યુવતીઓ પર બળાત્કાર, છેડતી, જાતીય સતામણી કે શોષણ કરનારા ગુનેગારો અને દુષ્કર્મ કરનારાઓના સહાયકોના નામ પણ બહાર આવવા જોઈએ.

# વિશ્વની સૌથી પ્રભાવશાળી ૧૦૦ સેલેબ્રિટીઝમાં પીએમ મોદીનો પણ સમાવેશ થયો

નવી દિલ્હી : અમેરિકાના જગવિખ્યાત સાપ્તાહિક ટાઈમ મેગેઝિને વિશ્વના સૌથી પ્રભાવશાળી ૧૦૦ મહાનુભાવોમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો પણ સમાવેશ કર્યો હતો. જો કે આ સમાવેશ શરતી કહેવાય કારણ કે વડા પ્રધાનના મુસ્લિમો સાથેના વ્યવહાર અંગે ટાઈમે કેટલીક ટીકા કરી હતી. આ યાદીમાં ભારતના અભિનેતા આયુષમાન ખુરાના, ગુગલના સીઈઓ સુંદર પિચાઈ, એચઆઈવી વિશે સંશોધન કરનારા રવીન્દર ગુપ્તા અને શાહીન બાગ ધરણામાં સહભાગી થયેલી મુસ્લિમ મહિલા બિલ્કીસનો પણ સમાવેશ થયો હતો. ટાઈમની આ યાદીમાં ચીનના વડા પ્રધાન શી જીનપીંગ, તાઈવાનના મહિલા રાષ્ટ્રપ્રમુખ ત્સાઈ ઈંગ વેન, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, મૂળ ભારતીય કૂળની અમેરિકી પોલિટિશ્યન કમલા હેરિસ, જો બીડેન, જર્મન ચાન્સેલર એંજેલા મર્કેલ વગેરેનો પણ સમાવેશ આ યાદીમાં થયો હતો.

# અયોધ્યામાં જમીનના ભાવ ઉછળ્યા, એક જ મહિનામાં ભાવ બમણા થયા

અયોધ્યા : કોરોના મહામારીને કારણે એક તરફ આખો દેશ આર્થિક તંગીનો સામનો કરી રહ્યો છે, તો બીજી તરફ અયોધ્યામાં ફક્ત એક જ મહિનામાં જમીનના ભાવ બમણા થઈ ગયા છે. ઓગસ્ટમાં વડા પ્રધાન મોદીના રામજન્મભૂમિ પૂજન બાદથી અયોધ્યામાં જમીનના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. જમીનની કિંમતોમાં ૩૦થી ૪૦ ટકાનો ઉછાળો રામજન્મભૂમિ બાબરી મસ્જિદ કેસમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવી ગયા બાદ જ થયો હતો.

અયોધ્યાના અંતરિયાળ વિસ્તારમાં જમીનની કિંમત દર ચોરસ ફૂટે ૧,૦૦૦થી ૧,૫૦૦ રૂપિયા સુધી પહોંચી ગઈ છે, જ્યારે શહેરના હાર્દસમા વિસ્તારમાં જમીનની કિંમત દર ચોરસ ફૂટે ૨,૦૦૦થી ૩,૦૦૦ રૂપિયા ઉપર પહોંચી છે. રીઅલ એસ્ટેટના જાણકારોના મતે સુપ્રીમ કોર્ટના ચુકાદા પહેલાં કોઈ પણ વ્યક્તિ અયોધ્યા ગામમાં જમીન ચોરસ ફૂટના ૯૦૦ રૂપિયા કરતાં ઓછા ભાવે ખરીદી શકતી હતી. પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અયોધ્યાના વિકાસ માટે કેટલીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાની જાહેરાત કર્યા બાદ જમીનના ભાવ આકાશને આંબવા લાગ્યા છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સરકારે શ્રી સ્ટાર હોટેલ અને ઈન્ટરનેશનલ એરપોર્ટની જાહેરાત કરી દીધી છે.

# પ.બંગાળમાંથી ડીઆરઆઈએ રૂપિયા ૨.૬૫ કરોડના સોના સાથે બે ખેપિયા પકડયા

કોલકાતા : પશ્ચિમ બંગાળના સિલીગુડીમાંથી ડાયરેક્ટરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલીજન્સ (ડીઆરઆઈ)એ બે ખેપિયાઓ પાસેથી રૂપિયા ૨.૬૫ કરોડનું સોનું પાંચ કિલો જપ્ત કર્યુ હતું. પકડાયેલા બંને ખેપિયા બિહારના આરાહના રહેવાસી હોવાનું એજન્સીએ કહ્યું હતું.' તેમણે કબુલાત કરી હતી કે મ્યાંમારની મણીપુર સરહદ મારફતે આ સોનું ભારતમાં ઘુસાડવામાં આવ્યું હતું. આ સોનાને તેઓ કોલકાતા લઈ જવાના હતા'એમ એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું હતું. મળેલી બાતમીના આધારે, ડીઆરઆઈના અધિકારીઓએ મંગળવારે સિલીગુડીમાં એક કારને આંતરી હતી. કારમાં સવાર બંને જણાકોલકાતામાં આવેલાખિદરીપુરના રહેવાસી હતી. જો કે તેઓ મૂળ તો બિહારના રહેવાસી છે. એમ તેમણે કહ્યું હતું.'પૂછપરછ દરમિયાન, પોતે ગુવાહાટીમાંથી આવ્યા હોવાનું કહ્યું હતું.

# બ્રિટનમાં કોરોનાની બીજી ઈનિંગ, એક દિવસમાં ૧૩૦૦૦ કેસ

## પબ, બાર અને રેસ્ટોરાં પર નવેસરથી પ્રતિબંધો લાગુ કરાયા, વર્ક ફ્રોમ હોમ સિસ્ટમ શરૂ કરવા અપીલ

ઈંગ્લેન્ડ : બ્રિટનમાં કોરોના સંક્રમણનો બીજો તબક્કો ખતરનાક રીતે શરૂ થઈ ગયો છે. પીએમ બોરિસ જ્હોન્સન દ્વારા બ્રિટનમાં લોકડાઉન શરૂ કરાયું છે. લોકોને વર્ક ફ્રોમ હોમ કરવાની તેમણે અપીલ કરી છે. પબ, બાર અને રેસ્ટોરાં પર નવેસરથી પ્રતિબંધો લાગૂ કરાયા છે. જો કે તેમણે સંપૂર્ણ લોકડાઉનને બદલે જે સેક્ટર દ્વારા સંક્રમણ વધી શકે છે તેવા સેક્ટર માટે કડક પ્રતિબંધો અમલી બનાવ્યા છે. હોટલોમાં ટેબલ સર્વિસ બંધ કરાઈ છે. બ્રિટનમાં બીજા તબક્કાનાં સંક્રમણને અંકુશમાં લેવામાં નહીં આવે તો એક જ અઠવાડીયામાં ડેથ રેટ વધી શકે છે તેવી ડોકટરોએ ચેતવણી આપ્યા પછી લોકડાઉનનો નિર્ણય લેવાયો છે. હાલ ત્યાં દરરોજ ૧૩૦૦૦થી વધુ નવા કેસ આવી રહ્યા છે. હોસ્પિટલોમાં દર્દીઓ દ્વારા દાખલ થવાનું પ્રમાણ ૮ દિવસમાં બમણું થયું છે. ગુરવારથી રાત્રે ૧૦ કલાકે પબ, બાર અને રેસ્ટોરાં બંધ કરાશે. WHO એ ભવિષ્યમાં તૈયાર થનારી વેકિસનની સપ્લાય અને ડીસ્ટ્રીબ્યુશન સ્કીમ શરૂ કરી છે જેમાં ૧૫૬ દેશ જોડાયા છે. આ સ્કીમને કોવેક્સ નામ આપવામાં આવ્યું છે. વિશ્વનાં ૬૪ દેશો કે જે આર્થિક રીતે સધ્ધર છે તે પણ તેમાં જોડાયા છે. જો કે ચીન અને અમેરિકા તેમાં જોડાયા નથી. WHO આંતરરાષ્ટ્રીય સ્તરે ગાવી નામની સંસ્થા સાથે મળીને કામ કરશે. વેક્સિન પહોંચાડવામાં તેમજ વિતરણમાં કોઈ ગરબડ ન થાય તેનું ધ્યાન રખાશે. આ સ્કીમમાં ગરીબ અને અમીર દેશ પૈસા આપીને એક સાથે જ વેકિસન ખરીદી શકશે. ભારત પણ આ સ્કીમમાં સભ્ય બન્યું છે. ટેડ્રોસનાં જણાવ્યા મુજબ હાઈ રિસ્ક લોકોને પહેલા વેકિસન અપાશે.



### યુકેમાં ફરી કોરોના બેકાબૂ થતાં બીજા રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની શક્યતા

લંડન : કોરોના મહામારીમાં દુનિયાના ૩૧.૨૧ મિલિયન લોકોને કોરોના વાઇરસનો ચેપ લાગ્યો છે અને તેને કારણે ૯,૬૨,૭૦૫ જણાના મોત થયા છે. અમેરિકામાં કોરોના મહામારીમાં મરનારાનો આંક બે લાખે પહોંચ્યો છે તો મેક્સિકોમાં કોરોનાના દર્દીઓની સંખ્યા સાત લાખે પહોંચી છે. બીજી તરફ બ્રિટનના વડા પ્રધાન બોરીસ જહોન્સને જણાવ્યું હતું કે હાલ લાદવામાં આવેલા કોરોના નિયંત્રણો કોરોનાની રસી ન મળે ત્યાં સુધી કે સારવારમાં સુધારો ન થાય તો છ મહિના સુધી અમલમાં રહેશે. યુરોપમાં સ્પેનના પાટનગર માડ્રિડમાં પ્રાદેશિક સરકારે કોરોના મહામારી સામે લડવા માટે લશ્કરની સહાય માગી છે. ગ્રીસમાં એક જ દિવસમાં કોરોનાના નવા ૪૫૩ કેસો નોંધાયા છે તો ઇરાકમાં સરકારે શિયા મુસ્લિમો દ્વારા દર વર્ષે યોજવામાં આવતાં ધામક મેળાવડાં માટે પ્રવેશ ન આપવાનું જણાવ્યું છે.

### વેક્સિન કામ કરશે કે નહીં કોઈ ગેરંટી નથી : WHO

કોરોના વાયરસથી છૂટકારો મેળવવા માટે દુનિયાભરના લોકો કોરોના રસીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પણ આ વચ્ચે વેક્સિનને લઈ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેને એક ઝટકો આપ્યો છે. WHOના પ્રમુખ ટ્રેડોસ અધનોમે મંગળવારે એક નિવેદનમાં કહ્યું કે, કોવિડ ૧૯ માટે જે વેક્સિન પર કામ ચાલી રહ્યું છે, તેની કોઈ ગેરંટી લઈ શકાતી નથી કે તે કામ કરશે કે નહીં. WHOના ચીફે એક વર્ચ્યુઅલ પ્રેસ બ્રીફિંગમાં કહ્યું કે, અમે તેની કોઈ ગેરંટી નથી આપી શકતાં કે દુનિયાભરમાં જે વેક્સિન વિકસિત કરવામાં આવી રહી છે, તે વાસ્તવમાં કામ કરશે. અમે અનેક વેક્સિન કેન્ડિડેટ્સને ટેસ્ટ કરીએ છીએ. વધારે આશા એ છે કે, આપણને એક સુરક્ષિત અને પ્રભાવશાળી વેક્સિન મળી જશે.

### વાયરસ માટે ચીનને જવાબદાર ઠેરવો : ટ્રમ્પ

વોશિંગ્ટન : કોરોના વાયરસ મહામારી મુદ્દે આખી દુનિયા ચીનની સચ્ચાઈ જાણે છે. આથી સંયુક્ત રાષ્ટ્રના મંચ પર ચીન પોતાની કરતૂતો બદલ ફરી એકવાર દુનિયાના સવાલોનો સામનો કરતું જોવા મળ્યું. સંયુક્ત રાષ્ટ્રની ૭૫મી વર્ષગાંઠના અવસરે સામાન્ય ચર્ચા દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ખૂબ પ્રહાર કર્યા. વર્ચ્યુઅલ રીતે આ ચર્ચામાં ભાગ લેતા ટ્રમ્પે કહ્યું કે કોરોના વાયરસના સંક્રમણ માટે સંયુક્ત રાષ્ટ્રએ ચીનને જવાબદાર ઠેરવવું જોઈએ. અમેરિકી રાષ્ટ્રપતિએ વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ની ભૂમિકા ઉપર પણ સવાલ ઊભા કર્યા. તેમણે કહ્યું કે, 'WHO પર ચીનનું સંપૂર્ણ નિયંત્રણ છે. આથી WHOએ વાયરસ વિશે ખોટા નિવેદનો આપ્યા.

### ઈઝરાયેલમાં લોકડાઉનમાં નિયમો કડક બનાવાયા

જેરૂસલેમ : ઈઝરાયેલમાં બીજા તબક્કાનું લોકડાઉન અમલી બનાવાયું છે તમામ બિનઆવશ્યક વેપાર ધંધા બંધ કરવા તેમજ ઓપન એર માર્કેટો બંધ કરવા નિર્ણય લેવાયો છે. ૨૦થી વધુ લોકો એકઠા થવા પર પ્રતિબંધ મુકાયો છે. કોઈપણ વ્યક્તિ તેનાં ઘરથી એકકિ. મી.થી વધારે દૂર જઈ શકશે નહીં. કેનેડામાં કોરોનાનો બીજો તબક્કો શરૂ થયો છે. દુનિયામાં કોરોનાનાં કુલ દર્દીઓની સંખ્યા ૩.૨૧ કરોડને પાર થઈ છે. કોરોનાથી કુલ મૃત્યુઆંક વધીને ૯,૮૩,૨૪૧ થયો છે. WHOએ ગ્લોબલ વેક્સિન એલાયન્સ ગ્રૂપ, GAVI અને CEPIની સાથે મળીને એક મિકેનિઝમ તૈયાર કર્યું છે. જેથી ભવિષ્યમાં જરૂરિયાતમંદ દેશોને સમાન રીતે વેક્સિન ઉપલબ્ધ કરાવી શકાય.

## વિશ્વવ્યાપી કોરોનાએ અમીર-ગરીબ વચ્ચેની ખાઈને ઊંડી કરી દીધી : ILO

• સમૃધ્ધ રાષ્ટ્રો ગરીબ દેશોને મદદ કરવા અત્યારે જ સક્રિય થાય તો વિષમતા ઘટે

જિનિવા : સંયુક્ત રાષ્ટ્રસંઘના શ્રમિક સંબંધી સંગઠન આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (આઈએલઓ) એ કોરોના વાયરસના વિશ્વવ્યાપી ફેલાવાના લીધે અમીર ગરીબ વચ્ચેની ખાઈ વધુ ઊંડી બની હોવા સામે સાવચેતી ઉચ્ચારી છે.

કોરોનાના લીધે વિશ્વભરમાં કામદારોની આવકમાં ભારે ઘટાડો થયો છે. આથી સમૃધ્ધ દેશોએ એમના અર્થતંત્રોમાં સરકારી પૈસા ઠાલવ્યા છે, જ્યારે ગરીબ દેશો એમ કરી શક્યા નથી.

આઈએલઓએ કામદાર-વિશ્વ પર કોરોનાની અસર વિષેના અહેવાલમાં આમ જણાવીને ઉમેર્યું કે ઈ.સ. ૨૦૨૦ ના પ્રથમ નવ માસ (વર્તમાન માસ સપ્ટેમ્બર સુધી) વૈશ્વિક શ્રમિકની આવકમાં ૩.૫ અબજ અમેરિકી ડોલર જેટલો ઘટાડો થયો છે. જે અગાઉના વર્ષની આવકમાં ૧૧ ટકા જેટલો ઘટાડો દર્શાવે છે. જો ક એમા કેટલીક સરકારોએ કરેલા આવક સંબંધી ટેકાનો સમાવેશ કરાયો નથી. ઓછી આવકવાળા દેશો અને અમેરિકાસ્થિત જૂથોને ખાસ અસર થઈ છે. વિકાસશીલ દેશો સમૃધ્ધ રાષ્ટ્રો સાથેના કોરોના અગાઉના એમના આર્થિક તફાવતને જાળવી શકે એ માટે રાહતરૂપે લગભગ એક અબજ અમેરિકી ડોલરની જરૂર પડશે, એમ આઈએલઓએ જણાવ્યું હતું.

## જહોનસન્સ એન્ડ જહોનસન્સ કંપનીનું ૬૦ હજાર લોકો પર ત્રીજું ટ્રાયલ કર્યું

લંડન : પ્રખ્યાત ફાર્માસ્યુટિકલ કંપની જહોનસન અને જહોનસનને કહ્યું છે કે તે તેની કોરોના વાયરસ રસીનું ફેઝ ૩ ટ્રાયલ શરૂ કરી રહ્યું છે. કંપનીના જણાવ્યા અનુસાર પ્રારંભિક તબક્કે વેકસીને સકારાત્મક પરિણામ આપ્યા છે. ફેઝ ૩ ટ્રાયલમાં ૬૦,૦૦૦ લોકો પર રસી અજમાવવામાં આવશે. આ માટે યુએસ અને બાકીના વિશ્વમાં ૨૦૦ જગ્યાઓ પસંદ કરવામાં આવી છે. આ સાથે જહોનસન અને જહોનસનની રસી, ફેઝ ૩ ટ્રાયલમાં પહોંચનારી વિશ્વની દસમી કોરોના રસી બની ગઈ છે. અમેરિકામાં આ ચોથું રસી છે. કંપની આ રસી 'નોટ ફોર પ્રોફિટ' અંતર્ગત વિકસાવી રહી છે. તેમણે કહ્યું કે, જો બધુ બરાબર ચાલે છે, તો ૨૦૨૧ ની શરૂઆતમાં તેને કટોકટી મંજૂરી મળી જશે. જહોનસન અને જહોનસનને કહ્યું કે તેને આશા છે કે ડિસેમ્બર સુધીમાં તે સ્પષ્ટ થઈ જશે કે રસી અસરકારક છે કે કેમ. મોડર્ના અને એસ્ટ્રાઝેનેકાએ પણ આ સમય સુધી રસીની અસર વિશે વાત કરી છે. ફાઈઝરએ જણાવ્યું છે કે તે ઓક્ટોબર સુધીમાં રસીને અપડેટ કરશે. જહોનસન અને જહોનસનની રસી શરદી-ખાંસી એડિનોવાયરસની એક માત્રા પર આધારિત છે. તેમાં નવા કોરોના વાયરસના સ્પાઈક પ્રોટીનનો પણ સમાવેશ છે. કંપનીએ ઈબોલા રસી માટે પણ આ જ તકનીકનો ઉપયોગ કર્યો હતો, જેને આ વર્ષે જુલાઈમાં યુરોપિયન કમિશન દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

## લદ્દાખમાં ઈન્ડિયન ફોર્સ મિરાજ, સુખોઈ, રાફેલ સાથે તહેનાત

લદાખ : એક તરફ વાટાઘાટો અને યુદ્ધ નથી કરવું એવી વાતો અને બીજી તરફ સતત ભારતીય સરહદે અટકચાળા. ચીન વિના કારણે સરહદે ટેન્શન વધારી રહ્યું હતું. ચીનની ચાલને હંફાવવા ભારતીય હવાઈ દળે લદાખ સરહદે પોતાનાં કાબેલ વિમાનોને તહેનાત કર્યા હતા. સુખોઈ, મિરાજ અને તાજેતરમાં ફ્રાન્સ તરફથી મળેલા રાફેલ વિમાનો લદાખ સરહદે સક્રિય થયા હતા અને ચીન પર સતત બાજનજર રાખી રહ્યા હતા. અગાઉના કડવા અનુભવના કારણે હવે ચીન પર સહેલાઈથી ભરોસો કરી શકાય એવું રહ્યું નથી.

લદાખ પાસે ચુમારના હેન્લી હૉલ વિસ્તારમાં ભારતીય હવાઈ દળે પોતાની કુમક ગોઠવી દીધી હતી. શિયાળો બેસવાની તૈયારી છે ત્યારે લાંબા સમયની સતર્કતા માટે ભારતીય હવાઈ દળે તરત પગલા્ લીધાં હતાં. લદાખની આસપાસ બંને દેશોનાં લશ્કરી અધિકારીઓ વચ્ચે એવી ચર્ચા થઈ હતી કે હવે સરહદ પર લશ્કરી કુમક વધારવી નહીં. પરંતુ ચીન વાટાઘાટ કર્યા પછી તરત ફરી જાય છે અને વધુ કુમક મોકલ્યા કરે છે. બંને દેશો વચ્ચે હજુય વાટાઘાટો ચાલુ હતી.



### ભારત યુએસ પાસે એટોમિક્સ એમક્યુ-૯ રિપર ડ્રોન ખરીદવાની તૈયારીમાં

ચીનની સાથે બોર્ડર પર તણાવને જોતાં ભારત પોતાના સુરક્ષા સાધનોની ખરીદીને ઝડપી બનાવી રહ્યું છે. વેપન્સ સિસ્ટમથી લઈ મિસાઈલ ટેક્નોલોજી સુધી ભારતમાં જ ડેવલપ કરવા માટે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. પણ આ વચ્ચે રક્ષા મંત્રાલય અમેરિકા પાસેથી ૩૦ જનરલ એટોમિક્સ એમક્યુ-૯ રિપર ડ્રોન ખરીદવાની તૈયારી કરી રહ્યું છે. એક મેગેઝિનના રિપોર્ટ અનુસાર આ ડીલ લગભગ ૨૨ હજાર કરોડ રૂપિયામાં થઈ શકે છે.

### ડોકલામ નજીક ચીન દ્વારા અણુ બોમ્બર, ક્રૂઝ મિસાઈલ ખડકાયા

લદાખ : લદાખમાં હજારો સૈનિકોને તૈનાત કરી રહેલું ચીન હવે ભારતના પૂર્વી ભાગોમાં તણાવના નવા મોરચા ખોલી રહ્યું છે. ચીને ભૂટાનને અડીને આવેલા ડોકલામ નજીક તેની એચ -૬ પરમાણુ બોમ્બર અને ક્રુઝ મિસાઈલ તૈનાત કરી દીધી છે. ચીન આ વિનાશક શસ્ત્રો તેના ગોલમૂડ એરબેઝ પર જમાવટ કરી રહ્યું છે. આ એરબેસ ભારતીય સરહદથી માત્ર ૧૧૫૦ કિમી દૂર છે. આ પહેલા ચીને આ જીવલેણ બોમ્બરને અક્સાઈ ચીનના કાશગર એરબેઝ પર ગોઠવ્યા હતા. ઓપન સોર્સ ઈન્ટેલિજન્સ વિશ્લેષક ડેટ્રેસ્ફા દ્વારા પ્રકાશિત ઉપગ્રહની તસવીરમાં આ બોમ્બની સાથે કેડી-૬૩ લેન્ડ એટેક ક્રુઝ મિસાઈલ, પણ જોવા મળે છે. આ મિસાઈલની મારક ક્ષમતા લગભગ ૨૦૦ કિ.મી. છે. આ સિવાય એરબેઝ પર શિયાન વાય -૨૦ માલવાહક લશ્કરી વિમાન પણ જોવા મળે છે. ચિની એચ -૬ બોમ્બર લાંબા અંતરના લક્ષ્યોને લક્ષ્યાંકિત કરવા માટે ડિઝાઈન કરાયેલા છે. વિમાન પણ પરમાણુ હુમલો કરવા માટે સક્ષમ છે. યુ.એસ.ના ગુઆમ બેઝને લક્ષ્ય બનાવવા માટે ચીને આ વિમાનનો વિશેષ સમાવેશ કર્યો છે.

# ટેકસાસના કિનારે વાવાઝોડું બીટા ત્રાટક્યું : ભયંકર પૂર

**• ૧૨૫ અબજ ડોલરનું નુકસાન : વાવાઝોડા દરમિયાન ૧૨ ઈંચ વરસાદ ખાબક્યો : આગામી બે દિવસોમાં હવાનું દબાણ નબળું પડતા રહેવાસીઓને રાહત મળશે**

હ્યુસ્ટન : ચાલુ વર્ષમાં નવમું નામ મેળવનાર વાવાઝોડા બીટાએ ટેક્સસાના કિનારે ભારે તબાહી મચાવી હતી. પોર્ટ ઓફ ઓ કોનોરની ઉત્તરે લગભગ આઠ માઈલ દૂર અત્યંત ભારે વરસાદ પડયો હતો. પરિણામે અનેક જગ્યાએ પૂરની સ્થિતિ સર્જાઈ હતી. કલાકના ૭૨ કિમીની ઝડપે પવન ફુંકાયો હતો, એમ યુએસ નેશનલ હરિકેન સેન્ટરે આજે કહ્યું હતું. અનેક દિવસોથી વાવાઝોડું ત્રાટકતા જો કે હવાની ગતિ અને જોર ઓછો થયો હતો. અમેરિકામાં કોઈ વાવાઝોડાને નામ અપાયું હોય તેવું આ નવમો પ્રસંગ હતો. જો કે બીટા શબ્દ ગ્રીક ભાષાનો હોવાનું હવામાન ખાતાએ કહ્યું હતું. હ્યુસ્ટનના હવામાન ખાતાના અધિકારી ડેન રેલીએ કહ્યું હતું કે કદાચ અમારી આગાહીનો આ એક અત્યંત અચોક્કસ ભાગ હશે. બીટાની તકલીફ એ હતી કે તેના કારણે કેટલો વરસાદ પડશેતેની માહિતી મેળવી શકાતી નથી. અગાઉ કેટલાક ભાગમાં ૨૦ ઈંચ વરસાદ પડવાની આગાહી કરાઈ હતી તેને સોમવારે ઘટાડીને પંદર ઈંચ કરાઈ હતી. ટેક્સસાના કિનારાના ગામડાઓમાં લગભગ છ ઈંચ વરસાદ પડવાની શક્યતા છે.છેક દૂરના ટાપુઓમાં બે થી ચાર ઈંચ વરસાદ પડી શકે છે. હવામાન ખાતા અને ઈમર્જન્સી અધિકારીઓએ એ વિસ્તારના રહેવાસીઓને ખાતરી આપી હતી કે બીટા એ હારવે જેવું ભયંકર વાવાઝોડું નથી. હારવે ૨૦૧૭માં ત્રાટકતાં હ્યુસ્ટન એકલામાંજ પચાસ ઈંચ વરસાદ પડયો હતો. એ વખતે વરસાદના કારણે ટેક્સસાને ૧૨૫ અબજ ડોલરનું નુકસાન થયું હતું. બીટા વાવાઝોડું આગામી બે એક દિવસમાં ટેક્સાસ કિનારાથી ઉત્તરપૂર્વ તરફ ફંટાય તેવી શક્યતા હતી. બુધવારે હ્યુસ્ટન-ગાલવેસ્ટન તરફ જાય ત્યારે હવાનું દબાણ ઘટવાની શક્યતા છે.



## જિનપિંગની ટીકા કરનાર ચીનના અબજોપતિને અઢાર વર્ષની જેલ

બેઈજિંગ : કોરોનાવાયરસ સાથે કામ પાર પાડવાના મુદ્દે ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગની જાહેરમાં ટીકા કરવાનું ચીનના અબજો પતિને ભારે પડી ગયું છે. ચીન સરકારની રિયલ એસ્ટેટ કંપની ના પૂર્વ અધ્યક્ષ રેન જીકીઆંગને ભ્રષ્ટાચારના આરોપમાં અઢાર વરસની જેલની સજા ફટકારવામાં આવી છે. આ પહેલા તેમને કોમ્યુનિસ્ટ પાર્ટી માંથી પણ હકી કાઢવામાં આવ્યા હતા.

ચીની એક અદાલતે જીકીઆંગને ભ્રષ્ટાચાર માટે દોષી ઠેરવ્યા છે .તેમના પર કરોડો ડોલરની લાંચ લેવાનો આરોપ હતો. જજે તેમને અઢાર વર્ષની જેલ તેમજ છ લાખ ડોલર દંડ પણ કર્યો છે. કોર્ટે પણ કહ્યું હતું કે તેમણે પોતાના તમામ આરોપો સ્વીકારી લીધા છે.

અમેરિકન મીડિયા ના કહેવા પ્રમાણે ચીનમાં નેતાઓ પર સવાલ ઉઠાવનારા લોકોને ઘણી વખત ભ્રષ્ટાચારનો આરોપ લગાવીને જેલમાં નાખી દેવામાં આવે છે. રેને માર્ચ મહિનામાં એક ઓનલાઈન લેખ હતી જિનપિંગની ટીકા કરી હતી અને લખ્યું હતું કે કોરોનાવાયરસ સાથે કામ પાર પાડવામાં પ્રિન્ટિંગ નિષ્ફળ ગયા છે. એ પછી ચીનની સરકાર હરકતમાં આવી હતી અને ૬૯ વર્ષીય રેઈન પર ભ્રષ્ટાચાર, લાંચ લેવાનો અને પદનો દુરુપયોગ કરવાનો આરોપ મુક્યો હતો.

## દુનિયાની બેન્કોના બે લાખ કરોડ ડોલરના શંકાસ્પદ વ્યવહારો, ઈન્ડિયન બેંકનો સમાવેશ

**• ‘ધ ફાઈનાન્સિયલ ક્રાઈમ્સ એન્ફોર્સમેન્ટ નેટવર્ક‘ના દસ્તાવેજોમાં ઘટસ્ફોટ**

વોશિંગ્ટન : અમેરિકી નાણા વિભાગની તપાસ એજન્સી ‘ધ ફાઈનાન્સિયલ ક્રાઈમ્સ એન્ફોર્સમેન્ટ નેટવર્ક (ફિનસેન)‘ ના લિક થયેલા દસ્તાવેજો પરથી દુનિયાભરની બેન્કોની કાળા નાણા ધોળા કરવા જેવી પ્રવૃત્તિ સામે આવી છે.

પત્રકારોના આંતરરાષ્ટ્રીય સંગઠન ‘ઈન્ટરનેશનલ કોન્સેર્ટિયમ ઓફ ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ (આઈસીઆઈજે)‘ દ્વારા આ દસ્તાવેજો અભ્યાસ કર્યા પછી જાહેર કરવામાં આવ્યું હતું કે મોટા ભાગની બેન્કોએ ડર્ટી મની- બ્લેક મની સાચવવાની સગવડ કરી આપી છે. રિપોર્ટ પ્રમાણે આતંકવાદ, મની લોન્ડરિંગ, ડ્રગ્સના નાણા, કરપ્શન, હથિયારોની હેરાફેરી વગેરેના ગેરકાયદેસર નાણા આ વ્યવહારો દ્વારા સાચવવામાં આવ્યા અથવા તો તેની હેરાફેરી કરવામાં આવી છે. આ રિપોર્ટ પ્રમાણે જગતની અગ્રણી બેન્કો એચએસબીસી, જેપી મોર્ગન, બાર્કલે બેન્ક, સેન્ટ્રલ બેન્ક ઓફ યુએઈ, ડચિશ બેન્ક, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ.. વગેરેએ ગરબડ કરી છે. ૧૯૯૯-૨૦૦૦થી લઈને ૨૦૧૭ સુધીમાં વિશ્વની બેન્કોએ મળીને કુલ ૨ લાખ કરોડ ડોલર જેવી રકમની શંકાસ્પદ રીતે હેરાફેરી કરી છે. અમેરિકન મીડિયા એજન્સી બઝફીડ ન્યુઝ અને આઈસીઆઈજેના ૮૮ દેશોમાં ફેલાયેલા ૧૦૮ મીડિયા સંગઠનના પત્રકારોએ ફિનસેન દ્વારા મોકલવામાં આવેલી નોટીસોનો અભ્યાસ કર્યો હતો. જે નાણાકિય વ્યવહારો શંકાસ્પદ હોય તે અંગે ફિનસેન દ્વારા બેન્કોને ચેતવણી આપવામાં આવતી હોય છે.

## તાસ્માનિયાના દરિયાકાંઠે ૨૭૦ પાઈલટ વ્હેલ ફસાઈ, ૨૫ માછલીઓના મોત

મેક્વીરા : ઓસ્ટ્રેલિયાના તાસ્માનિયા વિસ્તારના મેક્વેરી હાર્બર દરિયાકાંઠે પાઈલટ પ્રજાતિની ૨૭૦ વ્હેલ માછલી ફસાઈ હોવાના સમાચાર મળતાં મરીન બાયોલોજિસ્ટ્સ દ્વારા તત્કાળ રાહત કાર્ય શરૂ કરાયું હતું. જો કે એ પહેલાં પચીસેક વ્હેલ તરફડીને મરણ પામી હતી.

હવાઈ નિરીક્ષણ કરતાં ૭૦ જેટલી પાઈલટ વ્હેલ ફસાઈ હોવાનો અંદાજ આવ્યો હતો. જો કે પાછળથી ખ્યાલ આવ્યો હતો કે ૨૭૦ પાઈલટ વ્હેલ મેક્વેરી હાર્બરના છીછરા કાંઠે ફસાઈ જવા પામી હતી. તાસ્માનિયા સ્ટેટના પાટનગર હોબાર્ટથી આ વિસ્તાર વાયવ્ય ખૂણે ૨૦૦ કિલોમીટર દૂર આવેલો છે. તાસ્માનિયા પાર્ક એન્ડ વાઈલ્ડલાઈફ સર્વિસના રિજ્યોનલ ડાયરેક્ટર નીક ડેવાએ કહ્યું કે આવી ઘટના અવારનવાર બનતી રહે છે. દર બે ત્રણ અઠવાડિયે અમને આવું



બન્યું હોવાના ફોન કોલ મળે છે. પરંતુ પહેલીવાર આટલી મોટી સંખ્યામાં પાઈલટ વ્હેલ ફસાઈ હતી. અત્યાર અગાઉ ૨૦૦૯માં આ રીતે મોટી સંખ્યામાં પાઈલટ વ્હેલ ફસાઈ હતી.

## કેનેડામાં ઈમિગ્રેશન એપ્લી. માટે બાયો મેટ્રીકસની જરૂર નહીં રહે

**• સર્વિસ પોઈન્ટસ અને વિઝા એપ્લીકેશન સેન્ટર્સ બંધ રહેવાને કારણે હજારો અરજીઓ હજુ પડતર રહી**

ઓન્ટેરિયો : કેનેડામાં પરમેનન્ટ રેસીડેન્સ એપ્લીકન્ટસ માટે હવેથી બાયોમેટ્રીકસ જાણકારી આપવી જરૂરી નહીં ગણાય. જેમણે અગાઉ છેલ્લા ૧૦ વર્ષમાં આવી જાણકારી આપી હોય. ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી)એ આ અગાઉ પણ કોરોના વાઈરસની મહામારીને કારણે આવા પગલા લઈ બાયોમેટ્રીકસ જાણકારી માટે વધારાનો સમય આપ્યો હતો. કેનેડામાં અને વિદેશના બાયોમેટ્રીકસ સેન્ટર્સ કયારથી ફરીથી કાર્યરત થશે એ વિશે હજુ જાણકારી મળી નથી. આવા સર્વિસ પોઈન્ટસ અને વિઝા એપ્લીકેશન સેન્ટર્સ બંધ રહેવાને કારણે હજારો અરજીઓ હજુ પડતર રહી છે.

એ પૈકીના ઘણાં અરજદારોએ તો પહેલાની અરજી સાથે બાયોમેટ્રીકસ જાણકારી આપી પણ દીધી હતી. વધુમાં આઈઆરસીસીએ જણાવ્યું હતું કે, કેનેડામાં પરમેનન્ટ રેસીડેન્સ માટેની અરજીઓ વધી રહી છે અને એની પ્રક્રિયા બાયોમેટ્રીકસને કારણે આગળ નથી વધી.

## વિશ્વની સૌથી વૃદ્ધ ૧૧૭ વર્ષની મહિલાનું ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાયું

ટોક્યો : ગિનીઝ બુક ઑફ રેકોર્ડસે કેન તનાકાને દુનિયાના સૌથી જૂના જીવિત વ્યક્તિ તરીકે માન્યતા આપી છે પરંતુ તાજેતરમાં સુપરસેન્ટ્રિયને વધુ એક રેકોર્ડ તોડી દીધો. તેઓ જાપાનની સૌથી વધુ ઉંમર ધરાવતા વ્યક્તિ બની ગયા છે. કેન તનાકા શનિવારે ૧૧૭ વર્ષ અને ૨૬૧ દિવસના થઈ ગયા છે. રેકોર્ડ એક અન્ય જાપાની મહિલા નબી તાજિમાના નામે હતો. જેનું મૃત્યુ એપ્રિલ ૨૦૧૮માં ૧૧૭ વર્ષ અને ૨૬૦ દિવસની ઉંમરમાં થયુ હતુ. કેન તનાકા દક્ષિણ-પશ્ચિમી શહેર ફુકુઓકામાં એક નર્સિંગ હોમમાં રહે છે. સોડા અને ચોકલેટને પ્રેમ કરનાર તનાકાનો જન્મ ૨ જાન્યુઆરી ૧૯૦૩એ ફુકુઓકા શહેરના પૂર્વ ભાગ વજીરોના ગામમાં થયો હતો. તેમણે કોકની બોટલ સાથે સિદ્ધિનો જશ્ન મનાવ્યો અને તેમના ચહેરા પર છપાયેલી ટી-શર્ટ પહેરી. આ તેમના પરિવારના સભ્યો દ્વારા તેમને આપવામાં આવી હતી. તેમના ૬૦ વર્ષીય પૌત્ર ઈજી તનાકાએ એક સમાચાર એજન્સીને

## હું ચૂંટણી હારી જઈશ તો વ્હાઈટ હાઉસ છોડીશ નહીં : ડોનાલ્ડ ટ્રમ્પ

**• અમેરિકાની ચૂંટણીના પરિણામ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી શકે છે, ટ્રમ્પને પોસ્ટલ વોટિંગને લઈને શંકા**

વૉશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નવેમ્બર મહિનામાં યોજાનારી ચૂંટણીમાં હારી જવાની સ્થિતિમાં શાંતિપૂર્ણ રીતે સત્તાનું હસ્તાંતરણ કરવાનો ઈનકાર કરી દીધો છે. વ્હાઈટ હાઉસમાં પત્રકાર સમ્મેલનમાં ટ્રમ્પને પૂછવામાં આવ્યું હતું કે નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં જો તેઓ બીડેન સામે ચૂંટણી હારી જાય છે તો સત્તા ટ્રાન્સફર કેટલી સરળ હશે? તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે કોઈ ગેરંન્ટી નથી આપી શકતો. જોકે, તેમણે તેમ પણ કહ્યું કે,‘ઠીક છે, હજી આપણે તે જોવાનું છે કે પરિણામ શું આવે છે?ક્ષ ટ્રમ્પ ઓપિનીયન પોલમાં પોતાના ડેમોક્રેટિક ઉમેદવાર જો બીડેનથી પાછળ ચાલી રહ્યાં છે. દરમિયાન ટ્રમ્પે ફરી ચૂંટણીના આયોજનની રીત પર પોતાની ફરિયાદો શરૂ કરી દીધી છે. ટ્રમ્પે કહ્યું કે આ વખતે અમેરિકાની ચૂંટણીના પરીણામ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી શકે છે કારણકે તેમણે પોસ્ટલ વોટિંગને લઈને શંકા છે.

## ઉ. કોરિયાએ દ. કોરિયાના એક અધિકારીને ગોળી મારી હત્યા કરી, લાશ સળગાવી દેતા ચકચાર

સિઓલ : ઉત્તર કોરિયા તેની ભયાવહ કાયદા અને ક્રુર માનસિકતા માટે જાણીતું છે. તાજેતરમાં જ ઉત્તર કોરિયાની આ માનસિકતા છતી કરતી એક ઘટના સામે આવી છે. ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયાના એક અધિકારીને ગોળી મારી હત્યા કરી નાખી હતી અને ત્યાર બાદ લાશને આગ લગાડી દીધી હતી. કોરોના વાયરસને ફેલાતો રોકવા માટે ઉત્તર કોરિયાએ આ ભયાનક ઘટનાને અંજામ આપ્યો હતો. દક્ષિણ કોરિયા અને ઉત્તર કોરિયા વચ્ચેના સંબંધો સામ સામે આવે તેવી શક્યતા છે. દક્ષિણ કોરિયાનો આ અધિકારી અંતર-કોરિયાઈ સમુદ્રી સરહદમાં ગેરકાયદેસર રીત માછલી પકડવાની ઘટનાઓ પર નજર રાખવા માટે તૈનાત હતો પરંતુ હોડીમાંથી તે સરકારી અધિકારી લાપતા થઈ ગયો હતો. દક્ષિણ કોરિયાએ ઉત્તર કોરિયાના પર તેના એક અધિકારીની હત્યાનો આરોપ લગાવી ઉત્તર કોરિયાને દોષીતોને સજા આપવાની અપીલ કરી છે.



કેએલ રાહુલના ધુંઆધાર ૧૩૨ રન

# બેંગ્લોર સામે પંજાબની ૯૭ રને જીત વિરાટ સેના ૧૦૯ રનમાં સમેટાઈ

નવી દિલ્હી : દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી IPL મુલાબલામાં કિંગ્ઝ ઈલેવન પંજાબે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને ૯૭ રનથી હરાવી દીધી છે. આ સાથે જ પંજાબે એક હાર બાદ સીઝનમાં પહેલી અને દમદાર જીત મેળવી છે. કિંગ્સ ઈલેવનએ સુકાની કેએલ રાહુલની અણનમ ૧૩૨ રનની મદદથી ત્રણ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. જેના જવાબમાં રોયલ ચેલેન્જર્સની ટીમ ૧૭ ઓવરમાં ૧૦૯ રન બનાવી આઉટ થઈ ગઈ હતી. ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી પંજાબની ટીમના કપ્તાન કેએલ રાહુલની ધમાકેદાર ૧૩૨ રનની ઈનિંગની મદદથી ૨૦ ઓવરમાં ૩ વિકેટ પર ૨૦૬ રન બનાવ્યા. કેએલ રાહુલે આ ધુંઆધાર પારીમાં ૧૪ ચોગ્ગા અને ૭ છગ્ગા લગાવ્યા અને બેંગલુરુની સામે ૨૦૭ રનનો લક્ષ્ય મુક્યો જેના જવાબમાં બેંગલુરુની ટીમ કેએલ રાહુલના સ્કોરને પણ પાર કરી શકી નહી અને ૧૦૯ રન પર સમેટાઈ ગઈ. કિંગ્સ ઈલેવન પંજાબના કેપ્ટન કેએલ રાહુલે ૧૨૮ રન બનાવ્યા હતા. જ્યારે આરસીબીની આખી ટીમ કેએલ રાહુલના સ્કોરને પણ પાર કરી શકી નહીં. આરસીબીની આખી ટીમ થઈને ૧૦૯ રન બનાવી શકી અને ૧૭ ઓવરમાં જ આઉટ થઈ ગઈ. રાહુલે ૬૯ બોલમાં અણનમ ૧૩૨ રન બનાવ્યા, જે તેની કારકિર્દીનો સર્વોચ્ચ સ્કોર પણ છે. તેણે તેની ઈનિંગ્સમાં ૧૪ ચોગ્ગા અને સાત છગ્ગા ફટકાર્યા હતા. તેનો સ્કોર IPLમાં પણ ભારતીય ખેલાડીનો આ સર્વોચ્ચ સ્કોર છે.

'હિટમેન' રોહિત શર્માએ IPLમાં પૂરી કરી 200 સિક્સ

## IPLનો રેકોર્ડ: ૨૦ કરોડ લોકોએ પહેલી મેચ જોઈ

નવી દિલ્હી : કોરોનાના સમયગાળામાં મનોરંજન પણ લોકો માટે દુર્લભ બન્યું છે. આ સંજોગોમાં શનિવારથી આઈપીએલનો પ્રારંભ થતાં આ ટુર્નામેન્ટ દર્શકોમાં લોકપ્રિય બની રહી છે. શનિવારે મુંબઈ અને ચેન્નાઇ વચ્ચે પહેલી મેચ રમાઈ હતી. ૨૦ કરોડ લોકોએ આ મેચ નિહાળી હતી. આ મેચમાં ચેન્નઈએ મુંબઈને પરાજય આપ્યો હતો. બીસીસીઆઈના સચિવ જય શાહે ટ્વીટર પર જાણકારી આપતા કહ્યું હતું કે, આઈપીએલની ઓપનીંગ મેચે નવો રેકોર્ડ બનાવ્યો છે. લગભગ ૨૦ કરોડ લોકોએ આ મેચ જોઈ હતી.

## બેગ્લોરે હૈદરાબાદને ૧૦ રનથી આપ્યો પરાજય

દુબઈ : ઈન્ડિયન પ્રીમિયર લીગની ત્રીજી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરે સનરાઇઝર્સ હૈદરાબાદને ૧૦ રને પરાજય આપીને ટૂર્નામેન્ટમાં શાનદાર શરૂઆત કરી છે. દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં વિરાટની ટીમએ ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં એબી ડિવિલિયર્સ (૫૧) અને દેવદત્ત પડિક્કલ (૫૬)ની અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૬૩ રન બનાવ્યા હતા. જેના જવાબમાં સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમ ૧૯.૪ ઓવરમાં ૧૫૩ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. બેંગલોર તરફથી ચહલે શાનદાર બોલિંગ કરી હતી.

## રાજસ્થાન રોયલ્સે ચેન્નાઈ સુપરકિંગને ૧૬ રનથી હરાવ્યું

શારજાહ: IPL-2020ની ચોથી મેચ શારજાહ સ્ટેડિયમમાં યોજાઇ હતી જેમાં રાજસ્થાન રૉયલ્સે ચેન્નઈ સુપર કિંગ્સને ૧૬ રનથી હરાવી લીગમાં વિજયી શરૂઆત કરી છે. રાજસ્થાને આપેલા ૨૧૭ રનના ટાર્ગેટ સામે ચેન્નઈની ટીમ ૨૦ ઓવરમાં ૨૦૦ રન જ બનાવી શકી હતી. આમ, ઉદઘાટન મેચમાં ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ હરાવનારી ધોનીની ટીમને આ મેચમાં હારનો સામનો કરવો પડ્યો. ચેન્નાઈ તરફથી ફૅફ ડુ પ્લેસીસ સૌથી વધુ ૭૨ રન ફટકાર્યા હતા. જ્યારે એમ એસ ધોનીએ રનનું ૨૯ યોગદાન આપ્યું હતું.

# ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ક્રિકેટર ડીન જોન્સનું મુંબઈમાં હાર્ટ અટેકથી નિધન



નવી દિલ્હી: ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ક્રિકેટર રહેલા અને પ્રખ્યાત કમેન્ટેટર ડીન જોન્સનું નિધન ગુરુવારે થયું છે. પોતાના સમયમાં સ્ટાઈલિશ ક્રિકેટર રહેલા જોન્સનું નિધન મુંબઈમાં હાર્ટ અટેકના લીધે થયું. તેઓ IPLમાં કંમેન્ટ્રી ટીમમાં હતા અને એ માટે તેઓ હાલ મુંબઈમાં હતા. ૫૯ વર્ષના ડીન જોન્સ રમતમાંથી સંન્યાસ લીધાં બાદ કમેન્ટ્રી સાથે જોડાયા હતા. આ સમયે પણ તેઓ આઈપીએલને લઈને ભારતમાં હતા. તેઓ સ્પોર્ટ્સ ચેનલની કમેન્ટ્રી ટીમમાં જોડાયેલા હતા અને મુંબઈમાં હતા. ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ક્રિકેટર રહેલા ડીન જોન્સ ૧૯૮૪ થી ૧૯૯૪ સુધી ઓસ્ટ્રેલિયાઈ ટીમનો ભાગ રહ્યાં છે. તેમણે ઓસ્ટ્રેલિયા તરફથી ૫૨ ટેસ્ટ અને ૧૬૪ વન-ડે મેચમાં ભાગ લીધો છે. ડીન જોન્સ ૫૨ ટેસ્ટ મેચમાં ૪૬.૫૫ની સરેરાશથી ૩૬૩૧ રન બનાવ્યા છે. તેમણે ટેસ્ટ મેચમાં ૧૧ સદી અને ૧૪ અર્ધી સદી ફટકારી છે. તેમનો સર્વોચ્ચ સ્કોર ૨૧૬ રહ્યો છે. જેન્સે ૧૬૪ વન-ડે મેચોમાં ૬૦૬૮ રન બનાવ્યા છે. તેમણે સાત સદી અને ૪૬ અર્ધી સદી લગાવી છે. તેમનો સર્વોચ્ચ સ્કોર ૧૪૫ રહ્યો છે.

અનુસંધાન પાના ૪નું ચાલુ : મોદી સરકારના કૃષિ કાયદાથી...

માલ સંઘરવાની તાકાત છે એવા મગરમચ્છોને જ ફાયદો થશે. નાના ખેડૂતોને તો કોઈ ફાયદો જ નથી. ઊલટાનું એપીએમસી તેમના પાકના નાણાં અપાવવાની ગેરંટી લે છે તે પણ છિનવાઈ જશે. કેમ કે નવા કાયદામાં તો ખેડૂત અને વેપારી વચ્ચે કોઈ વિવાદ થાય તો સરકારી તંત્રના ભરોસે જ રહેવાનું છે.

આ વિવાદમાં મૂળ વાંધો એ જ છે કે, આ કાયદાથી મોટી કોર્પોરેટ કંપનીઓનો પ્રવેશ થશે અને માર્કેટ યાર્ડ બાજુ પર રહી જશે. તેથી ખેડૂતો કંપનીઓની દયા પર જીવતા થઈ જશે. મોદી જે દલીલો કરે એ સૈદ્ધાંતિક રીતે સાચી છે અને પહેલી નજરે તેના કારણે ખેડૂતોને લાભ થતો દેખાય છે. પણ લાંબા ગાળે આ કાયદા ખેડૂતોના ફાયદામાં નથી એ હકકીત છે. આ કાયદાઓના કારણે આપણે ત્યાં એગ્રીકલ્ચર પ્રોડક્ટ્સ માર્કેટિંગ કમિટી (એપીએમસી)નું જે માળખું ઊભું થયું છે તે વેરવિખેર થઈ જશે અને સરવાળે ગામડાં તૂટી જશે. એપીએમસી રાજ્ય સરકારોના કાયદા હેઠળ કામ કરે છે. આ કાયદા હેઠળ દરેક એપીએમસી અથવા તો માર્કેટ યાર્ડને ગામડાં ફાળવેલાં હોય છે.

પંજાબ-હરિયાણામાં તો આ માર્કેટ યાર્ડ ગામડાંના વિકાસમાં મોટું યોગદાન આપે છે. અહી ગ્રામીણ વિકાસ કર વસૂલાય છે. આ રકમ ગામડાંના વિકાસ માટે વપરાય છે તેથી આ મંડીઓ સામાજિક વિકાસમાં પણ યોગદાન આપે છે. હવે નવા કાયદા પ્રમાણે જેની પાસે પરમેનન્ટ એકાઉન્ટ નંબર (પાન) હોય એવી કોઈ પણ વ્યક્તિ ખેડૂત પાસેથી માલ ખરીદી શકશે. એ લોકો ચોક્કસ ખેડૂતોને ઊંચા ભાવ આપી શકશે કેમ કે તેમણે મંડીનો ટેક્સ કે બીજા વેરા ચૂકવવાના નથી. આ દૃષ્ટિકોણથી ખેડૂતને ફાયદો થતો લાગે પણ લાંબા ગાળાનું વિચારીએ તો ખેડૂતો નુકસાનમાં રહે તેવી શકયતા પણ વર્તાય રહી છે. હાલ વિપક્ષ અને અનેક ખેડૂતો સંગઠનો આ મુદ્દે આંદોલન છેડી ચૂક્યા છે. તેથી માહોલ ગરમાયો છે.



# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

### Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.
- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FREE LASER WHITENING

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.century21.ca/niraj.pancholi

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience

Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



## MOTEL KING : Specializing in Selling MOTELS with Proven Record

| | | |
|---|---|---|
| **29 ROOM MOTEL – Hwy 11, Near Cochrane**<br>With huge 5 BR house, year round business, busy in winter &summer, only motel in town, no competition. City water & sewer.<br>Gross Rev: about $350K<br>Asking Price: $1,100,000 | **18 ROOM MOTEL – Near Pembroke**<br>With 3 BR house, spent over $150K in room renovation, no competition, located near Pembroke, about 4 hrs form Toronto and 1.5 hrs form Ottawa<br>Asking Price: $799,000 | **12 ROOM MOETL – Near North Bay**<br>With 3 BR house, updated rooms, very well maintained, located within town with city water & sewer, close to all amenities.<br>Asking Price: $849,000 |
| **OTHER MOTELS FOR SALE**<br>@ Near Niagara Falls - $2.2 M to $5M<br>@ Near London, Sarnia - $900K to 2M<br>@ Near Owen Sound/Tobermory - $1M to $2.5M | **40+ ROOM MOTEL** 4 HRS East $2.2M<br>**40+ ROOM MOTEL** Northern Ontario - $ 1.3M | **12 ROOM MOTEL** Hwy 7, Near Peterborough<br>Renovated & upgraded Motel including New Furnace heating. 10 Rooms have Kitchenette, high demand for Monthly Customers. Seller's Financing Available. Asking: $799,000 |
| **OTHER FRANCHISE MOTELS FOR SALE**<br>Call for more info. | **27 ROOM MOTEL** Thunder Bay $2.1M<br>**60+ ROOM MOTEL** Thunder Bay $2.3M | **15 ROOM MOTEL B/W LONDON & SARNIA**<br>Just off Hwy 402 with 4.8 Acres commercial Lot. 5 Rooms have Kitchenette. Many rooms given on Weekly & Monthly. Closed Restaurant, can be used as Party or Banquet Room. Asking: $999,000 |
| **PRINCIPAL BUYES ONLY:** to sign confidentiality agreement on particular motels.<br><br>**Due to COVID-19:** Getting loan is tough, call for down payment requirements & mortgage options. | **MOTELS on Hwy 17, Sudbury to Sault Ste Marie**<br>@14 ROOM & REST VTB available Asking $699K<br>@30+ROOM VTB available Asking $2M<br>Other Motels also available on same road | **FRANCHISE MOTELS & HOTELS FOR SALE**<br>@ 40+ ROOM MOTEL North Ontario - $3.8M<br>@ 70+ ROOM MOTEL 3 Hrs - $4.5M<br>@ 50+ ROOM MOTEL 3 Hrs - $4.5M<br>@ 60+ ROOM MOTEL 6 Hrs North - $3.5M |

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke